MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૧૭-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના વાયરસનું મૂળ શોધી કાઢ્યાનો ગુજરાતના સરકારનો દાવો

3 દુનિયામાં ૧.૩૪ લાખ લોકોના કોરોનાથી મોત: પોઝિટિવ કેસો ૨૦ લાખને પાર

7 રાજ્યમાં તમામ કારીગર વર્ગ માટે રાહત પેકેજ જાહેર કરવા કરાઈ માંગ

12 રાજપીપળા સહીત નર્મદા જીલ્લામા કોરોના પોઝીટીવ ના નવા ૭ કેસ ઉમેરાતા કુલ સંખ્યા ૯ પર પહોંચી

કોરોના ટેસ્ટીંગની સંખ્યા વધારી હોવાથી કેસો વધારે બહાર આવ્યાં : સરકારનો બચાવ

કોરોનાએ ગુજરાતમાં એક જ દિવસમાં સદી ફટકારી, ૧૦૫ કેસો નોંધાયા

વધુ ૧૦૫ પોઝિટિવ કેસો સાથે રાજ્યમાં કુલ આંકડો ૮૭૧એ,વધુના ત્રણના મોત સાથે મૃત્યુઆંક ૩૪ પર પહોંચ્યો,અમદાવાદ શહેરમા વધુ ૪૨ પોઝિટિવ કેસ, ૧નું મોત,કોરોનાને વધતો રોકવા સુરતમાં પણ કર્ફ્યુ

સૌથી વધુ અમદાવાદમાં ૪૨, સુરત ૩૫, વડોદરા ૬, ભાવનગર ૪, આણંદ ૮, નર્મદા ૪, ગાંધીનગર, ખેડા અને પંચમહાલ એક એક કેસ,કચ્છ, બોટાદમાં એક-એક પુરૂષ અને અમદાવાદમાં એક વૃદ્ધ મહિલાનું મૃત્યું થયું

ગાંધીનગર

ગુજરાતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસનો હાહાકાર વધ્યો હોય તેમ આજે એક જ દિવસમાં કોરોનાના કેસોએ સેન્ચ્યુરી ફટકારી હોય તેમ ૧૦૫ કેસો બહાર આવ્યાં હતા. જેમાં ૪૨ કેસો તો એકલા અમદાવાદના હતા. ગુજરાતમાં લોકડાઉન-૨ બાદ કોરોના પોઝીટીવના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે તેના કારણોમાં સરકારે એવો બચાવ કર્યો કે સરકારે કોરોની ટેસ્ટીંગની સંખ્યા વધારી હોવાથી કેસો વધારે બહાર આવ્યાં છે. અને હવે લગભગ રોજના ૧૦૦ નવા કેસો બહાર આવી શકે એમ આરોગ્યમંત્રી નીતિન પટેલનું માનવુ હતું. આજે વધુ ૩ મૃત્યુ સાથે કોરોનાથી મરનારાઓની સંખ્યા ૩૬ પર પહોંચી હતી. સરકારના મતે, કોરોનાના હોટસ્પોટ વિસ્તારમાંથી વધારે કેસો આવી રહ્યાં છે. બીજી તરફ અમદાવાદ બાદ હવે સુરતમાં પણ કોરોનાને આગળ વધતો રોકવા કર્ફ્યુ લાદવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં નવા જિલ્લાઓમાં પણ કોરોનાએ એન્ટ્રી મારી છે. અને નર્મદા જિલ્લામાંથી પણ કેસ નોંધાયો છે.

રાજયમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. બોટાદમાં વધુ ત્રણ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે જ કુલ પોઝિટિવ દર્દીનો આંક ૮૭૪ થયો છે. આ પહેલા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૫ નવા કેસ થયા છે. જેમાં ૪૨ અમદાવાદમાં, ૩૫માં સુરત કેસ નોંધાયા છે. રાજયમાં કુલ ૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે ત્રણ નવા મોત સાથે મૃત્યાંક ૩૬ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૯૭૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે અત્યારસુધીમાં ૨૦૨૦૪ ટેસ્ટ થયા હોવાનું આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે સવારની બ્રિફિંગમાં જણાવ્યું હતું.

ગુજરાતમાં કોરોના સતત પ્રસરી રહ્યો છે અને રાજયના ૨૩ જિલ્લામાં પહોંચી ગયો છે. કોરોનાના પગલે કચ્છમાં પહેલું મોત થયું છે. આ સાથે જ રાજ્યનો કુલ મૃત્યુઆંક ૩૬ થયો છે. જ્યારે કુલ ૮૭૧ દર્દીઓમાંથી ૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે આમ બુધવાર સાંજ સુધીમાં ૭૯૧ કેસ નોંધાયા હતા અને જે વધીને હવે ૮૭૧ થયા હતા.

તેમણે જણાવ્યું હતું કે, કાલે રાતથી આજે ગુરૂવારની સવાર સુધી નવા કુલ ૧૦૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૪૨ નવા

અનુ. પાના નં. ૬ પર

હવે રોજ કોરોનાના ૧૦૦ કેસ પોઝિટિવ આવશેઃ નીતિન પટેલનું નિવેદન

નવા ૧૬૫ કેસો નોંધાતા ખળભળાટ
મહારાષ્ટ્ર કોરોના બેકાબૂ: સંક્રમિતોનો આંકડો ૩૦૦૦ને પાર, ૧૮૭ લોકોના મોત

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોનાનો રોગચાળો દિવસે દિવસે વકરી રહ્યો છે. લોકડાઉન ૩મે સુધી લંબાવવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં ૧૫મીએ નવા ૨૩૨ કોરોનાના દર્દી નોંધાતા રાજ્યમાં સંખ્યા વધીને ૨૯૧૬ થયો છે. આજે સવારમાં નવા ૧૬૫ કેસો વધતાં આંક ૩૦૮૧એ પહોંચ્યો છે. આજે ૯ દરદીનું મોત થતા મહારાષ્ટ્રમાં મરણાંક ૧૮૭ થયો હોવાનું રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું.

મૃતક થયેલા ૯ દરદી પૈકી બે મુંબઈમાં, ૬ પુણેમાં અને અકોલોમાં ૧ દરદીનો સમાવેશ થાય છે. આમાં પુરુષ ૬ અને મહિલા ૩ દરદીનો સમાવેશ થાય છે. મૃતકોમાં ૬૦ વર્ષથી ઉંમરના ૪ દરદી, ૪૦થી ૬૦ વર્ષ સુધીના ૩ દરદી અને ૪૦ વર્ષની નીચેના ૨ દરદીનો સમાવેશ થાય છે. એમ રાજેશ ટોપેએ જણાવ્યું હતું. જો કે આજે ૩૬ દરદી સાજા થયા હતા. આથી અત્યાર સુધી રાજ્યભરના ૨૯૫ દરદીઓ સાજા થઈને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાયા હોવાનું રાજેશ ટોપેએ જણાવ્યું હતું.

રાજ્યમાં ૨૯૧૬ કોરોના દરદી છે. એમાં મુંબઈમાં ૧૮૯૬ દરદી, થાણેમાં ૧૦૯, નવી મુંબઈમાં ૬૮ દરદી, કલ્યાણ-ડોમ્બિવલીમાં ૫૦ દરદી, મીરાં ભાઈંદરમાં ૫૧, માલેગાવમાં ૪૮, પુણેમાં ૩૭૨, પિંપરી ચિંચવડમાં ૩૫, બુલઢાણામાં ૨૧ દરદી, નાગપુરમાં ૫૬ અને અન્ય રાજ્યના ૧૧ દરદીનો સમાવેશ થાય છે, એમ પ્રધાન રાજેશ ટોપેએ જણાવ્યું હતું.

દરમિયાન મુંબઈમાં ગત થોડાક દિવસથી દરરોજ વધતા કોરોના દરદી પૈકી આજે દરદીઓમાં ઘટાડો નોંધાયો છે. તેમજ મૃતકનો આંક ખાસ નથી. આજે નવા ૧૮૩ દરદી નોંધાતા

અનુ. પાના નં. ૬ પર

કુલ સંક્રમિતોનો આંકડો ૧૨૩૮૦એ પહોંચ્યો, ૧૪૮૯ લોકો સ્વસ્થ થયા
દેશમાં ૨૪ કલાકમાં ૭૦૦થી વધુ કોરોના પોઝિટિવ કેસોઃ મૃત્યુઆક ૪૦૦ને પાર

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાનો કહેર ચાલી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયનાં આંકડાઓ પ્રમાણે દેશમાં કોરોનાનાં અત્યાર સુધી ૧૨,૩૮૦ કેસ આવી ચુક્યા છે. જેમાંથી ૧૪૮૯ લોકો ઠીક થયા છે અને ૪૧૪ લોકોનાં મોત થયા છે. બીજા ફેઝનાં લોકડાઉનનો આજે બીજો દિવસ છે, પરંતુ મહારાષ્ટ્રમાં ૧૬૫, ગુજરાતમાં ૧૦૫, મધ્ય પ્રદેશમાં ૪૨, રાજસ્થાનમાં ૨૫, ઉત્તર પ્રદેશમાં ૧૯ અને પશ્ચિમ બંગાળમાં કોરોનાનાં ૧૮ દર્દીઓ મળી આવતા હજુ પણ કોરોનાનો ખતરો દેશ પર યથાવત છે.

ભારતમાં ૩ મે સુધી લોકડાઉન વધારી દેવામાં આવ્યું છે. કેટલાક લોકો લોકડાઉનને જ કર્ફ્યૂ કહી રહ્યા છે, પરંતુ હકીકત એ છે કે લોકડાઉન અને કર્ફ્યૂ વચ્ચે અંતર છે. અમદાવાદમાં કોટ વિસ્તારો અને સુરતનાં કેટલાક વિસ્તારોમાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યું છે જ્યાં કોરોનાનાં સૌથી વધારે કેસો સામે આવ્યા છે. ગુજરાતમાં સૌથી વધારે અમદાવાદમાં ૪૯૨ કોરોનાં કેસ નોંધાયા છે.

અનુ. પાના નં. ૬ પર

છૂટછાટના અમલ માટે જિલ્લા કલેકટરોના અધ્યક્ષસ્થાને ૭ સભ્યોની કમિટી બનાવી
રાજ્યમાં બાંધકામ સહિતની ઔદ્યોગિક અને આર્થિક પ્રવૃત્તિને ૨૦મી એપ્રિલથી શરતી મંજૂરી અપાશે

- **કોઈપણ વ્યવસ્થાઓનું ઉલ્લંઘન કે ભંગ થશે તો મંજૂરી પરત લઈ ઉદ્યોગ વાણિજ્યિક એકમો બંધ કરાવી દેવાશે**
- **સોશિયલ ડીસ્ટન્સિગ, સ્ટેગર્ડ લંચ ટાઈમ, સ્ટેગર્ડ એન્ટ્રી અને એક્ઝીટ ટાઈમનું પાલન કરવું પડશે**
- **સ્વરોજગારી મેળવનારા લોકોએ પણ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાનું રહેશે**
- **થર્મલ ગન,ફરજિયાત માસ્ક જેવી તકેદારી રાખવી પડશે**

ગાંધીનગર

હાલ કોરોનાએ ગુજરાતમાં હાહાકાર મચાવ્યો છે અને અત્યાર સુધીમાં કોરોનાના ૮૭૪થી વધુ દર્દી નોધાઈ ચૂક્યા છે. કોરોનાને કાબૂમાં લેવા હાલ સમગ્ર દેશમાં લોકડાઉન પાર્ટ-૨ ચાલી રહ્યું છે. આ સંદર્ભે ભારત સરકારે લોકડાઉનનો સમયગાળો ૩ મે સુધી લંબાવ્યો છે. રાજ્યમાં પણ ૩ મે સુધી લોકડાઉન અમલમાં રહેવાનું છે. ભારત સરકારે વાણિજ્યિક અને ઉદ્યોગ સંબંધિત છૂટછાટો ૨૦ એપ્રિલથી અમલમાં આવે તે રીતે જાહેર કરી છે, તેના અનુસંધાને ગુજરાતમાં પણ આવી છૂટછાટો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ છૂટછાટ કન્ટેઈનમેન્ટ ઝોન સિવાય લાગુ કરવામાં આવશે. ફેક્ટરીમાં આરોગ્યલક્ષી સૂચનોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. તેમજ મનરેગા હેઠળ ગામમાં કામો શરૂ કરાશે. શહેરી વિસ્તારમાં બાંધકામ પણ શરૂ થશે.પંરતુ સાઈટ પર શ્રમિકને રહેવા-જમવા જેવી સુવિધા પૂરી પાડવી પડશે. મોટર મિકેનિક, પ્લમ્બર સહિતના સ્વરોજગાર ધરાવતા

અનુ. પાના નં. ૬ પર

૨૦૭ જિલ્લા એવા છે જેમાં સંક્રમણ ફેલાવવાનો ડર, આખું દિલ્હી રેડ ઝોનમાં
કોરોનાથી પ્રભાવિત દેશના ૧૭૦ જિલ્લાઓ હોટસ્પોટ જાહેરઃ સૌથી વધુ તમિલનાડુના ૨૨

ન્યુ દિલ્હી

કોરોનાથી પ્રભાવિત દેશના ૧૭૦ જિલ્લાઓને હોટસ્પોટ (રેડ ઝોન) જાહેર કરવામાં આવ્યા છે. તેમાં ૬ મેટ્રો સિટી- દિલ્હી, મુંબઈ, બેંગ્લુરુ, ચેન્નાઈ, કોલકાતા અને હૈદરાબાદનો સમાવેશ થાય છે. તમિલનાડુના સૌથી વધુ ૨૨ જિલ્લાને આ લિસ્ટમાં રાખવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન અને આંધ્ર પ્રદેશ પોત-પોતાના ૧૧ જિલ્લા સાથે બીજા નંબરે છે. જ્યારે દિલ્હીના તમામ ૯ જિલ્લા હોટસ્પોટ શહેરોમાં સામેલ કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ અને ગુજરાતના ૫-૫ જિલ્લા પણ હોટસ્પોટની શ્રેણીમાં છે. ૨૦૭ જિલ્લાઓને નોન હોટસ્પોટ (વ્હાઈટ ઝોન) અને ૩૫૯ને ગ્રીન ઝોનમાં રાખવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, હોટસ્પોટ અથવા રેડ ઝોનમાં એવા જિલ્લા અથવા શહેર છે, જ્યાં દેશ અથવા રાજ્યના ૮૦ ટકાથી વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. તે સાથે જ એવા સ્થાન છે જ્યાં સંક્રમણ વધારે છે અને ૪ દિવસથી ઓછા સમયમાં કેસ ડબલ થઈ રહ્યા છે. તેમને પણ હોટસ્પોટ માનવામાં આવશે. જ્યારે ગ્રીન ઝોનમાં તે એરિયા

અનુ. પાના નં. ૬ પર

૬ લાખથી વધુ પોઝિટિવ કેસ, ૩૦ હજારથી વધુના મોત નિપજ્યા
અમેરિકામાં મહામારીની માર: કોરોનાથી ૨૪ કલાકમાં ૨૬૦૦ના મોત

અમેરિકામાં સૌથી ખરાબ સમય ખત્મ, અર્થતંત્રને પુનઃ પાટા પર લાવવા માટે સરકાર પ્રતિબદ્ધઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસના કેસ તેની ટોચથી વધુ વધી ગયા છે અને હવે આગામી દિવસમોમાં કેટલાટ સ્ટેટ્સને પુનઃ ખોલવાની પ્રક્રિયા હાથ ધરાશે તેમ અમેરિયાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે. અમેરિકામાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૬,૪૪,૦૦૦ પોઝિટિવ કેસ



નોંધાયા છે અને ૩૦,૮૪૪થી વધુ લોકોના મોત થયા છે. કોરોના વર્લ્ડોમીટર મુજબ યુએસમાં કોઈપણ દેશમાં કોરોનાના સૌથી વધુ કેસો નોંધાયા છે. અમેરિકાની વાત કરીએ તો અહીં ૨૪ કલાકમાં ૨૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ અગાઉ બુધવારે, કોરોના વાયરસને કારણે યુ.એસ. માં ૨,૨૨૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એક દિવસમાં અત્યાર સુધીમાં આ સૌથી વધુ મોત થયા છે.

બુધવારે કોરોના વાયરસ અંગેની માહિતી આપતા ટ્રમ્પે જણાવ્યું કે ગુરુવારે યુએસમાં કેટલાક સ્ટેટ્સને રીઓપન કરવાની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે અને અમેરિકાના અર્થતંત્રને પુનઃ પાટા પર લાવવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. ટ્રમ્પે સંબોધનમાં જણાવ્યું કે, 'આપણે વાપસી કરીશું, આપણે આપણા દેશને ફરી ધબકતો બનાવવો છે.'

અગાઉ યુએસ પ્રેસિડેન્ટે

અનુ. પાના નં. ૬ પર

લૉકડાઉન કોરોનાનો ઈલાજ નથી,સરકાર રાજ્યોને પૈસા આપે
કોરોનાથી દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ, લોકડાઉન પર્યાપ્ત પગલું નથીઃ રાહુલ ગાંધી

મોદી સરકાર કોરોના વાયરસ સામે લડવા વાયનાડ મોડલને અપનાવે,આપણે અર્થવ્યવસ્થાના સ્તર પર તૈયાર રહેવું જોઈએ,આપણે એક ગંભીર સ્થિતિમાં,બધા રાજકીય પક્ષો એક સાથે મળીને આગળ આવે

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ સતત વધી રહ્યું છે, દર્દીઓની સંખ્યા વધી રહી છે. આ વચ્ચે વિપક્ષ તરફથી સતત અવાજ ઉઠાવામાં આવી રહ્યો છે કે ગરીબો માટે આર્થિક મદદને લઈને જાહેરાત કરવી જોઈએ. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ મામલે આજે પત્રકાર પરીષદ યોજીને જણાવ્યું કે આપણે એક ગંભીર સ્થિતિમાં છે, બધા રાજકીય પક્ષોએ એક સાથે આગળ આવવું જોઈએ. કોરોનાથી લડવા માટે કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકારને બે સુચન કર્યા છે. જેમાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે કોરોનાને હરાવવા માટે આપણે બે સ્તર પર કામ કરવું જોઈએ. પહેલું કામ અર્થવ્યવસ્થા અને બીજુ મેડિકલ. રાહુલે મોદી સરકારને કેરળના વાયનાડ મોડલને અપનાવવાની સલાહ આપી. રાહુલ ગાંધીએ મોદી

અનુ. પાના નં. ૬ પર

ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કોરોનાનું વંશસૂત્ર 'જીનોમ' શોધી લીધું

કોરોના વાયરસનું મૂળ શોધી કાઢ્યાનો ગુજરાતના સરકારનો દાવો



કોવિડ-૧૯ની દવા, રસી અને આડ અસર સહિતની બાબતો શોધવી સરળ બની રહેશે,બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કરેલી શોધથી માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે દુનિયાના ટોચના વૈજ્ઞાનિકો જે શોધવામાં રહ્યા અસફળ,ગુજરાતને મળી સફળતા,મુખ્યમંત્રીના ટ્વિટર પેજ પર આની માહિતી આપવામાં આવી

ગાંધીનગર

સમગ્ર દેશમાં ગુજરાતની સરકારી લેબોરેટરીએ કોરોના વાઇરસને કાબુમાં લઈ શકાય અને તેનું ઝડપી નિદાન તથા ઉપચારમાં મદદ મળે તેવી એક શોધ કરવામાં સફળતા મેળવી છે. જે ભારત સહિત આખી દુનિયા માટે ઉપયોગી નિવડી શકે તેમ છે. આ શોધને ગુજરાતની એક મહત્વની શોધ તરીકે માનવામાં આવી રહ્યું છે. હાલમાં કોરોના વાઈરસે દુનિયાભરમાં કાળો કેર મચાવ્યો છે. ભારતમાં પણ સરકારો દ્વારા તેના કારણે લોકડાઉન જેવા કડક પગલાં લઈને તેને પ્રસરતો અટકાવવા પ્રયાસ થઈ રહ્યા છે. આમછતાં રોજેરોજ રાજ્યમાં કેસો વધી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારની ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે (GBRC) કોરોનાનું વંશસૂત્ર શોધી લીધું છે અને તેનું જીનોમ સીકવન્સ શોધી લેવાયું છે. તેના કારણે કોરોનાથી પીડિત આખી દુનિયાને આશીર્વાદરૂપ બનશે. CMOના ટ્વિટર પેજ પર આની માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત બાયો ટેક્નોલોજીએ શોધેલા કોરોનાના રંગસૂત્ર એટલે કે જીનોમ સીકવન્સથી કોરોના વાઈરસ કોવિદ ૧૯ની દવા, રસી અને આડ અસર સહિતની બાબતો શોધવી સરળ બની રહેશે. ઉલ્લેખનીય છે કે વિશ્વભરના ટોચના વૈજ્ઞાનિકો કોરોના વાઈરસની માહિતી મેળવવામાં અસફળ રહ્યા હતા. ત્યારે ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરે કરેલી શોધથી માનવજાત માટે આશીર્વાદરૂપ બનશે.

GBRCના ડાયરેક્ટર પ્રો. ચૈતન્ય જોશીએ આ શોધની માહિતી મીડિયાને આપતાં જણાવ્યું હતું કે, ન્યુકલિક એસિડ ડીએનએ અથવા તો આરએનએ હોઈ શકે છે. માણસમાં ન્યુક્લિક એસિડ હોય છે એ ડીએનએ હોય છે. જ્યારે ઘણા વાઈરસમાં ડીએનએ અને ઘણા વાઈરસમાં આરએનએ સંરચના હોય છે. કોરોના વાઈરસની સંરચના આરાર્અનએ (રાઈબોન્યુકિલિક એસિડ) છે. માણસ, પશુ કે વનસ્પતિ દરેકની સંરચના સંપૂર્ણપણે ન્યુક્લિક એસિડ હોય ડીએનએના આધારે નક્કી થતી હોય છે. તેવી જ રીતે વાઈરસની સંરચના તેમજ તેની પ્રકૃતિ ન્યુક્લિક એસિડના આધારે નક્કી થતી હોય છે.

કોમ્પ્યુટરથી લેબોરેટરી સુધીની ચકાસણી ઝડપી બનશે એમ કહીને તેમણે ઉમેર્યું કે, આ સંરચનાનો અભ્યાસ કરવામાં આવે તેની પ્રકૃતિ સમજવામાં આવે તો વાઈરસને કેવી રીતે ટેકલ કરવો, તેને હેન્ડલ કરવો જેથી તેની રોગ પ્રસરવાની તીવ્રતા છે તેને કેવી રીતે ઘટાડી શકીએ કે નાબૂદ કરી શકીએ એ સમજી શકીએ છીએ. તેની સામે કોઈ દવા આપણે બનાવી હોય તો તે દવા અસરકારક રહેશે કે નહીં કોમ્પ્યુટર લેવલે તેને ચકાસી શકીએ છીએ. કોમ્પ્યુટર લેવલે ચકાસ્યા પછી તેને લેબોરેટરી લેવલે ચકાસી શકીએ છીએ. ત્યારબાદ તેને એક્ચુઅલ ટ્રાયલમાં લઈ શકીએ છીએ. જ્યાં સુધી આપણી પાસે તેના ન્યુક્લિક એસિડની સંરચના હાજર હોય તેને કોમ્પ્યુટર લેવલે દવા કામ કરશે કે નહીં તે લેબોરેટરીમાં પ્રયોગ કરીએ જે તે સમયે એક કમ્પાઉન્ડ કે બે કમ્પાઉન્ડ કે પાંચ કમ્પાઉન્ડનો પ્રયત્ન કરી શકીએ છીએ. તેની સામે જીનોમ સંરચના આપણી પાસે હાજર હોય તો કોમ્પ્યુટર લેવલે જ આપણે હજારો નહીં પણ મિલિયન્સ ઓફ કમ્પાઉન્ડ એની સાથે ટેસ્ટ કરી શકીએ. ટેસ્ટ બાદ કયું કમ્પાઉન્ડ કામ કરશે તેને નેરોડાઉન કરીએ અને જે ઈફેક્ટવલી કમ્પાઉન્ડ મળે એને જ આપણે લેબોરેટરી લેવલે લઈ શકીએ છીએ જેમાં આપણને સફળ થવાના ચાન્સિસ છે.

અત્યારે જે કામ કરવામાં આવ્યું છે એ બેઝિક લેવલનું એટલે પાયાના સ્તરનું છે. વાઈરસ હોય તેને ખરેખર પેશન્ટમાંથી વાઈરસ આઈસોલેટ કરીને સંરચના તપાસીએ છીએ. માણસ પ્રાણીઓ કે વનસ્પતિ ન્યુટ્રિશનમાં ચેન્જિસનો રેટ ઓછો હોય. પરંતુ જેમજેમ નીચે જઈએ તેમ બેક્ટેરિયા ન્યુટ્રિશનમાં રેટ ઓછો હોય છે. વાઈરસ સંરચના બદલતો રહે છે તેને સર્વાઈવ થવું હોય નવું વાતાવરણ બદલાય અને તેમાં ટકી રહેવું હોય. ડ્રગ્સ ડેવલપ કરેલું હોય વેક્સિન ડેવલપ કરેલું હોય ત્યારે તેની સંરચનામાં ફેરફાર કરીને પ્રયત્ન કરતું રહે છે. આપણે વાઈરસની સ્ટડી કરીએ તો જે પણ ચેન્જિસ હોય તેની સામે આપણે કઈ દવા વધુ અસરકારક રહેશે અને કયુ વેક્સિન બની શકીએ તે આપણે સમજી શકીએ.

તેમણે એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે, અત્યારે અમે એક પેશન્ટમાંથી વાઈરસના જીનોમ-સંરચના નક્કી કરી છે. તેની અંદર અમને જે ન્યુટ્રિશન મળ્યા છે. તેના ઉપર અમે અભ્યાસ શરૂ કર્યો છે. ઉપરાંત ગુજરાતભરમાંથી અલગ અલગ લોકેશન પરથી સેમ્પલ કલેક્ટ કર્યા છે અને એમાં પણ એ વાઈરસના સેમ્પલના જીનોમનું સંપૂર્ણ એનાલિસિસ કરવાનું છે. લગભગ ૧૦૦ જેટલા આઈસોલેટ વાઈરસનું જીનોમ સિકવન્સિંગ કરીશું. તેના આધારે ડ્રગ ડેવલપમેન્ટ સ્ટ્રેટર્જી અને વેક્સિન ડેવલપમેન્ટની સ્ટ્રેટર્જી વિચારીશું.

નવા મ્યુટ્રેશિયનનો હાલ અભ્યાસ ચાલુ છે એમ કહીને તેમમણે જણાવ્યું કે, કુલ નવ મ્યુટ્રેશન એટલે કે ચેન્જિસ જોવા મળ્યા, જેમાં છ મ્યુટ્રેશિયન ઓલરેડી રિપોટેડ છે. દુનિયાભરમાં આ વાઈરસની ન્યુક્લિકેશનની સિક્વન્સ થઈ છે તેમાં અલગઅલગ કમ્પેર કરતા ૬ રિપોર્ટ છે. જ્યારે ૩ મ્યુટ્રેશિયન એવા છે જે રિપોર્ટ થયા નથી એકદમ નવા જોવા મળ્યા છે. નવા મ્યુટ્રેશિયનનો હાલ અભ્યાસ કરી રહ્યા છીએ. અને એ મ્યુટ્રેશિયનમાં શું ઈમ્પલિટેશન આવશે તેનો અભ્યાસ ચાલુ છે. મ્યુટ્રેશિયન જે પ્રકારે હોય એમઆઈનોનું એસિડ ચેન્જ કરતું હોય તો એ ન્યુસેન્સ મ્યુટ્રેશિયન અને તેના કારણે પ્રોટીનની સંરચના બદલાય તો સ્વભાવ કે સ્ટ્રક્ચર માં બદલાવ થઈ શકે છે. પરંતુ મ્યુટ્રેશિયન માઈલ્ડ પ્રકારનું હોય તો તેનો પ્રોટીનમાં એમઆઈનો એસિડમાં બદલાવ ન થાય તેનો અભ્યાસ અમે કરી રહ્યા છીએ.

આઈએમએફએ કોરોના સામે સમયસર લીધેલા પગલા માટે ભારતનું સમર્થન કર્યું

આર્થિક મંદી હોવા છતા ભારત સરકારે દેશવ્યાપી લોકડાઉન જાહેર કર્યુઃ IMF

વોશિંગ્ટન

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળએ કહ્યું કે તેઓ કોરોના વાયરસના વધતા જતા વ્યાપને રોકવા માટે ભારતે પરિસ્થિતિ હાથમાંથી સરી પડે તે પહેલા જ જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનનું સમર્થન કરીએ છીએ. આના એક દિવસ અગાઉ મંગળવારે જ પોતાના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં ૨૦૨૦માં ભારતનું વિકાસ દર ૧.૯ ટકા રહેશે તેવું અનુમાન લગાવ્યું હતું. આઈએમએફના એશિયા અને પ્રશાંત વિભાગના નિર્દેશક ચાંગ યોંગ રીએ અહીં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પત્રકારોને કહ્યું, આર્થિક મંદી હોવા છતા પણ સરકારે દેશવ્યાપી લોકડાઉન લાગુ કરી દીધું હતું અને આ માટે અમે ભારતે સમયસર લીધેલા આ નિર્ણયનું સમર્થન કરીએ છીએ. ભારતમાં ૨૫ માર્ચના રોજ ત્રણ અઠવાડિયા સુધીનું લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું જે ૧૪ એપ્રિલના રોજ પૂર્ણ થયા બાદ તેને ૩ મે સુધી લંબાવી દેવામાં આવ્યું છે. આઈએમએફએ કહ્યું કે સમગ્ર એશિયા-પ્રશાંત વિસ્તાર પર કોરોના વાયરસની અસર ગંભીર અને અભૂતપૂર્વ રહેશે. ૨૦૨૦માં એશિયાની વૃદ્ધિમાં અટકી જશે. જોકે, તેમણે કહ્યું કે આ વર્ષે કેવો વિકાસ થશે તે કહેવું એ કહેવું અનિશ્ચિત છે. જો આ વાયરસ પર નિયંત્રણ લગાવવાની નીતિમાં સફળતા મળશે તો વર્ષ ૨૦૨૧માં વૃદ્ધિ દરમાં ફરીથી ઉછાળો આવી શકે છે.

રીએ કહ્યું કે આ પહેલાની જેમ વ્યવસાય કરવાનો સમય નથી. આપણે આ વર્ષના અંત સુધીમાં આર્થિક પ્રવૃત્તિમાં ઉછાળો આવવાની આશા છે કારણ કે ચીન સૌથી પહેલા આ વાયરસના પ્રકોપમાંથી બહાર આવતું જોવા મળી રહ્યું છે. જોકે, કેટલીક ખબરો એવી પણ મળી રહી છે કે ચીનમાં કોરોના વાયરસે ફરીથી દેખા દીધી છે જેના કારણે હજી ત્યાં પરિસ્થિતિ થાળે પડતા થોડો સમય લાગી શકે છે. તેમણે જણાવ્યું કે જાપાનનો આર્થિક વિકાસનું અનુમાન પણ નિરાશાજનક થઈ ગયું છે. કોરોના વાયરસની અસરના કારણે જાપાનમાં જીડીપી ૫.૨ ટકા સુધી નીચે જઈ શકે છે.

૨૦૧૯-૨૦માં સોનાની આયાત ૧૪.૨૩ ટકાથી ઘટીને ૨૮.૨ અરબ ડોલર રહી

ન્યુ દિલ્હી

ગત નાણાકીય વર્ષ મતલબ કે ૨૦૧૯-૨૦માં દેશમાં સોનાની આયાત ૧૪.૨૩% ઘટીને ૨૮.૨ અરબ ડોલર રહી હતી. ૨૦૧૮-૧૯માં ૩૨.૯૧ અરબ ડોલરનું સોનું આયાત થયું હતું. સોનાની આયાત ઘટવાથી દેશના વેપારની ખોટને ઓછું કરવામાં મદદ મળી છે. ૨૦૧૯-૨૦માં વેપારની ખોટ ૧૫૨.૮૮ અરબ ડોલર રહી હતી. ૨૦૧૮-૧૯માં તે ૧૮૪ અરબ ડોલર હતી.

ડિસેમ્બરથી જ સોનાની આયાતમાં ઘટાડો શરૂ થયો હતો. ભારત વિશ્વનો સૌથી મોટું ગોલ્ડ ઈમ્પોર્ટર છે. જ્વેલરી ઈન્ડસ્ટ્રીની માંગને જોતા દેશમાં સોનું વધારે આયાત થાય છે. દેશમાં વાર્ષિક ૮૦૦-૯૦૦ ટન સોનાની આયાત થાય છે. વેપારની ખોટ અને ચાલુ ખાતા ખોટ પર સોનાની આયાતની નકારાત્મક અસર જોતા સરકારે ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા કરી નાખી હતી. ઈન્ડસ્ટ્રીના લોકોનું કહેવું છે કે સોના પર ઈમ્પોર્ટ ડ્યૂટીમાં વધારો થવાથી વેપારીઓ તેમનું મેન્યુફેક્ચરિંગ પડોશના દેશોમાં શિફ્ટ કરી રહ્યા છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડીને ૪ ટકા કરવાની માંગ કરી છે. ૨૦૧૯-૨૦માં જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ ૧૧ ટકા ઘટીને ૩૫.૮ અરબ ડોલર રહ્યો હતો.

માત્ર કોરોના વાયરસની રસીથી જ પરિસ્થિતિ રાબેતા મુજબની થશેઃ સંયુક્ત રાષ્ટ્ર

ન્યૂયોર્ક

યુનાઈટેડ નેશન્સ સંસ્થાના મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસે કહ્યું છે કે કોરોના વાઈરસ-વિરોધી કોઈ સુરક્ષિત અને અસરકારક રસીથી જ આ રોગચાળાને ડામી શકાશે. પરિસ્થિતિ રાબેતા મુજબ કરવાનો તે જ એકમાત્ર રસ્તો બની શકે છે.

ગુટેરેસે યુએન સંસ્થા અંતર્ગત આવતા ૫૦ આફ્રિકન દેશોના વડાઓ સાથેની એક વિડિયો કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે કોરોના વાઈરસના ફેલાવાને કારણે ઊભી કરેલી કટોકટી દૂર કરવાનું એકમાત્ર સાધન છે, આ રોગની રસી.

ગુટેરેસે એવી આશા વ્યક્ત કરી છે કે આ વર્ષના અંત પહેલા આ રોગચાળાનો ઈલાજ મળી આવશે. રસી બનાવવા માટેના પ્રયાસોને વેગ આપવો જોઈએ એમ યુએન સંસ્થાના આ વડાએ કહ્યું છે. 'આ રસીથી સમગ્ર દુનિયાને લાભ થવો જોઈએ. આ રસી તમામ માનવીઓને મળવી જોઈએ જેથી રોગચાળો કાબૂમાં રહી શકે,' એમ તેમણે વધુમાં કહ્યું. અનેક પ્રકારના સિદ્ધાંતો અને સંશોધનો હાથ ધરનાર નિષ્ણાતોએ જણાવ્યું છે કે કોરોના વાઈરસને લોકડાઉનના કોઈ એકલદોકલ રાઉન્ડથી નાબૂદ કરી શકાશે નહીં. આ વાઈરસ મોસમી બની શકે છે અને ઠંડીની મોસમવાળા મહિનાઓમાં એનો ફેલાવો વધી શકે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાવાયું છે કે સોશિયલ ડિસ્ટન્સિંગના પગલાં વારંવાર ભરતા રહેવા પડશે. રોગચાળાને ફેલાતો રોકવા માટે આ જ સૌથી મહત્ત્વનું પગલું છે. કોરોનાને નાબૂદ કરવાની લડાઈ ૨૦૨૨ સુધી ચલાવવી પડે એવી જરૂર લાગે છે.

અમેરિકા-ઈઝરાયેલ બાદ હવે યુએઈએ ભારત પાસે માંગી હાઈડ્રોક્સી ક્લોરોક્વીન દવા

આબુધાબી

હાલના સમયે દુનિયાની મહાસત્તાઓએ પણ કોરોના વાયરસની સામે ઘૂંટણીયા ટેકી દીધા છે, ત્યારે ભારત એવો દેશ બનીને ઉભર્યો છે, જે આ મહાસંકટમાં અન્ય દેશોની મદદ કરી રહ્યો છે. યુનાઈટેડ આરબ અમીરાત -યુએઈએ હવે ભારત પાસે મદદ માટે હાથ લંબાવ્યો છે.

યુએઈમાં ભારતના એમ્બેસેડર પવન કપૂરે જણાવ્યુ કે, યુએઈએ ભારત પાસે હાઈડ્રોક્સી ક્લોરોક્વીન દવા માટે મદદ માગી છે. યુએઈએ ભારતની કેટલીક કંપનીઓ પાસે હાઈડ્રોક્સી ક્લોરોક્વી દવા માટે રિકવેસ્ટ કરી છે. આ વાતને હવે સરકાર સુધી પહોંચાડવામાં આવી છે અને સરકાર વિચાર કરી રહી છે.

UAEને દવા આપવા અંગે ભારત સરકાર વિચાર કરીને જલ્દી નિર્ણય લઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, હાઈડ્રોક્સી ક્લોરોક્વીન દવા મેલેરિયા માટેની દવા છે અને કોરોના સામેની સારવારમાં કારગર સાબિત થઈ રહી છે.

રૂપિયો કડડભૂસઃ ડોલરની સામે ૭૬.૭૪ના લેવલે

મુંબઈ

ભારતીય ચલણ પર કોરોનાના હેંગઓવરની સાથે વિદેશી રોકાણકારો દ્વારા પરત ખેંચાઈ રહેલ પૈસાને કારણે વધુ દબાણ સર્જાઈ રહ્યું છે. સેન્સેક્સ-નિફ્ટીના કડાકાની સાથે ભારતીય ચલણ ડોલરની સામે ગુરૂવારના સત્રમાં પણ રેકોર્ડ તળિયે ખુલ્યો છે. રૂપિયો વૈશ્વિક કરન્સીની સામે ૩૦ પૈસા નીચે ૭૬.૭૪ના લેવલે ખુલ્યો છે.

૧૫મી એપ્રિલે બુધવારના સત્રમાં ૧% સુધીની તેજી ગુમાવીને દિવસના અંતે રેકોર્ડ તળિયે ૭૬.૪૪ પર બંધ આવ્યો હતો. સુરક્ષિત રોકાણ સોનામાં વધતા ડોલર વૈશ્વિક સ્તરે ઉંચકાયો છે અને અન્ય દેશો ખાસ કરીને એશિયાઈ કરન્સીમાં મંદીનું મોજું પ્રસર્યું છે. ફ્રૂમાં ૨૦ વર્ષના તળિયેથી આવેલ રિકવરી પણ ડોલર પર અને અન્ય કરન્સી પર અસર કરે છે.

મૌલાના સાદનો કોરોના ટેસ્ટ રિપોર્ટ નેગેટિવઃ બે સંબંધી પોઝિટિવ મળતા ચકચાર

ન્યુ દિલ્હી

તબલીગી જમાતના અધ્યક્ષ મૌલાના સાદ કોરોના પોઝિટિવ નથી. સૂત્રોનું માનીએ તો સાદના કોરોના ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સાથોસાથ એવા અહેવાલ પણ મળી રહ્યા છે કે મૌલાના સાદ દિલ્હીના જાકિર નગર વિસ્તારમાં જ છે. પ્રાઈવેટ ડૉક્ટરોની ટીમ સાદના હેલ્થ ચેકઅપ કરે છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશમાં રહેનારા સાદના બે સંબંધીઓ કોરોનાની ઝપટમાં આવી ગયા છે. તેમના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. બંને સંબંધી પણ મરકઝ આવ્યા હતા.

જાણકારોનું માનીએ તો મૌલાના સલમાન મૌલાના સાદના સસરા છે. સસરાના વેવાઈના બે નાના ભાઈના કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ બંને યુવક પણ નિઝામુદ્દીન સ્થિત તબલગી જમાતના મરકઝમાં રોકાયા હતા. હવે એક દિવસ પહેલા તેમના સંક્રમિત હોવાના અહેવાલ સામે આવ્યા હતા. આ બાબતની જાણ થતાં જ પ્રશાસને સહારનપુરના મુફ્તી વિસ્તારને સીલ કરી દીધો છે. હવે કોઈને પણ આ વિસ્તારમાં આવવા-જવાની મંજૂરી નથી. પોલીસ ફોર્સ પણ તૈનાત કરી દેવામાં આવ્યો છે.

સૂત્રોનું માનીએ તો દિલ્હીમાં તબલીગી મરકઝ સાથે જોડાયેલા જમાતીઓને શોધવા હવે મુશ્કેલ નહીં રહે. જમાતી ઘરમાં હોય કે મસ્જિદમાં તેની જાણકારી સરળતાથી મળી જશે. દિલ્હી સરકારની ૧૩ હજાર ટીમ હવે દિલ્હીના દરેક મોહલ્લા અને કોલોનીમાં કોરોના સંક્રમિતોને શોધવા માટે અભિયાન ચલાવી રહી છે.

દિલ્હીમાં પિઝા ડિલિવરી બોયનો કોરોના રિપોર્ટ પોઝિટિવઃ૭૦ લોકોને ક્વોરન્ટાઈન કરાયા

ન્યુ દિલ્હી

દિલ્હીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાઉથ દિલ્હીમાં એક પિઝા ડિલીવરી બૉય કોરોના વાયરસ પોઝીટીવ હોવાનું સામે આવ્યું છે. તે બાદથી ૭૦ લોકોને ક્વોરંટીન કરવામાં આવ્યા છે. આ ઘટના સામે આવ્યા બાદ હૌજ ખાસ અને માલવીય નગરના વિસ્તારમાં હડકંપ મચી ગયો. આ જગ્યાઓ પર જ તેણે પિઝા ડિલિવર કર્યા હતાં. કોરોનાના કોઈ લક્ષણ જોવા મળ્યા બાદ જ આ લોકોનો ટેસ્ટ કરવામાં આવશે.

જણાવી દઈએ કે કોરોના વાયરસના સંક્રમણના મોટાભાગના કેસ ધરાવતા જિલ્લાઓમાં, તેને ફેલાતો રોકવા માટે કેન્દ્ર સરકારે કડક દિશાનિર્દેશ જારી કર્યા છે. કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત ૧૩૦ જિલ્લાઓને હોટસ્પોટ જિલ્લા તરીકે અને બાકીના જિલ્લાઓને સંક્રમણ મુક્ત હોવાના કારણે ગ્રીન ઝોન જિલ્લા તરીકે ચિહ્નિત કર્યા છે.

દેશ માટે ૧૨૩ જિલ્લાઓને રેડ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. રેડઝોનમાં તે જિલ્લાઓનો સમાવેશ કરવામા આવ્યા છે જે કોરોના સંક્રમણથી સૌથી વધુ પ્રભાવિત છે. તેની સંખ્યા ૧૨૩ છે. તેમાં સૌથી વધુ જિલ્લા તમિલનાડુના છે.



દુનિયામાં ૧.૩૪ લાખ લોકોના કોરોનાથી મોતઃ પોઝિટિવ કેસો ૨૦ લાખને પાર

ન્યૂયોર્ક/બર્લિન/રોમ

વિશ્વભરમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસ અત્યાર સુધી ૨૦ લાખ ૮૩ હજાર ૩૨૬ નોંધાઈ ચૂક્યા છે. ૧ લાખ ૩૪ હજાર ૬૧૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૫ લાખ ૧૦ હજાર ૩૫૦ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

અમેરિકાની વાત કરીએ તો અહીં ૨૪ કલાકમાં ૨૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે અને ૩૦ હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. જોન હોપકિંસ યુનિવર્સિટી મુજબ અમેરિકામાં કુલ મૃત્યુઆંક ૩૦ હજાર ૮૪૪ થયો છે અને કુલ પોઝિટિવ કેસ ૬ લાખ ૪૪ હજાર નોંધાઈ ચૂક્યા છે. ન્યૂયોર્ક સૌથી વધારે પ્રભાવિત છે, અહીં ૧૧ હજાર ૬૮૬ લોકોએ જીવ ગુમાવ્યા છે અને અહીં ૨ લાખ ૧૪ હજાર ૬૪૮ કેસ નોંધાયા છે.

જર્મનીમાં ધીમે ધીમે લોકડાઉનના પ્રતિબંધને હટાવાશે

બીબીસીના રિપોર્ટ મુજબ જર્મનીમાં આગામી એક સપ્તાહ સુધી નિયમો સાથે વેપારીઓ પોતાની દુકાન ખોલી શકશે. ચાર મે પછી સ્કૂલો ધીમે ધીમે ખૂલશે. મર્કલે કહ્યું કે જાહેર સમારોહ અને ધાર્મિક મોટા આયોજનો ઉપર ૩૧ ઓગસ્ટ સુધી પ્રતિબંધ રહેશે. જર્મનીમાં ૧ લાખ ૩૪ હજાર ૭૫૩ કેસ નોંધાયા છે અને ૩૮૦૪ લોકોના મોત થયા છે.

પાકિસ્તાનમાં પોઝિટિવ ૬ હજારને પાર

પાકિસ્તાનમાં કોરોનાના કુલ કેસ ૬૨૯૭ થઈ ગયા છે. અહીં ૧૧૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ઈટાલીમાં સંક્રમણ અને મોતમાં ઘટાડ થયો

ઈટાલીમાં કોરોના વાઈરસથી થનાર મોત અને પોઝિટિવ કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૪ કલાકમાં અહીં ૫૭૮ લોકોએ જીવ ગુમાવ્યો છે અને ૨૬૬૭ નવા કેસ નોંધાયા છે. ઈટાલીમાં અત્યાર સુધીમાં ૧ લાખ ૬૫ હજાર ૧૫૫ કેસ નોંધાયા છે અને ૨૧ હજાર ૬૪૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

સ્પેનઃ મૃત્યુઆંક ૧૯ હજાર નજીક

સ્પેનમાં બુધવારે ૫૫૭ લોકોના મોત થયા છે અને ૬૫૯૯ નવા કેસ નોંધાયા છે. અહીં ૧૮ હજાર ૮૧૨ લોકોના જીવ ગયા છે.

કેનેડામાં લોકડાઉન યથાવત રહેશે

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ ચેતવણી આપતા કહ્યું હતું કે દેશમાં લોકડાઉન અમુક સપ્તાહો સુધી ચાલું રહેશે. તેમણે કહ્યું કે જો લોકડાઉન વહેલા ખોલી નાખવામાં આવશે તો અમે જે અત્યારે કરી રહ્યા છે તે નહી કરી શકીએ. કેનેડામાં અત્યાર સુધીમાં ૨૮ હજાર ૩૭૯ કેસ નોંધાયા છે. અહં ૧૦૧૦ લોકોના મોત થઈ ચૂક્યા છે.

કેરળમાં લોકડાઉન વચ્ચે બીમાર પિતાને તેડીને ૧ કિલોમીટર સુધી દોડ્યો..!!

પનલુર

દેશમાં લોકડાઉનની સ્થિતિઓની વચ્ચે બુધવારના રોજ કેરળથી એક ખૂબ જ માર્મિક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો. પોતાના ૬૫ વર્ષના પિતાને બીમાર જોઈ એક દીકરો તેમને હોસ્પિટલ લઈ જવા રસ્તા પર દોડતો દેખાય છે. કહેવાય છે કે પોલીસે આ શખ્સની ઘરથી એક કિલોમીટર પહેલાં જ એક રિક્ષાને આગળ ના આવવા દેતા રોકી દીધી હતી. આ રીક્ષા દર્દીને હોસ્પિટલ લઈ જવા માટે આવી હતી, પરંતુ જ્યારે પોલીસ તેને રોકી દીધી તો બીમાર પિતાને સમયસર હોસ્પિટલ પહોંચાડવા માટે તેમના દીકરાએ તેમને તેડી લીધા અને રસ્તા પર દોડવા લાગ્યા.

આ આખી ઘટના કેરળના પનલુર શહેરમાં બની. કહેવાય છે કે બીમાર પિતાને હોસ્પિટલ લઈ જવા માટે તેમના દીકરાએ એક રીક્ષાને ઘર સુધી બોલાવી હતી. જો કે પોલીસે આ ઓટોને ઘરથી એક કિલોમીટરની એક ચેક પોસ્ટ પર જ રોકી દીધી. લોકડાઉનની વચ્ચે જ્યારે બીજો કોઈ રસ્તો ના મળ્યો તો આ શખ્સનો દીકરો તેમને તેડીને ઘરથી રીક્ષા સુધી લઈને દોડ્યો. ત્યારબાદ તેના પિતાને એ રીક્ષા સુધી પહોંચાડ્યા. ત્યાંથી તેઓ હોસ્પિટલ પહોંચી શકયા.

આ કેસમાં કેરળ રાજ્ય માનવાધિકાર પંચે ધ્યાનમાં લેતા પોલીસને પ્રશ્નો કર્યા છે. આ કેસમાં આયોગે એક કેસ પણ નોંધ્યો છે. આયોગે પોલીસને નોટિસ આપી પૂછ્યું કે દર્દીને લઈ જવા માટે આવેલા વાહનને કંઈ સ્થિતિમાં રોકવામાં આવ્યું?



રાષ્ટ્રીય પક્ષી મોરની આવી તસ્વીર ભાગ્યે જ જોવા મળે છે. ભારતીય વન સેવા અધિકારી પ્રવીન કાસવાને પોતાના ટવીટર ઉપર શેર કરી છે.

મૂનની પાર્ટીને ૩૦૦ સીટવાળી એસેમ્બલીમાં ૧૬૩ સીટ મળી

કોરોના વાયરસ વચ્ચે સા.કોરિયામાં ચૂંટણીઃ પ્રેસિડેન્ટ મૂન જેની સત્તામાં વાપસી

સિયોલ

સાઉથ કોરિયામાં કોરોના વાયરસ મહામારી વચ્ચે થયેલ ચૂંટણીમાં પ્રેસિડેન્ટ મૂન જે ઈનની ડેમોક્રેટિક પાર્ટીએ વિશાળ જીત હાંસલ કરી છે. સાઉથ કોરિયા દુનિયાનો પહેલો દેશ છે જ્યાં મહામારી વચ્ચે પ્રેસિડેન્શિયલ ચૂંટણી કરાવવામાં આી. ચૂંટણી દરમિયાન સુરક્ષા અને સોશિયલ ડિસ્ટેન્સિંગના તમામ ઉપાયો અપનાવવામાં આવ્યા હતા. મૂનની પાર્ટીને ૩૦૦ સીટવાળી નેશનલ એસેમ્બલીમાં ૧૬૩ સીટ મળી છે.

ડેમોક્રેટિક પાર્ટીની સહ પાર્ટી પ્લેટફોર્મ પાર્ટીને પણ ૧૭ સીટ મળી છે અને આવી રીતે મૂનની સરકાર પાસે ૧૮૦ સીટ થઈ ગઈ છે. ૩૫ જેટલી પાર્ટીઓએ ઉમેદવારોને ઉભા કર્યા હતા. પરંતુ મુકાબલો લેફ્ટ વિચારધારાવાળી ડેમોક્રેટિક પાર્ટી અને કંજર્વેટિવ પક્ષ તથા યૂનાઈટેડ ફ્યૂચર પાર્ટી વચ્ચે રહી ગયો હતો. યૂનાઈટેડ ફ્યૂચર પાર્ટી અને તેના સંસદીય ભાગીદારો ૧૦૩ સીટ જીતે તેવી ઉમ્મીદ છે. માનવામાં આવી રહ્યું છે કે જેવી રીતે મૂનની સરકારના નેજા હેઠળ દેશે કોરોના વાયરસ મહામારીનો સામનો કર્યો તેણે જનતા પર પોતાનો પ્રભાવ નાખ્યો છે. મહામારીમાં સ્થિતિ સંભાળ્યા બાદ આખી દુનિયામાં સાઉથ કોરિયામાં વર્ષ ૧૯૮૭ બાદ પહેલીવાર ચૂંટણી થઈ. મૂનની પાર્ટી ૩૩ વર્ષ બાદ થયેલ ચૂટણીમાં બહુમત હાંસલ કરનાર પહેલી પાર્ટી બની ગઈ છે. માત્ર એટલું જ નહિ ૧૬ વર્ષોમાં આવું પહેલીવાર બન્યું જ્યારે લેફ્ટ વિચારધારા વાળી પાર્ટીને બહુમત હાંસલ થઈ શક્યું હોય.

યુગાન્ડામાં લોકો કોરોના શંકાસ્પદ લોકો હોમ ક્વોરન્ટાઈનમાં સેક્સ કરવા લાગ્યા..!!

કમ્પાલા

દુનિયામાં કોરોના વાયરસની મહામારી પાછળ કેટલાંય દાયકાની સૌથી મોટી ત્રાસદી બની ગઈ છે. કોરોના વાયરસના પ્રકોપથી બચવા માટે કેટલાંય દેશોએ સંપૂર્ણપણે લોકડાઉન કરી દીધું છે અને સોશિયલ ડિસ્ટેંસિંગના આકરા નિયમ લાગૂ કરી દીધા છે. જો કે યુગાન્ડામાં એક ચિંતાજનક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

યુગાન્ડાના સ્વાસ્થ્ય મંત્રાલયે ખુલાસો કર્યો છે કે સરકારી ક્વારેન્ટાઈનમાં રહેતા તમામ લોકોએ એક-બીજા સાથે શારીરિક સંબંધ બાંધવાનું શરૂ કરી દીધું છે.

યુગાન્ડાના સ્વાસ્થ્ય મંત્રાલયના સ્થાયી સચિવ ડિયાના અટવિને એ રેડિયો વનમાં કહ્યું કે તેમને સૌથી વધુ એ વાતની ચિંતા છે કે આનાથી કોરોના વાયરસ મહામારીને રોકવાની કોશિષો પર પાણી ફરી વળશે. તેમણે કહ્યું કે લોકો ક્વારેન્ટાઈન સેન્ટરર્સ પર મળી રહેલા લોકોની સાથે સંબંધ બનાવા માટે એકબીજાના રૂમમાં જાય છે. તેનાથી કોરોના વાયરસનું સંક્રમણ વધુ ફેલાશે.

અટવિને કહ્યું કે યુગાન્ડાના નાગરિક કોરોના વાયરસના ખતરાને લઈ ગંભીર નથી. ક્વારેન્ટાઈનમાં રહેતા કેટલાંક લોકો સેક્સુઅલ અફેર ચલાવી રહ્યા છે. અમે તેમને જ્યાં ક્વારેન્ટાઈનમાં રાખ્યા છે ત્યાં તેઓ બીજાના રૂમમાં જાય છે. અજનબીની સાથે અફેર સિવાય કેટલાંક લોકો પોતાના મિત્રો અને કલીગ્સને મળવા માટે હોટલમાં આમ તેમ ચક્કર લગાવી રહ્યા છે. આ ખૂબ જ ખતરનાક છે અને તેનાથી અમારી તમામ કોશિષોને ઝાટકો લાગશે.

અટવિને કહ્યું કે આ જ કારણ છે કે ૧૪ દિવસ વીત્યા બાદ પણ કેટલાંક લોકોને ક્વારેન્ટાઈનમાં રાખ્યા છે. લોકોની અવરજવર પર પ્રતિબંધ માટે ક્વારેન્ટાઈન સેન્ટર્સ પર સુરક્ષા અધિકારીઓની પણ તૈનાતી કરી દીધી છે.

કોરોના મહામારીઃ રસીકરણ અટકતાં ૧૧.૭ કરોડ બાળકોને ઓરીનો ખતરો

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, યુનિસેફ દ્વારા રસીકરણ ચાલુ રાખવા વિનંતી

પેરિસ

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અને યૂનિસેફ તરફથી કહેવામાં આવ્યું છે કે વર્તમાનમાં ૨૪ દેશોએ રસીકરણનું કામ અટકાવી દીધું છે અને કોરોના વાયરસના કારણે ૧૩ અન્ય દેશોમાં પણ રસીકરણ કાર્યક્રમને અસર પહોંચી છે. સંયુક્ત રાષ્ટ્રના સ્વાસ્થ્ય સંગઠનોએ મંગળવારે ચેતવણી આપી છે કે દુનિયાભરમાં ૧૧.૭ કરોડ બાળકો ઓરીના ખતરાનો સામનો કરી રહ્યા છે, કારણ કે કેટલાક દેશોએ કોરોના વાયરસના ચેપની વચ્ચે રસીકરણ અભિયાન મર્યાદિત કરી દીધું છે.

ઓરી અને રુબેલાના ખતરાને ઘટાડવા માટે વૈશ્વિક સ્તરની ભાગીદાર સંસ્થા 'મીઝલ્સ એન્ડ રુબેલા ઈનિશિએટિવ'ના એક સંયુક્ત નિવેદનમાં કહેવાયું છે કે આ ખૂબ જરુરી છે કે વર્તમાન મહામારી દરમિયાન અને પછી પણ રસીકરણ કાર્યક્રમ ચાલું રાખવો જોઈએ. કેમ કે રસીકરણ કાર્યક્રમ સ્થગિત થઈ જવાથી કુલ ૧૧.૭ કરોડ બાળકો પ્રભાવિત થઈ શકે છે. નિવેદનમાં કહેવાયું છે કે જો કોરોના વાયરસ સંક્રમણના પ્રસારના કારણે રસીકરણ અભિયાન રોકવું જરુરી છે તો અમે નેતાઓને આગ્રહ કરીએ છીએ કે જે બાળકોને રસી આપવામાં આવી નથી.

મુરાદાબાદમાં આરોગ્યની ટીમ પર હુમલો, ડ્રોનની મદદથી ૧૭ લોકોની ધરપકડ

મુરાદાબાદ

આરોગ્ય વિભાગના જે કર્મીઓ પોતાનો જીવ જોખમમાં મૂકીને લોકોને બચાવી રહ્યા છે, તે જ દેવદૂતો પર કેટલાક બેશરમ લોકો પથ્થરમારો કરી રહ્યા છે. ઈન્દોર બાદ મુરાદાબાદમાં પણ મેડિકલની ટીમ પર પથ્થરમારો થયો હતો. પોલીસે પથ્થરમારો કરવામાં સામેલ ૧૭ લોકોની ધરપકડ કરી છે. પોલીસે ડ્રોન કેમેરાની મદદથી ૭ મહિલા અને ૧૦ પુરૂષની ધરપકડ કરી છે.

દ્રશ્યોમાં તમે જોઈ રહ્યા છો કે કેટલીક મહિલાઓ અગાશી પર પરથી આરોગ્યની ટીમ પર પથ્થરમારો કરી રહી છે. મહત્વનું છે કે મંગળવારે મોડી રાત્રે એક કોરોનાના એક દર્દીનું મોત થયું હતું.

મેડિકલની ટીમ હાજી નેકની મસ્જિદ પાસે દર્દીના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરન્ટાઈન કરવા લેવા માટે ગઈ હતી. પરંતુ એમ્બ્યુલન્સ જેવી કેટલાક લોકોને લઈને નીકળી કે લોકોએ એમ્બ્યુલન્સને ઘેરી લીધી અને પથ્થરમારો શરૂ કરી દીધો હતો.

લોકડાઉન લંબાતા રેલવે ૩૯ લાખ ટિકિટ કેન્સલ કરશે

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસની મહામારીને પગલે જાહેર કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને ત્રીજી મે સુધી લંબાવવાની તેમ જ પ્રવાસી ટ્રેનો પણ એ દરમિયાન બંધ રાખવાની કરવામાં આવેલી જાહેરાત બાદ ૧૫ એપ્રિલથી ૩ મે દરમિયાન પ્રવાસ માટે બુક કરવામાં આવેલી અંદાજે ૩૯ લાખ જેટલી ટિકિટ કેન્સલ કરવા રેલવેતંત્ર સજ્જ થઈ ગયું હોવાનું સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું.

૧૪ એપ્રિલ બાદ ટ્રેનો શરૂ થાય તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને રેલવે તંત્રએ પ્રવાસીઓને ૨૧ દિવસના લૉકડાઉન દરમિયાન ટિકિટ બુક કરવાની પરવાનગી આપી હતી જેને પગલે પ્રવાસીઓએ અંદાજે ૩૯ લાખ જેટલી ટિકિટ બુક કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે, લૉકડાઉન ૩ મે સુધી લંબાવવામાં આવતા રેલવેતંત્રએ તેની તમામ પ્રવાસી ટ્રેનસેવા રદ કરવાની સાથે સાથે રેલવેની ટિકિટોનું ઍડવાન્સ બુકિંગ પણ ૩ મે સુધી બંધ કરવાની જાહેરાત કરી હતી.

રેલવે દ્વારા કરવામાં આવેલી આ જાહેરાતને કારણે દેશભરમાં ૧૫૦૦૦ કરતા પણ વધુ પ્રવાસી ટ્રેન થંભી ગઈ હતી અને સ્થળાંતર કરીને આવેલા હજારો શ્રમિકો તેમના વતન જવાની આશા સાથે મંગળવારે મુંબઈના બાન્દ્રા સ્ટેશન નજીક એકઠા થઈ ગયા હતા. જોકે, બાદમાં પોલીસે એકઠા થયેલા લોકોને વિખેરી નાખ્યા હતા.

વેકસીન ન બને ત્યાં સુધી લાપરવાહી રાખવી જોખમી

દુનિયાએ બે વર્ષ સુધી સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું પડશેઃ હાર્વર્ડ યુનિવર્સિટી

વર્તમાન સ્થિતિ જોતા ૨૦ સપ્તાહકે ૧૪૦ દિવસ સુધી તકેદારી રાખવી પડશે, લાપરવાહી થશે તો વાયરસ વધુ ઘાતક અને જીવલેણ સ્વરૂપ ધારણ કરશે

કેમ્બ્રિજ

કોરાના વાયરસ સામે લડી રહેલી અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરી રહેલી દુનિયાએ આગામી બે વર્ષ એટલે કે ૨૦૨૨ સુધી તેનું પાલન કરવું પડશે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વાયરસ સામેના જંગમાં આ પહેલું પગલું છે. વાયરસ નબળો પડતો દેખાતા લોકડાઉન ખુલી જાય અને નિયમોને બાજુમાં મુકી દેવામાં આવે એટલે વાયરસ ફરી સક્રિય થઈ શકે છે. ત્યારે ફરીથી લાખો લોકો તેની ઝપટમાં આવી શકે છે. અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનો અભ્યાસ હાલમાં જ સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયો છે. જેમાં ભય વ્યકત કરાયો છે કે જો લાપરવાહી થઈ તો વાયરસ વધુ ઘાતક અને જીવલેણ સ્વરૂપ ધારણ કરશે.



રિસર્ચરોએ કોમ્પ્યુટર મોડલ દ્વારા જોયું છે કે સામાજીક અંતરનું કડકાઈ પુર્વક પાલન થાય તો જ વાયરસને ફરીથી ફેલાતો રોકી શકાય છે. આ પ્રકારના પરિણામો ૨૦૦૩ માં ફેલાયેલા સાર્સ સીઓવી-૧ માં પણ જોવા મળ્યા હતાં. રિસર્ચરોનું માનવું છે કે વાયરસ ઈન્ફ્લુએન્ઝા તરીકે દુનિયાભરમાં રહ્યા હતાં. આના આધારે હાલની સ્થિતિ જોતા ઓછામાં ઓછા ૨૦ અઠવાડીયા એટલે કે ૧૪૦ દિવસ કોઈ પણ રીતે સાવધાની રાખવી જ પડશે.

લોકડાઉનના કારણે કોરોના વાયરસને રોકવામાં સફળતા મળી છે કે નહીં તેનો અંદાજ કાઢવા માટે બે અઠવાડીયા રાહ જોવાનું સુચન વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપ્યું છે. તેના અનુસાર આ અંદાજ કાઢયા પછી જ પ્રતિબંધોમાં ઢીલ મુકવી જોઈએ.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે કોરોનાથી જોરદાર રીતે પ્રભાવિત અમેરિકાએ ૨૦૨૨ સુધી સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન સપ્ટાઈ પુર્વક કરવું પડશે અથવા તો જ્યાં સુધી રસી ન શોધાય ત્યાં સુધી. દુનિયાના અન્ય દેશોએ પણ એ તરફ ધ્યાન આપવું પડશે કેમ કે જે વાયરસની રસી બનાવવામાં દુનિયાભરના વૈજ્ઞાનિકોને સફળતા નથી મળી રહી, તે વાયરસ પ્રત્યે બેદરકારી દાખવવી ભારે પડી શકે છે.

સેન્સેક્સ ૨૨૨ અંક વધી ૩૦૬૦૨ની સપાટીએ

મુંબઈ

શેરબજાર ગુરુવારે સવારે લાલ નિશાન પર ખુલ્યું હતું અને દિવસના અંતે લીલા નિશાન પર બંધ રહ્યું હતું. સેન્સેક્સ ૨૨૨ અંક વધીને ૩૦,૬૦૨.૬૧ ના સ્તર પર, જ્યારે નિફ્ટી ૯૧ પોઈન્ટના વધારા સાથે ૯૦૧૭ ના સ્તર પર બંધ થયા છે. તે જ સમયે, ડોલર સામે રૂપિયો ૪૩ પૈસા તૂટીને ૭૬.૮૭ ની સપાટીએ બંધ રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, યુએસ શેરબજાર સહિત વિશ્વભરના બજારો બુધવારે ગિરાવટ સાથે બંધ થયા છે. ડોઉનજોન્સ ૧.૮૬, નૈસ્ડેક ૧.૪૪, એસ એન્ડ પી ૨.૨૦ ટકાના ઘટાડા સાથે બંધ રહ્યા હતા ત્યારે એશિયન બજારોમાં ગિરાવટનું વલણ જોવા મળ્યું હતું. તે જ સમયે તેની અસર ગુરુવારે ભારતીય શેરબજારમાં જોવા પણ મળી.

બોમ્બે સ્ટોક એક્સચેંજનો ૩૦ શેરોનો સંવેદી સૂચકાંક સેન્સેક્સ ૨૮૪ અંકના નુકસાન સાથે ૩૦૦૯૫ પર ખુલ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી પણ લાલ નિશાન સાથે ખુલ્યો હતો. વેપારીઓના મતે વિપ્રો કંપનીઓના ત્રિમાસિક પરિણામો સાથે સત્રની નબળી શરૂઆત બજારને અસર કરી રહી છે. તે જ સમયે, રૂપિયો ૪૩ પૈસા તૂટીને ૭૬.૮૭ની સપાટીએ બંધ રહ્યો હતો, જે યુએસ ડોલર સામે અત્યાર સુધીનો સૌથી નીચો સ્તર છે.

વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે સટ્ટોડિયાઓના સોદામાં વધારાને લીધે ગુરુવારે વાયદા કારોબારમાં સોનાના ભાવ પ્રતિ ૧૦ ગ્રામ સોનામાં ૪૬ રૂપિયા વધીને ૪૬,૭૫૬ રૂપિયા પર પહોંચી ગયા છે. મલ્ટી કોમોડિટી એક્સચેંજમાં જૂન ડિલિવરી માટે સોનાનો વાયદો રૂ. ૪૬ અથવા ૦.૦૧ ટકા વધીને રૂ. ૪૬,૭૫૬ પર પહોંચી ગયો છે. તેમાં ૧૭,૬૧૪ લોટ માટે વેપાર થયો છે. એ જ રીતે ઓગસ્ટ ડિલિવરી માટે સોનું રૂ .૧૩૬ અથવા ૦.૨૯ ટકા વધીને રૂ. ૪૭,૦૦૭ પ્રતિ ૧૦ ગ્રામ થયું છે.

કેરળની કમાલઃ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનો ફક્ત ૧ દર્દી પોઝિટિવ

તિરુવનંતપુરમ્

ઘણા રાજ્યોમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં ખૂબ જ વધારો થઈ રહ્યો છે. આ વચ્ચે કેરળમાંથી એક રાહતના સમાચાર આવ્યા છે. એક સમયે કોરોના વાયરસથી સૌથી વધારે પ્રભાવિત આ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસનો માત્ર ૧ કેસ સામે આવ્યો છે. આ સાથે જ એવો વિશ્વાસ કરાઈ રહ્યો છે કોરોનાના સંક્રમણ પર કાબૂ મેળવી શકાય છે.

કેરળના મુખ્યમંત્રી પી. વિજયને કહ્યું, રાજ્યમાં હવે કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૩૮૭ થઈ ગઈ છે. જેમાં ૧૬૭ કેસ એક્ટિવ છે અને તેમની સારવાર ચાલી રહી છે. બાકીના લોકોને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. તેમણે કહ્યું કે, બુધવારે ૭ લોકો સારવાર બાદ સાજા થયા. આ સાથે જ રાજ્યમાં કોરોનાથી સાજા થયેલા લોકોની સંખ્યા ૨૧૮ થઈ ગઈ છે. આ આંકડા દેશમાં સૌથી વધારે છે.

કેરળના સીએમ વિજયને રાજ્યની જનતા અને સ્વાસ્થ્ય અધિકારીઓને સાવચેત કર્યા કે તેમનો હાલમાં પ્રતિબંધોમાં કોઈ છૂટ આપવાનો ઈરાદો નથી. તેમણે કહ્યું કે, રાજ્યમાં પૂરી કડકાઈથી લોકડાઉનનું પાલન કરવું પડશે અને દેખરેખ પહેલાની જેમ કરવામાં આવશે.

સીએમએ કહ્યું કે, અમારા ત્યાં દેશભરમાંથી સૌથી વધારે દર્દીઓ સાજા થયા છે અમે તેમના ટેસ્ટિંગની ઝડપ વધારી છે. સીએમએ કહ્યું કે, બુધવારે જે દર્દી મળ્યો છે તે કન્નૂરથી છે અને તેને કોઈ પરિચિતથી આ સંક્રમણ થયું છે. કોરોનાના સંક્રમણનો આ આંકડો છેલ્લા એક મહિનામાં સૌથી ઓછો છે.

તંત્રી લેખ

કોરોના : રોક-છુટછાટો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સવારે દસ વાગે રાષ્ટ્રને સંબોધન કર્યાના એક દિવસ બાદ જ તેમની જાહેરાત મુજબ જ દેશમાં લોકડાઉન-૨ વચ્ચે કઠોર માર્ગદર્શિકા અથવા તો ગાઇડલાઇન્સ જારી કરી દેવામાં આવી હતી. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં ૨૦મી એપ્રિલના દિવસથી કેટલીક સેવાઓને શરતી મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં કિરાણા દુકાનો, શાકભાજી, ફળફળાદી, મીટ, પોલ્ટી, ખાદ્યાન ચીજો, ડેરી, મિલ્ક બુથ અને ચારાની દુકાનો સામેલ છે. સાથે સાથે ઈલેક્ટ્રિક, આઇટી મોટર મેકેનિક, પ્લંબર અને કારપેન્ટરને પણ મંજુરી આપી દેવામાં આવી છે. ૨૦મી એપ્રિલ બાદ આ તમામ લોકો સામાજિક અંતર જારી રાખીને તેમની કામગીરી શરૂ કરી શકે છે. ખેડુતો અને ખેત મજુરોને પાકની કાપણી સાથે જોડાયેલી કામગીરી અદા કરવાની મંજુરી આપી દેવામાં આવી છે. કૃષિ સાધનોની દુકાનો ખુલી રહેશે. બીજી બાજુ ઉદ્યોગ જગત કોવિડ-૧૯ મહામારીના કારણે ખુબ પ્રભાવિત થયેલી દેશની અર્થવ્યવસ્થાને નવેસરથી પાટા પર લાવવા માટે ૧૪થી ૧૯ લાખ કરોડ રૂપિયાના પેકેજની માંગ કરવામાં આવી છે. ફિક્કીના કહેવા મુજબ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનના કારણે દરરોજ ૪૦ હજાર કરોડ રૂપિયાનુ નુકસાન થઇ રહ્યુ છે. આ દ્રષ્ટિથી તો ૨૧ દિવસના ગાળામાં ૭-૮ લાખ કરોડ રૂપિયાનુ નુકસાન તો થઇ ચુક્યુ છે. ફિક્કીનુ કહેવુ છે કે આ વર્ષે એપ્રિલથી સપ્ટેમ્બરની વચ્ચે ચાર કરોડ લોકોની રોજગારી ખતરામાં છે. આને બચાવી લેવા માટે તાત્કાલિક રાહત પેકેજની જરૂર દેખાઇ રહી છે. લોકડાઉન-૨માં કેટલીક રાહતો આપવામાં આવી છે. જેના કારણે પ્રારંભિક સ્તર પર કેટલીક આર્થિક ગતિવિધીઓ પાટા પર આવી શકે છે. આના કારણે એક મોટા વર્ગના લોકોની રોજી રોટી પણ ફરી શરૂ કરી દેવામાં આવનાર છે. જો કે સૌથી મોટી મુશ્કેલી સોશિયલ ડિસ્ટેન્સિંગના નિયમોને પાળવી દેવાની રહેનાર છે. જો આ કામમાં થોડીક પણ બેદરકારી રહેશે તો ખતરો ખુબ વધી જશે. કારણ કે આ છુટછાટના કારણે લોકોની અવરજવર વધી જવાની છે. લોકો જુથમાં એકત્રિત પણ થનાર છે. આવી સ્થિતીમાં કારખાના અને ફેક્ટરી માલિકોને મોટી જવાબદારી તેમને લેવાની રહેશે. કારણ કે આના માટે દરેક જગ્યા પર પોલીસ તો મુકી શકાય તેમ નથી. આવનાર સમયમાં મિડલ ક્લાસ સાથે જોડાયેલા કામ ધંધા પર ધ્યાન આપવાની જરૂર વધારે રહેશે. આખરે ક્યાં સુધી આ વર્ગના લોકો તેમના કામકાજને છોડીને ઘરમાં બેઠા રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલા નિર્દેશ છતાં મધ્યમ વર્ગીય નોકરીમાં છટણીના હેવાલ આવવા લાગી ગયા છે. એવુ ન થાય કે મહામારીના સમાંતરમાં ક ભારે ઉથલપાથલની સ્થિતી પણ દેશમાં સર્જાઇ જાય. ઉદ્યોગોની માંગ પર સરકારને વિચારણા કરવાની જરૂર રહેશે જ. જો કે ઇન્ડસ્ટ્રીઝને મજબુત કરવા માટે બજારમાં માંગ રહે તે પણ ખુબ જરૂરી છે. આના માટે ખેડુતોને અલગ રીતે સહાયતા આપવાની જરૂર છે. મજદુરોને પણ હજુ વધુ કેટલાક દિવસ સુધી રેશનિંગ સહિતની સુવિધા આપવાની જરૂર દેખાઇ રહી છે. ૧.૭૦ લાખ કરોડનુ પેકેજ તો પહેલા જાહેર થઇ ચુક્યુ છે.

શરતી છુટછાટના કારણે દેશમાં શ્રેણીબદ્ધ આર્થિક ગતિવિધી પાટા પર આવી શકે છે

કોરોના મહામારી સમયે રાજકારણ રમાય કે પ્રજા વચ્ચે મદદ કરવા જવાનુ હોય....?

કોરોનાએ એવું ભયાનક રાક્ષસી સ્વરૂપ પકડ્યું છે કે વિશ્વભરમાંથી સવા લાખથી વધુ લોકોને ભરખી ગયો છે. જ્યારે ૨૦ લાખ જેટલા લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે... ત્યારે ચીને કોરોના વાઇરસ ઉત્પન્ન ક્યાંથી થયો તે શોધવા પર પ્રતિબંધ મુકતા વિશ્વભરના દેશોની ચીન પર આ બાબતે શંકા વધુ મજબૂત બની છે.....! અને આ મહામારીની સૌથી વધુ અસર અમેરિકા પર થતા તેનું આર્થિક તંત્ર ડગમગી ગયું છે. મોટાભાગના અમેરિકનો કોરોના વાયરસ ચીનના વુહાનમાંથી ફેલાયો હોવાનું માને છે. તો ચીને આ બાબતે માહિતી છુપાવતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે સીધી ધમકી આપી દીધી છે કે ચીન હવે પરિણામ ભોગવવા તૈયાર રહે.... અને ટ્રમ્પને વધુ ગુસ્સો આવવાનું કારણ છે અમેરિકાનો મૃતાક દર જે દિન-પ્રતિદિન વધતો જ ગયો છે. ઈટલીને પણ પાછળ ધકેલી દીધું છે..... તો છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૦૦ થી વધુના મોત થતાં ટ્રમ્પ અમેરિકી અર્થતંત્રને ખુલ્લુ મુકવાની તૈયારીમાં હતા ત્યારે... છેલ્લા ૨૪ કલાકના મૃતાક સંખ્યાએ તેમને હચમચાવી નાંખ્યા છે. બીજી તરફ ચીનના વુહાનમાંથી કોરોનાને ખતમ કરી નાખવામાં ચીન સફળ રહ્યું હોવા સાથે તેણે તેના અર્થતંત્રને દોડતુ કરી નાખ્યું છે.... જેના કારણે વિશ્વભરના દેશો પણ ચીન તરફ શંકાની નજરે જોવા લાગ્યા છે....! આ બધું છતાં ચીન સાથેના વ્યાપાર સંબંધોને લઈને મોટાભાગના દેશો ચૂપ છે... પરંતુ હવે આવનાર સમય અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધોમાં ભારે વૈયમનષ્ય બની રહેવાની સંભાવના વધી પડી છે.....!

ભારતમાં વડાપ્રધાન શ્રી મોદીજીએ દેશભરમાં લોકડાઉન ૩ જી મે સુધી લંબાવવા સાથે દેશભરના રાજ્યોને લોકોને ખાવાનું નિયમિત રૂપે મળી રહે, મેડિકલ સુવિધાઓમાં કચાશ ન રહે તેમજ ર્ફષ્ઠાર્દ્ધહ નુ સખ્તાઈથી પાલન કરવાના નિર્દેશો આપી દીધા.... તો લોકોને પણ બહુ જ અગત્યની સાત સૂચનાઓ પણ આપી..... પરંતુ આ તો ભારતના લોકો છે જ્યા ૬૦ ટકાથી વધુ અસંગઠિત કામદારો, મજુરો,રોજમદારો અને ગરીબોની સંખ્યા છે. જ્યારે દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૪ લોકોના મોત થવા સાથે નો આંકડો ૮૦૦૦ ને પાર થતા ખુદ મોદીજી પણ હચમચી ગયા છે. તેમાં પણ ડબલ્યુ એચ ઓએ ચેતવણી આપી કે લોકડાઉન હટાવવામા ઉતાવળ કરવી તે ખતરનાક છે.... ત્યારે લોકોને ઘર બહાર ન નિકળવા ખાસ અપીલ કરી છે.... ઉપરાંત દેશભરમાં પોતાની જાતની પરવા કર્યા વગર ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ, મહેસૂલી કર્મચારીઓ, પત્રકારો,મિડીયા જગતના કેટલાક કોરોનાની ચપેટમા આવી જતા સ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા લાગતા..... દરેક રાજ્યોને જરૂરતમંદોને જીવનજરૂરી ચીજવસ્તુઓ મળી રહે તથા શાકભાજી વગેરે લોકોને ત્વરિત નજીકમાથી કે ઘેર બેઠા મળી રહે તેવી વ્યવસ્થા કરવા સૂચન કરતા કેટલાક રાજ્યોએ કૃષિક્ષેત્રે સવિશેષ ધ્યાન આપી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રને કામે લગાડ્યું છે..... છતાં આયોજનમાં ખામી હોવાનુ આમ પ્રજા અનુભવ કરી રહી છે.....!

દેશમા ભયાનક મહામારી વચ્ચે પણ રાજકારણીઓ ગંદુ રાજકારણ ખેલવામાંથી ઉંચા નથી આવતા.... દેશભરમાં તમામ રાજકીય પક્ષો એક થઈને આમ પ્રજાને સહાય કરવામાં મચી પડ્યા છે. ત્યારે કેટલાક રાજકારણીઓ અન્ય પક્ષોને બદનામ કરવા જૂઠા દાવ ખેલી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાનો કહેર વધતા સરકાર હચમચી ગઈ છે ત્યારે મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ સરકાર સાથે સહાય કરવામા, જરૂર પડે ત્યાં અનાજ વિતરણ કરવામાં, ગરીબો, મજૂરોને બંને ટાઈમ જમાડવામાં ગળાડૂબ બની ગયો છે. તેમજ અનેક વિસ્તારોમાં લોકોને કોરોના ટેસ્ટ માટે,ઘર બહાર ન નીકળવા, સમૂહમાં એકઠા ન થવા પ્રજા વચ્ચે જવાની ફરજ પડે છે અને તેવા કારણે કોંગ્રેસના ધારાસભ્યો ઈમરાન ખેડાવાલા, શૈલેષ પરમાર,ગ્યાસુદ્દીન શૈખ સહિતના લોકો વચ્ચે જઈનેને લોકોને સમજાવવા સાથે તમામ પ્રકારની સહાય કરી રહ્યા છે ત્યારે અમદાવાદના કોટ વિસ્તાર તેમજ દાણીલીમડા વગેરેમાં કોરોનાએ વિકરાળ રૂપ ધારણ કરતા મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ આ ત્રણેયને બેઠક કરવા બોલાવ્યા હતા. જે બેઠકમાં નાણા મંત્રી નીતિન પટેલ, ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ વગેરે હાજર રહેવા ઉપરાંત અન્ય અધિકારીઓને તેઓ મળ્યા હતા. પણ અમદાવાદના ર્રેજે વિસ્તારમાં કરફ્યુ લાગુ થવાનો હતો જેથી લોકો માટે જરૂરી ચીજવસ્તુ વિતરણ કરવાની વ્યવસ્થા સહિતની ચર્ચા થઈ.... બાદમાં પત્રકારોને મળ્યા હતા.... પરંતુ ખેડાવાલા અને ગ્યાસુદ્દીન શેખનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા સમગ્ર તંત્ર ખળભળી ગયુ તે સાથે કામે લાગી ગયું છે. ખેડાવાળા હોસ્પિટલાઈઝ છે તો મુખ્યમંત્રી- મંત્રીઓ, પત્રકારો, અધિકારીઓ સહિત સ્વયં કોરોન્ટાઈન થઈ ગયા છે. આવા સમયે રૂપાણીજી કે મંત્રીઓની વિડીઓ કોન્ફરન્સ ન કરવાની ભૂલ ગણવી તે યોગ્ય ન કહેવાય.... ત્યારે ભાજપાના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને પ્રવક્તા ભરત પંડ્યા લઘુમતી સમાજને કોંગ્રેસ સમજાવે તેવા વિડીયો બનાવે તે કેટલું યોગ્ય કહેવાય.....? વંદે માતરમ્

ગુજરાત વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે ત્યારે કેન્દ્ર કે રાજ્ય સરકાર કોમનમેનો માટે પેકેજ ક્યારે જાહેર કરશે....?

દાનવ રૂપે ત્રાટકેલા કોરોના વાયરસે વિશ્વભરના દેશોના બાહ્ય અને આંતરિક વ્યવહારોને હચમચાવી નાખ્યા છે. વિશ્વભરમાં ૨૧ લાખ ઉપરાંત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે તો મૃતાક દોઢ લાખ તરફ આગળ વધી રહ્યો છે. ભારતમાં કોરોના કેસનો આક ૧૨૦૦૦ થવા તરફ આગળ વધતો રહ્યો છે અને ૩૬ ના મૃત્યુ નોંધાયા છે. જ્યારે મહારાષ્ટ્ર કોરોના કેસો અને મૃતિકમા સૌથી આગળ છે ત્યારે ગુજરાતમાં કુલ ૮૭૧ પોઝિટિવ જ્યારે મૃતાક ૩૬ નોંધાયા છે. પરંતુ અમદાવાદ અને સુરતમાં કોરોના કેસોનો આક રોજબરોજ વધતો જઈ રહ્યો છે તેના પરિણામે રાજ્યમાં પોલીસની મદદ માટે એસઆરપી, બીએસએફ અને મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે. શરૂઆતમાં પોલીસની મદદમાં હોમગાર્ડ જવાનોને ઉતાર્યા ત્યાર બાદ એનસીસી યુવાઓને પરંતુ કેટલાક નાસમજ દર્દીઓના ડૉક્ટરો અને સ્ટાફ સાથેનો દુર્વ્યવહાર, કોરોના ટેસ્ટ કરવા સામે વિરોધ, તેમજ ર્ફષ્ઠાર્દ્ધહ ના નિયમોનુ સતત ઉલંઘન થતા અમદાવાદના કોટ વિસ્તાર, દાણીલીમડા, સુરતના વરાછા, સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ સહિતના વિસ્તારોમાં કર્ફ્યુ લાદવાની ફરજ પડી.... તો તેનુ સખતાઈથી પાલન કરાવવા પેરામિલેટ્રી ફોર્સ સહિતના જવાનોનો મેદાનમાં ઉતારવા પડ્યા છે. જો કે ગુજરાતમાં ૧૧ જિલ્લા એવા છે કે જ્યાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. બીજી તરફ રાજ્ય સરકારે અનેક નાના-મોટા દાતાઓએ જરૂરીયાતમંદો માટે ખાવા-પીવાની, રહેવા સહિતની સુવિધા કરવા ઉપરાંત લાખો પરિવારોને અનાજ સહિતનુ વિતરણ કર્યું છતાં સરકાર તેમજ દાતાઓ બધે ન પહોંચી શકે.... અને એ જ કારણે પરપ્રાંતીઓ પોતાના વતન પહોંચી જવા ગડમથલ કરતા રહે છે. જેમાં સુરતના દાખલો તાજો છે મુંબઈમાં જેમ પર પ્રાતિઓ મેદાનમાં આવી ગયા તેમ સુરતમાં પણ નાસમજ લોકો વતન પરત ફરવા રેલવે સ્ટેશન પર ઉમટી પડ્યા હતા.... તંત્રએ કુનેહ વાપરવા સાથે લાલ આખ કરતા ભટકી ગયેલા સમજી ગયા.....!

અગત્યની વાત એ રહી છે કે વિશ્વભરમાં વિજ્ઞાનીઓ, ડોક્ટરો, તજજ્ઞો કોરોના મારક રસી સંશોધન કરવામાં ગળાડૂબ થઈ ગયા છે.....તેમાં પણ નાસીપાસ થનાર તજગ્યો, કેટલાક વૈજ્ઞાનિકોએ નિવેદન કરેલા કે બે વર્ષ સુધી દવિ નહીં શોધી શકાય, તો કોઈ કહે કે કોરોના નાથવા માટે કોઈ ઉપાય નથી.... ત્યારે આવા નાસીપાસ થયેલા સંશોધકોને ગુજરાતના તજજ્ઞોએ તમાચો મારી દે તે રીતે કોરોના મારક સંશોધન શોધવામાં સફળતા મળી છે. જોકે આ પ્રથમ તબક્કો છે. પરંતુ પ્રથમ પગથિયું ચડનાર હંમેશા આ સીડી ચઢી જાય છે. ગુજરાત બાયો ટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિકોએ કોરોનાનું વંશ સૂત્ર મતલબ કે જીનોમ સીક્વન્સ શોધી કાઢ્યું છે. અને આ કારણે કોરોના વાયરસની દવા- રસીની આડઅસર વગેરે તમામ બાબતો શોધવી સરળ બનશે. આ શોધ વિશ્વભરના માનવજીવન માટે આશીર્વાદરૂપ બની જશે તે એક હકીકત છે .....મતલબ ભારત વિશ્વના દેશો માટે ગુરુ બની જશે તે નિશ્ચિત.....! અને આ તમામ વિગતો ગુજરાતના સીએમઓ દ્વારા જાહેર થઈ છે. તો ગુજરાતમાં અનેક વિસ્તારો એવા છે કે જ્યાં ખાવા-પીવાનું કે સહાય પહોંચી શકી નથી... ત્યારે સાંસદો, ધારાસભ્યો વગેરે ચૂંટણી સમયે નેતાઓ અને કાર્યકરો સાથે હાથ જોડતા ઘેર જઈને મત માંગે છે, ઓફિસો ખોલે છે, ચા- નાસ્તા જમવા સહિતની વ્યવસ્થા કરે છે.... તો અત્યારે કેમ લોકડાઉન થઈ ગયા છે....? જો કે અપવાદરૂપ પણ આગળી વેઢે ગણાય તેવા કેટલાક છે.. ત્યારે લોકોનો એટલોજ સવાલ છે શું ફરી ચૂટાવાની આશા નથી.... કે પછી ચૂંટણી લડવાના જ નથી.....?" આવા સમયે કોઈપણ ટીકા કરવી અજુગતું કહેવાય છતા.... નોંધ લેવી રહી કે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ લાઈવ આવ્યા અને માહામારીમાં લોકોને સહાય માટે બિલિયન-ટ્રીલીયન ડોલરના પેકેજની જાહેરાત કરી, તો ઈટાલીમાં નોકરી ગુમાવનારાઓ માટેના પેકેજ સહિત અન્ય પેકેજની જાહેરાત કરી, ફ્રાંસ પ્રેસિડેન્ટે સ્ટાર્ટ અપ માટે પેકેજ તેમજ ખાનગી કંપનીઓમાં નોકરી કરતા કર્મચારીઓને પણ ૫૦ ટકા ઉપરાંત પગાર અને પેકેજની જાહેરાત કરી..... ત્યારે જર્મનીમાં કંપનીઓ માટે પેકેજ ઉપરાંત માનવ પેકેજ જાહેર જાહેર કર્યા..... ત્યારે આપણે ત્યાં લાઈવ આવે... તેમા લોકડાઉન નિયમો પાળવા, ઉપરાંત લોકોને કહેવામા આવે કે તમે સરકારને મદદ કરો... દાન આપો, ગરીબોનું ધ્યાન તમે રાખો, ઘરમાં વૃધ્ધોનુ ધ્યાન રાખો- સેવા કરો.....પીએમ કેર્સ ફંડમાં કરોડો કરોડો રૂપિયા આવે....મુખ્ય મંત્રી ફંડમા કરોડો રૂપિયા આવે... પરંતુ ગરીબ, મજૂર, રોજમદારો,લોઅર મધ્યમવર્ગ, નોકરી ગુમાવનારાઓ, નાના-મોટા ધંધા-રોજગાર, ખેતી ક્ષેત્ર માટે કોઈ જ પેકેજ જાહેર ન થયા... .!આનો અર્થ શું.....? આ બાબતે રાજનેતાઓએ માત્ર મોટા ઉદ્યોગો- ધનકુબેરોને નહીં પરંતુ તેના ઉર્જા જમીની સ્તરના લોકો માટે પેકેજો આપવા જરૂરી છે... પણ સરકાર આવા પેકેજ જાહેર કરશે કે કેમ.....? વંદે માતરમ્

મોદીજીના સૂચનો કે લોકડાઉન નિયમોના ધજીયા ઉડાવનારઓને સબક ક્યારે.....?

કોરોના સંક્રમિતોની સંખ્યા વિશ્વભરમાં ૨૦ લાખને પાર થઈ ગઈ છે. જ્યારે મૃતાક ૧લાખ ૨૦ હજારે પહોંચી ગયો છે. અમેરિકાએ મૃતાકમા ઈટલીને પાછળ છોડી દીધુ છે તેમ જહોન્સ હોપકિન્સ યુની.માંથી જાણવા મળે છે. ફ્રાન્સમાં મૃતાક વધતા ર્ફષ્ઠાર્દ્ધહ ૧૧ મે સુધી લંબાયું છે. ત્યારે ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦૩૬૩ અને મૃતાક ૩૩૯ નોંધાયા છે જ્યારે બધા મળીને ૧૩૦૫૨ લોકો કોરોન્ટાઈન છે. દેશના રાજ્યો પૈકીમાં દિલ્હી, પંજાબ, બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર રાજ્યોએ ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન લંબાવી દીધું છે.ત્યારે વડાપ્રધાન મોદીજીએ આજે નવો ચીલો ચાતરી ૩ મે સુધી ર્ફષ્ઠાર્દ્ધહ લંબાવવાની જાહેરાત સાથે જ લોકડાઉન અમલ કરવા માટેની નવી ગાઈડ લાઈન આવતીકાલે બુધવારે જાહેર કરવાના છે. દેશમાં કોરોનાની ગંભીરતાને લઈને ૩ મે સુધી લોકડાઉન જાહેર કર્યું મતલબ ૧૯ દિવસ માટે.... જે નોંધનીય છે પરંતુ ખરેખર તો ભારતમાં બે માસ સળંગ લોકડાઉન જાહેર કરવું જરૂરી છે તે સાથે તમામ માનવીય અભિગમ પણ અપનાવવાં જરૂરી છે... કારણ આજે પણ ભારતમાં લોકડાઉન હોવા છતાં દેશના અનેક રાજ્યોમાં પરપ્રાંતીઓ પોતાના વતન તરફ જવા ફાફા રહ્યા છે, તેમની પાસે ખાવાના પૈસાના સાસા છે. દેશનું આર્થિક તંત્ર તેના કારણે દોડતું રહે છે તે પૈકીના લાખો શ્રમજીવીઓ, મજૂરો, ગરીબોને ખાવાનું મળતું નથી.....! જેને કારણે લોકડાઉન ભંગ થઈ રહ્યો છે..... તેમજ અનેક ના સમજ લોકો કે જેઓ કોરોનાની ગંભીરતા ન સમજતાં અમુક લોકો પાર્ટીઓ કરે છે, તો ધાર્મિક કાર્યક્રમો પણ થતા રહે છે. અનેકો પોતાના ધાબા કે ટેરેસ પર પાર્ટી કરે છે, શેરી,મહોલ્લા કે સોસાયટી બહાર બેસે છે તેવાઓ તથા કોઈ પણ બહાને ઘરબહાર ખોટા બહાને ટહેલવા નીકળી પડે છે.... પોલીસ બધે પહોંચી શકે તેવી સ્થિતિ નથી. વસ્તીના પ્રમાણમાં માડ અડધી પોલીસ છે અને એ કારણે સરકારોએ નિવૃત્ત પોલીસો- એસઆરપી-બીએસએફ વગેરે તેમજ હોમગાર્ડ,એનસીસી યુવાઓની સેવા લેવાનું શરૂ કરી દીધું છે... પરંતુ હવે એસઆરપી, બીએસએફ અને રેપિડ એક્શન ફોર્સને પણ મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે. અને એ કારણે મોદીજીએ દેશભરના ભણેલા-ગણેલા નાસમજ અબુધોને રખડતા કે પાર્ટીઓ કરતા કે ટોળકીમા જમા થતાઓને અટકાવવા માટે નિયમોનું ચુસ્ત પાલન કરાવવાના દિશા નિર્દેશ આપવા ફરજ પડી છે.....!

દેશમાં જ્યારે મહામારી ચાલી રહી છે ત્યારે દેશને માર્ગદર્શન આપનાર વડાપ્રધાન મોદીજીના સૂચનોનું જાહેરમાં લિલામ તેમના નેતાઓ જ કરતા રહે છે.... જેમાં દિલ્હી ખાતે દિલ્હી ભાજપા અધ્યક્ષ માસ્ક વેચવા ભીડ કરી, કર્ણાટકમાં ભાજપના મંત્રીશ્રીએ તેમનો જન્મદિવસ લોક ટોળા વચ્ચે ભારે ધામધૂમથી ઉજવ્યો, તો ગુજરાત ભાજપા અધ્યક્ષ દરેક પક્ષો એક થઈને કોરોનાનો સામનો કરી રહ્યા છે -સરકાર સાથે છે ત્યારે વિપક્ષ વિરુદ્ધ નિવેદન કર્યું તો કચ્છના ભાજપા મંત્રીએ કલેક્ટરને ચેક અર્પણ કરી બહાર આવી સો જેટલા લોકો સાથે ફોટોશૂટ કરાવ્યું, તો તાજો દાખલો છે ગુજરાતની સંસ્કાર નગરી વડોદરામાં પોતાના વિસ્તારમાં દવા છંટકાવ ન થતા ભાજપાના જ કોર્પોરેટરે પોતાનો લેઘો કાઢી જાહેરમાં દેખાવ કરતાં લોકો એકઠા થઈ ગયા ત્યારે આવા લોકોને કોણ રોકશે....? સરકાર તેઓની સામે ક્યારે પગલાં લેશે....? અને એ કારણે કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારે દરેક નાગરિકો સાથે કાયદાનુસાર એકસરખો જ અમલ કરવા આદેશો આપવા જોઈએ. જે અતિ જરૂરી છે. કોરોનાએ વિશ્વના અર્થતંત્રને રફેદફે કરી નાખ્યું છે જ્યારે ભારતીય અર્થતંત્રને પણ ૮ લાખ કરોડનું નુકસાન પહોંચાડી દીધું છે. તો ગુજરાતની તિજોરીમાં મોટું ગાબડું પડવાનું છે જે વાત સ્વીકારવી જોઈએ.... કોરોનાને કારણે ખાવાના સાસા પડતા યુપીમાં એક માતાએ પોતાના પાંચ સંતાનોને ગંગા નદીમાં નાખી દીધા તો અસંગઠિત કામદારો, ગરીબોની, મજુરોની હાલત કેવી હશે.....?! સરકારો તેનાથી બનતી તમામ સહાય કરે છે પરંતુ બધે ન પહોંચી શકે....?ત્યારે વધુમાં વધુ નાના-મોટા ભામાશાઓએ બહાર આવી આવા જરૂરતમંદોને ખાવાનું આપવા કે પછી અનાજ આપવા તૈયાર થવું જરૂરી છે... કારણ મજુરોની ભૂખ ન કરવાનું કરી શકે.....! ત્યારે ધર્મસ્થાનોમાં દાન આપનાર સમજે.... કે ધર્મ તો પુરાઈ ગયો છે... કોઈ માનવીની મદદે આવ્યો નથી... ત્યારે તમે પોતે જ ધર્મ છો તેમ સમજીને જરૂરતમંદ લોકોની સહાય માટે મદદમાં આવું જરૂરી છે.....!

ગુજરાત સહિત દેશભરમાં બધું જ બંધ છે. લોકોની આવક પણ બંધ છે. મહામારી દૂર થયા બાદ તમામ ક્ષેત્રો ધમધમતા થવામાં છ માસથી વધુ સમય થઈ જશે.....! તે સ્પષ્ટ હકીકત છે. જ્યારે સરકારે અનેક સહાય જાહેર કરી છે જેમાં બેંક અને મકાન હમામા રાહત આપી છે. તો સરકારી વીજળીના બિલમાં રાહતો આપી છે.... તો પછી મહાનગરો-શહેરોમાં લાઇટબીલ માફી -શાળાઓમિ ફી માફી આપવામાં વાંધો શુ હોઈ શકે.....? જો ઉદ્યોગોને વિજ માફ કરી શકાય તો રહેણાક વિસ્તારોને માફી આપવાનુ સરકાર વિચારે તે અતિ જરૂરી છે..... અને સમયની માંગ છે. ગુજરાતમાં ખાસ તો અમદાવાદ, વડોદરા, સુરત શહેરમાં વધુ પ્રમાણમાં કોરોના સંક્રમિત કેસો નોંધાયા છે. તેમાં પણ અમદાવાદનો કોટ વિસ્તાર હોટસ્પોટ બની ગયો છે, સુરતનો વરાછા વિસ્તાર જેથી સરકાર, મનપા, આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર ભારે તકલીફમાં મુકાઈ ગયું છે. કોટ વિસ્તારનેતો ર્રેજે જાહેર કરાયો છે ત્યારે કેટલાક લોકોની ના સમજ ને લઈને ર્ફષ્ઠાર્દ્ધહ નિયમ ભંગ કરનારા સામે લાલ આખ કરવાની તંત્રને ફરજ પડી છે .મોઢા પર માસ્ક,રૂમાલ,કપડુ ન બાધે તો પાંચ હજારનો દંડ અને દંડ ન ભરે તો જેલની બાબતે અમદાવાદની આમ પ્રજાએ અમલ કરી દીધો છે... જે સ્પષ્ટ દેખાય છે. જે સ્તુત્ય પગલું છે. ત્યારે ટહેલવા-રખડવા નિકળી પડનારાઓ સાવધાન હવે પોલીસની મદદમાં એસઆરપી, બીએસએફ,પેરા મિલેટ્રી મેદાનમાં ઉતારવાની સરકારને ફરજ પડી છે. ત્યારે હવે નિયમ તોડશો નહીં તેમા જ સૌની ભલાઈ છે....વંદે માતરમ્



મેગાસ્ટાર અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ઘણા એક્ટિવ જોવા મળે છે. તેઓ પોતાની જૂની તસવીરો ઘણી વાર પોસ્ટ કરતા રહે છે. બિગ બીની તસવીરો માટે તેમના ચાહકો ઘણા જ ઉત્સાહિત હોય છે. તેઓ ખૂબ જ આતુરતાથી બિગ બીના ફોટાની રાહ જોતા હોય છે. હાલમાં જ બિગ બીએ તેમની એક જૂની તસવીર પોસ્ટ કરી અને લખ્યું કે આ એક ફિલ્મ મેગેઝિન માટે કરાવેલા તેમના પહેલા ફોટોશૂટની તસવીર છે. તે વખતે તેઓ કોઈ સ્ટાર નહોતા. ના તો સ્ટાઈલિશ હતા. તેમની એ તસવીર જોઈને હસવું આવી જાય કે તે વખતે તેઓ કેવા લાગતા હતા. જોકે તેમના પ્રશંસકોએ તેમના ફોટાની પ્રશંસા કરતાં કહ્યું કે તમે સ્ટાર હતા, છો અને રહેશો. અમિતાભ બચ્ચને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૫૦ વર્ષ જેટલો સમય વિતાવ્યો છે. તેમણે ૧૮૦થી પણ વધારે ફિલ્મોમાં અભિનય કર્યો છે.

જમાતીઓ પર રંગોલી ચંદેલનું ટ્વીટ

મુલ્લાઓને લાઈનમાં ઉભા રાખીને ગોળીઓ મારી દો

મુંબઈ

દેશભરમાં પોલીસ અને ડૉક્ટરો પર થઈ રહેલી હિંસા પર હવે એક્ટ્રેસ કંગનાની બહેન રંગોલી ચંદેલ ભડકી છે. રંગોલીએ એક વિવાદિત ટ્વીટ કરીને જમાતીઓને ગોળીઓ મારી દેવાની વાત કહી છે. આ ટ્વીટ ટ્રોલ થયા બાદ આવ્યુ હતુ. દેશભરમાં કોરોનાનુ કારણ જમાતીઓ બની રહ્યાં છે, દેશના દરેક રાજયમાં જમાતીઓના કારણે કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. વળી બીજી બાજુ ડૉક્ટરો અને પોલીસકર્મીઓ પર હુમલાઓ પણ થઈ રહ્યાં છે.રંગોલીએ ટ્વીટ કરતાં કહ્યું કે, એક જમાતી કોરોના વાયરસથી મરી ગયો. જ્યારે ડૉક્ટરો અને પોલીસકર્મી તેને ચેક કરવા ગયા તો તેમના પર હુમલો કરે છે.

અને મારી નાંખે છે. સેક્યૂલર મીડિયા અને ફેક મુલ્લાઓને એક લાઈનમાં ઉભા રાખીને ગોળી મારી દેવી જોઈએ. આપણે



ઈતિહાસની પરવા ના કરવી જોઈએ કે કોઈ આપણને નાઝી કહેશે, જિંદગી ફેક ઈમેજથી વધુ કિંમતી છે. રંગોલી આ ટ્વીટ બાદ ટ્વીટર પર લોકોએ તેના આ નિવેદનને ખોટુ ગણાવ્યુ. આના કારણે સતત રંગોલી ટ્રોલ થઈ બાદમાં તેને પોતાના નિવેદનમાં સ્પષ્ટતા કરતા વધુ એક ટ્વીટ કર્યુ હતુ.

બાદમાં રંગોલીએ વધુ એક ટ્વીટ કર્યુ હતુ, જેમાં તેને ડૉક્ટરો પર હુમલા કરનારાને દેશદ્રોહી કહ્યા હતા. રંગોલીએ ટ્વીટ કર્યુ- આપણું બંધારણ કહે છે કે આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. તો પછી એવુ કેમ કહેવામાં આવી રહ્યું છે કે મે કોઈ એક ધર્મના લોકોને ગોળી મારવાનુ કહ્યું છે. મેને સ્પષ્ટપણે કહ્યું છે કે જે ડૉક્ટરો પર હુમલો કરી રહ્યાં છે સરકાર તેમની પર રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કરી રહી છે, તો તેનો અર્થ તે આતંકવાદી થયા. તો પછી આટલુ બધુ મરચુ કેમ? દેશભરમાં કોરોનાનુ કારણ જમાતીઓ બની રહ્યાં છે, દેશના દરેક રાજયમાં જમાતીઓના કારણે કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે.

લોકડાઉન ૨.૦ બાદ બોલિવૂડ ને લગભગ ૧૦૦૦ કરોડથી વધારેનું નુકશાન

મુંબઈ

આખી દુનિયામાં કોરોના વાયરસ કહેર બનીને તૂટી પડયો છે અને બોલિવૂડને પણ તેણે પોતાના ઝપટે લઈ લીધું છે. કોરોનાને કારણે ૨૪ માર્ચથી આખા દેશમાં લોકડાઉન લાગુ છે. હવે કોરોનાના વધી રહેલા કેસને ધ્યાનમાં રાખી લોકડાઉનને ત્રણ મે સુધી લંબાવી દેવામાં આવ્યું છે આવામાં બોલિવૂડની મુશ્કેલી વધી રહેલી દેખાય છે કેમ કે ૩ મે સુધી માત્ર કામકાજ અટકી પડશે એટલું નહીં આવનારા દિવસોમાં રિલિઝ થનારી ફિલ્મો પણ આવી શકશે નહીં. પહેલાં એવું મનાય રહ્યું હતું કે થિયેટર્સ બધં થવાથી ૬૦૦થી ૯૦૦ કરોડનું નુકસાન જઈ શકે છે પરંતુ હવે એવું મનાય રહ્યું છે કે લોકડાઉન ૨.૦ બાદ આ આંકડો ૧૦૦૦ કરોડને પાર કરી જશે. ફિલ્મ એનાલીસ્ટોનું માનવું છે કે લોકડાઉન બાદ થિયેટર ખુલી પણ જાય છે તો લોકો તુરતં સિનેમાઘરોમાં આવી જશે તે કહેવું ભૂલભરેલું છે.

કોરોનાને કારણે થયેલા લોકડાઉનથી સૌથી પહેલાં બાગી–૩ અને અંગ્રેજી મીડિયમે નુકસાન ઉઠાવવું પડયું હતું. આ બન્ને ફિલ્મોને ૧૦૦થી ૧૫૦ કરોડની કલબમાં ગણવામાં આવતી હતી. આ પછી સૂર્યવંશી અને ૮૩ની રિલિઝ તારીખ ટળી ગઈ જે ૧૫૦થી ૨૦૦ કરોડ કરતાં વધુની કમાણી કરી શકે તેમ હતી. હવે સ્થિતિ સામાન્ય



થવામાં કદાચ ઓગસ્ટ અથવા સપ્ટેમ્બર સુધીનો સમય લાગી જશે આવામાં આ ફિલ્મોના વેપાર ઉપર પણ અસર પડશે. લોકડાઉનને કારણે મંદી મોઢું ફાડીને ઉભી છે અને બજારમાં મંદીની સીધી અસર બોલિવૂડ બિઝનેસ ઉપર પણ પડશે.

ભારત કરતાં પહેલાં ચીનમાં પણ સતત અનેક મહિનાઓ સુધી કોરોનાને કારણે લોકડાઉન રહ્યું હતું. યારે ત્યાં લોકડાઉન હટાવ્યા બાદ તુરતં સિનેમાઘરો ખોલવામાં આવ્યા તો દર્શકો ફિલ્મ જોવા પહોંચ્યા નહીં અને ત્રીજા દિવસ જ સિનેમાઘરો બીજી વખત બધં કરવા પડયા હતા. આવામાં જો લોકડાઉન પૂર્ણ થયા પછી સિનેમાઘર ખોલીને તેમાં ફિલ્મો રિલિઝ કરવામાં આવશે તો તેને ભારે નુકસાન જશે. રોહિત શેટ્ટી અને કબીર ખાન પોતાની ફિલ્મો રિલિઝ કરવા તૈયાર છે. આ વર્ષનો સમય લોકડાઉનને કારણે પસાર થતો જઈ રહ્યો છે. આવામાં જે ફિલ્મોની રિલિઝ અટકી ગઈ છે તેના વચ્ચે ટક્કર થવાની સંભાવના પણ નકારી શકાતી નથી. આ ટક્કરથી તમામ ફિલ્મોએ નુકસાન ઉઠાવવું પડી શકે છે. સૂર્યવંશી ઉપરાંત ૮૩, કુલી નંબર વન, ગુંજન સકસેના: ધ કારગીલ ગર્લ જેવી મોટી ફિલ્મો રિલિઝ થવા તૈયાર છે. આ ઉપરાંત સલમાનની રાધે: યોર મોસ્ટ વોન્ટેડ ભાઈની રિલિઝ પણ ટાળી દેવામાં આવી છે.

સુરેશ રાઈનાનો પસંદગીકારોને સવાલ ૨૦૧૯ વિશ્વકપ માટેની યો-યો ટેસ્ટ પાસ કર્યો હોવા છતાં કેમ ન મળ્યું સ્થાન..?

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમમાં યુવરાજ સિંહ, ગૌતમ ગંભીર, વીવીએસ લક્ષ્મણ અને વીરેન્દ્ર સહેવાગ જેવા શ્રેષ્ઠ અને પ્રતિભાવાન ખેલાડીઓને કરિયરના અંતિમ તબક્કામાં જે સન્માન મળવું જોઈતું હતું તે મળ્યું નહીં. આ વાત ખૂદ ભારતીય ટીમમાં પરત ફરવાની આશા સેવતા ક્રિકેટ સુરેશ રૈનાએ કરી છે. ઈન્સ્ટાગ્રામ ચેટ પર સુરેશ રૈનાએ એ સમયના પસંદગીકારોને આડેહાથ લીધા હતા અને આ વાત કહી હતી. ૨૦૧૯ના વિશ્વકપ પહેલાંની વાતને ટાંકતા સુરેશ રૈનાએ કહ્યું કે, એનસીએમાં યુવરાજ અને મેં યો-યો ટેસ્ટ પાસ કરી હતી. માત્ર પાસ નહોતી કરી પણ સારા નંબર પણ લીધા હતા. આમ છતાં વિશ્વકપમાં અમને સ્થાન ન મળ્યું. આ ઘટના પાછળ શું કારણ છે એ મને બતાવવામાં નથી આવ્યું. મને લાગે છે કે પસંદગીકારો સિનીયર ખેલાડીઓને લઈ ગંભીર નથી. રૈનાએ વધુમાં કહ્યું કે, પસંદગીકારોને અમારી ભૂલો બતાવવી જોઈએ. જેથી અમે આગળ એ ભૂલ ન થાય તેનું ધ્યાન રાખી શકીએ. પણ અમને ટીમમાં પસંદ ન કરવાનું કારણ જ નહીં ખબર પડે તો અમે કેવી રીતે ખૂદને સાબિત કરીશું.

ધોનીના ભવિષ્યને લઈને પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફનો મત

ધોનીમાં હજુ પણ ક્રિકેટ બાકી, તેને ટી-૨૦ વર્લ્ડકપ રમવો જોઈએ

નવી દિલ્હી

કિસ શ્રીકાંત, ગૌતમ ગંભીર અને વીવીએસ લક્ષ્મણ બાદ પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફએ પણ મહેન્દ્ર સિંહ ધોનીના ભવિષ્યને લઈને પોતાનો મત રજૂ કર્યો હતો. કૈફે ધોનીનું સમર્થન કરતા કહ્યું કે આ વિકેટકીપર-બેટ્સમેનમાં હજુ ક્રિકેટ બાકી છે અને આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડકપમાં સામેલ ના કરવો તેની સાથે અન્યાય હશે. કોરોના વાયરસના કારણે આઈપીએલ ૨૦૨૦ અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. એવામાં અનેક દિગ્ગજનું કહેવું છે કે જો આઈપીએલ નહી યોજાય તો ધોનીની વાપસી મુશ્કેલ થઈ જશે. એવામાં કૈફે ધોનીની ટીમ ઈન્ડિયામાં વાપસીની વાત કરી હતી. મોહમ્મદ કૈફે કહ્યુ કે, લોકોનું ધ્યાન એ વાત પર હતું કે ધોની આઈપીએલમાં કેવું પરફોર્મ કરે છે. બાદમાં જ ટી-૨૦ વર્લ્ડકપની વાત થવાની હતી. પરંતુ મારો વિચાર છે કે ધોનીને આઈપીએલના ફોર્મ પરથી જજ કરવો જોઈએ નહી. તે એક મહાન બેટ્સમેન છે. તે આઈપીએલ રમવા માંગતો હતો અને ચેન્નઈ સુપરકિંગ્સની કેપ્ટનશીપ કરવા માંગતો હતો. તે આઈપીએલમાં પોતાની ક્ષમતાઓનું પ્રદર્શન કરવા માંગતો હતો. કૈફે કહ્યુ કે, એટલા માટે મને લાગે છે કે તેને ટીમમાંથી બહાર કરવો યોગ્ય નથી. ધોનીએ ૨૦૧૯ના વર્લ્ડકપની સેમિફાઈનલમાં અંતિમ ઈન્ટરનેશનલ મેચ રમી હતી. આ મેચમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. બાદમાં જ ધોનીની નિવૃતિની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. મોહમ્મદ કૈફે કહ્યુ કે, વર્લ્ડકપની સેમિફાઈનલમાં અસફળતા છતાં મહેન્દ્રસિંહ ધોની ચેમ્પિયન ખેલાડી છે. સેમિફાઈનલમાં તમામ વ્યક્તિએ આશા રાખી રહ્યો હતો કે ધોની ટીમને જીત અપાવશે પરંતુ એવું થઈ શક્યું નહી. મારા માટે ધોની એક ચેમ્પિયન ખેલાડી છે. લોકોએ ધોનીનો છેલ્લા ૧૦-૧૫ વર્ષનો રેકોર્ડ જોવો જોઈએ.

લોકડાઉનનું પાલન કરવાની અને ડોક્ટર્સનું સન્માન કરવાની સલમાન ખાને કરી અપીલ

મુંબઈ

ભારતમાં અત્યાર સુધી કોરોના વાયરસ ૧૧ હજારથી વધુ લોકોને ભરડામા લઈ ચુક્યો છે. તેમાંથી ૯,૭૫૬ લોકો કોવિક-૧૯ મામલે સક્રિય છે, જ્યારે એક વ્યક્તિ અન્ય દેશમાં ચાલ્યો ગયો છે અને ૩૭૭ લોકોને આ ઘાતક વાયરસ ભરખી ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર, મહારાષ્ટ્ર ૨,૬૮૭ કેસો સાથે દેશમાં સૌથી વધુ કોરોના પ્રભાવિત રાજ્ય છે. ત્યાં દિલ્હીમાં ૧,૫૬૧ કેસ અને તમિલનાડુમાં ૧,૨૦૪ કેસ નોંધાયા છે. સાથે જ દેશમાં આ વાયરસ સામેની જંગ માટે લોકડાઉનને ૩ મે સુધી લંબાવી દેવામાં આવ્યું છે. આ લૉકડાઉન દરમિયાન બોલીવુડના અનેક દિગ્ગજ પોતાના ઈન્સ્ટાગ્રામ અથવા ટ્વિટર એકાઉન્ટ પર સતત વીડિયોઝ શેર કરીને લોકોને કોરોના વિશે જાગૃત કરતાં રહેછે. તેવામાં બોલીવુડના દબંગ ખાન સલમાન ખાને કોરોનાને લઈને પોતાના ફેન્સને દેશવાસીઓને જાગૃત કર્યા છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર લગભગ ૧૦ મિનિટનો એક વીડિયો શેર કરતાં કહ્યું કે, સામાન્ય લોકોની જેમ જ તે પણ લોકડાઉનમાં છે. તે પમ પોતાના પરિવારજનો સાથે પોતાના ફાર્મ હાઉસ પર આવ્યો હતો અને લોકડાઉનના કારણે તે ત્યાં ફસાઈ ગયો છે. તેમ છતાં તે નિયમોનું પુરુ પાલન કરી રહ્યો છે. આ વીડિયોમાં સલમાન લોકડાઉન તોડનાર લોકો પર ખૂબ જ ગુસ્સે થતાં નજરે આવી રહ્યો છે. સલમાને લોકડાઉનનું પાલન કરવાની વાત કહી અને ડોક્ટર્સનું સન્માન કરવાની અપીલ કરી છે. સલમાને કહ્યું કે જે લોકો લોકડાઉનનું પાલન નથી કરી રહ્યાં તે ખૂબ જ બહાદુર છે પરંતુ શું તે એટલા બહાદુર છે કે પોતાની ભૂલના કારણે પોતાના પરિવારનો જીવ જોખમમાં મુકશે અને પછી તેની અરથી ઉપાડશે? સલમાને કહ્યું કે આ એક એવી બિમારી છે જેનો કોઈ ઈલાજ નથી અને જો હવે તેને ગંભીરતાથી નહી લો તો આ ધીમે ધીમે આખા દેશને ખતમ કરી નાંખશે.

ડ્રેસિંગ રૂમમાં ખેલાડીયોના વર્તનને લઈ મોહમ્મદ શમીનો ખુલાસો

નવી દિલ્હી

મોહમ્મદ શમી આ દિવસોમાં અન્ય ક્રિકેટ ખેલાડીઓની જેમ લોકડાઉનને કારણે ઘરે સમય પસાર કરી રહ્યો છે. તેઓ આજકાલ સોશિયલ મીડિયા પર પણ વધારે એક્ટિવ જોવા મળે છે. શમીએ બુધવારે ઈન્સ્ટાગ્રામ લાઈવ પર ઈરફાન પઠાણ સાથે વાતચીત કરી. આ દરમિયાન પઠાણે ભારતીય ટીમના યુવા ખેલાડીઓ પર તેની પૂછપરછ કરી હતી. ઈરફાન પઠાણે કહ્યું કે જ્યારે તે ટીમમાં આવ્યો ત્યારે સચિન, લક્ષ્મણ, કુંબલે, દ્રવિડ, ગાંગુલી જેવા દિગ્ગજ ખેલાડીઓ હતા અને તેઓએ ખૂબ શિસ્તબદ્ધ રહેવું પડ્યું. પઠાણે શમીને પૂછ્યું કે હાલની ટીમ ભારતના જુનિયર કેવી છે? આ સવાલનો જવાબ આપતી વખતે મોહમ્મદ શમીએ કેટલાક આશ્ચર્યજનક ખુલાસા કર્યા હતા.

મોહમ્મદ શમીએ ઈરફાન પઠાણને કહ્યું કે યુઝવેન્દ્ર ચહલ ડ્રેસિંગ રૂમમાં સૌથી વધારે મસ્તી કરે છે. તેઓ સિનિયર અને જુનિયરને જરા પણ ધ્યાનમાં લેતા નથી. શમીએ કહ્યું, 'સિનિયર ખેલાડીઓ હતા તે પહેલાં તેઓ આવીને



વાતો કરતા હતા. પરંતુ ચહલ તો સીનીયરને મારીને જતો રહે છે. તેમણે બચકા ભરી લે છે. તે ખૂબ મસ્તી કરે છે. શમીએ ઈરફાનને કહ્યું કે હું થાકીને આવ્યો અને ચહલ ડ્રેસિંગ રૂમમાં હતો. તેણે કહ્યું ખુણામાં આવો. હું તને બહું મારીશ. મેં કહ્યું પહેલા આઈનામાં તારું મોં જો..

શિખર ધવન વિશે મોહમ્મદ શમીએ ખુલાસો કર્યો કે તેને ભૂલી જવાની ટેવ છે. શમીએ કહ્યું, 'ધવન ખૂબ જ ભુલક્કડ છે. શિખર ધવન એક ખૂબ જ સરો વ્યક્તિ છે પરંતુ ખૂબ જ ભૂલી જાય છે. એક દિવસ વિરાટ ભાઈએ મને કહ્યું કે જ્યારે હું બેટિંગ કરવા ક્રીઝ પર ઉતર્યો હતો ત્યારે મેં શિખરને પૂછ્યું હતું કે બોલર કઈ બોલર કરી રહ્યો છે, ત્યારે ધવને ઝડપી બોલિંગ કહ્યું. ઈરફાન પઠાણે શમીના આ મામલે ધવનનું એક કિસ્સો પણ સંભળાવ્યો. પઠાણે કહ્યું, 'મેં આઈપીએલ દરમિયાન મુંબઈ સામે શાનદાર બોલિંગ કરી હતી અને મેં ૩.૩ ઓવરમાં ઘણા ઓછા રન આપ્યા હતા અને પોલાર્ડની વિકેટ પણ લીધી હતી. પછીની મેચમાં ધવને મને ફક્ત એક ઓવર આપી. જ્યારે અમે મેદાનની બહાર આવ્યા, ત્યારે તેણે મને કહ્યું, ઓહ, હું તારાથી ઓવર કરાવવાનું જ ભૂલી ગયો. મોહમ્મદ શમીએ કહ્યું કે ઋષભ પંતને પણ ખૂબ મસ્તી કરે છે અને તે ખૂબ જ પ્રતિભાશાળી ખેલાડી પણ છે. શમીએ કહ્યું, ઋષભ પંત ખૂબ જ સ્ટાઈલમાં રહે છે. તે પણ ક્લેશ કરે છે. તે રૂમ પાર્ટનરની જેમ મારી સાથે રહે છે. મારી સાથે જ જમે લે છે. તે જ મારી સાથે બધે આવે છે. ગિલ, સૈની પણ અમારી સાથે આવે છે. પંતની અંદર સારો ટેલેન્ટ છે.

કતાર ફિફા વર્લ્ડ કપની તૈયારીઓમાં લાગેલા ૫ કર્મચારીઓ કોરોના પોઝિટિવ

યુવેન્ટ્સ કલબના રુગાની અને મતુડીએ વાયરસને માત આપી

નવી દિલ્હી

કોરોનાવાયરસ હવે કતાર ફૂટબોલ વર્લ્ડ કપ સુધી પહોંચી ગયો છે. ૨૦૨૨માં થનાર આ ટૂર્નામેન્ટની તૈયારીઓમાં લાગેલા ૫ કર્મચારીઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ બધા કર્મચારીઓ ત્રણ અલગ-અલગ સ્ટેડિયમ સાથે જોડાયેલા છે. વર્લ્ડ કપથી સંબંધિત આ કોરોનાનો પ્રથમ કેસ છે. બીજીતરફ, ઈટલીના ફૂટબોલ ક્લબ યુવેન્ટ્સના બે સ્ટાર ખેલાડી ડેનીલે રૂગાની અને બ્લેજ મતુડીએ કોરોનાને માત આપી છે. અત્યારે બંને સ્ટાર સેલ્ફ આઈસોલેશનમાં છે. કોરોનાને કારણે જુલાઈ-ઓગસ્ટ સુધી વિશ્વની તમામ ટૂર્નામેન્ટ્સ રદ્દ અથવા સ્થગિત કરવામાં આવી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગને અનિશ્ચિતકાળ સુધી સ્થગિત કરવામાં આવી છે.

કતાર વર્લ્ડ કપ પ્રબંધને કહ્યું, "અલ-થુમામા સ્ટેડિયમમાં સુપ્રીમ કમિટીના કોન્ટ્રાકટર તરીકે કામ કરનાર સ્ટાફના બે સદસ્ય કોરોના સંક્રમિત છે. તેમના સિવાય અન્ય ત્રણમાંથી એક અલ-રાયન સ્ટેડિયમ અને બે અલ-બયાત સ્ટેડિયમમાં કામ કરી રહ્યા છે. કતાર ફિફા વર્લ્ડ કપ માટે ૭ નવા સ્ટેડિયમ બનાવી રહ્યું છે. એક તૈયાર પણ થઈ ગયું છે, જેને ઓફિશિયલી ખોલી દેવામાં આવ્યું છે.

રુગાની ઈટલીની ફૂટબોલ લીગ સીરી-છનો પ્રથમ ખેલાડી હતો,

જે કોરોના સંક્રમિત થયો હતો. તેના પછી ૧૫ માર્ચે જ લીગના ૧૧ ખેલાડીઓનો કોરોના પોઝિટિવ આવ્યો હતો. આ લીગમાં ૨૦ ટીમો રમે છે. તે બાદ ડોકટરે નવી હેલ્થ એડવાઈઝરી જારી કરીને ખેલાડીઓને પ્રેક્ટિસ ન કરવા અને ઘરે રહેવાની સલાહ આપી હતી. સ્પેનની લીગ વૈલેંસિયા માટે રમતા ઈજિકવિલ ગૈરે પણ કોરોના સંક્રમિત હોવાનું સામે આવ્યું હતું. આ બધા ખેલાડીઓને કવોરન્ટીન કરવામાં આવ્યા છે. યુવેન્ટ્સનો સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો પણ પોતાના ઘરે કવોરન્ટીન છે. જોકે તે વાયરસથી સંક્રમિત નથી.

ભારત-પાકિસ્તાન વનડે સિરીઝ પર BCCIનું મોટું નિવેદન

સરકારની મંજૂરી વિના પાક સામે દ્વિપક્ષીય શ્રેણીમાં ભાગ લઈ શકશે નહીં

નવી દિલ્હી

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ વિરુદ્ધ ચાલી આવેલી લડાઈ બીસીસીઆઈએ જીતી લીધી છે. બીસીસીઆઈએ રમતની સર્વોચ્ચ સંસ્થા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદને આ વાત સમજાવવામાં સફળતા હાંસલ કરી લીધી છે કે પાકિસ્તાન વિરુદ્ધ ક્રિકેટ ન રમવાના કારણે સરકારથી મંજૂરી મળશે નહીં. એક રિપોર્ટ મુજબ બીસીસીઆઈના અધિકારીએ જણાવ્યું કે બોર્ડે વકીલોને આઈસીસીની સામે યોગ્ય રીતે તેમની વાત રાખી, જે બાદ રમતની સર્વોચ્ચ સંસ્થાએ અમારી વાતને સમજી.

આઈસીસીએ એક નિવેદનમાં કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે મહિલા ચેમ્પિયનશિપ હેઠળની સીરીઝ જુલાઈ અને નવેમ્બર ૨૦૧૯ માં યોજાવાની હતી, પરંતુ તે થઈ શક્યું નહીં. બીસીસીઆઈએ કહ્યું છે કે તેઓ સરકારની મંજૂરી વિના પાકિસ્તાન સામે દ્વિપક્ષીય શ્રેણીમાં ભાગ લઈ શકશે નહીં.

બીસીસીઆઈના એક અધિકારીના જણાવ્યા અનુસાર બોર્ડના વકીલોએ આઈસીસીને કહ્યું કે તે માત્ર પાકિસ્તાન સામે રમવાની વાત નથી પરંતુ દરેક ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે અમને સરકારની પરવાનગીની જરૂર છે. આવી સ્થિતિમાં જ્યારે અમને સરકારની મંજૂરી પણ નહીં મળે ત્યારે આપણે કેવી રમી શકીએ. આ પછી જ, આઈસીસીની તકનીકી સમિતિએ એક નિવેદન બહાર પાડ્યું હતું કે મહિલા ચેમ્પિયનશીપની ત્રણ શ્રેણી યોજાઇ શકી નથી, જે પછી પોઇન્ટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. આ આધારે, ભારતે ૨૦૨૧ મહિલા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું છે.

સંયોગ..!!, જે દેશની ભાગદોડ મહિલાના હાથમાં, કોરોના સામેની જંગમાં તેનો રેકોર્ડ વધુ સારો

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામેની લડતમાં તે દેશ વધારે સારૂ કરી રહ્યાં છે, જેની ભાગદોડ મહિલાઓના હાથમાં છે. એટલે કે વડાપ્રધાન અથવા રાષ્ટ્રપતિ પદ પર જયાં મહિલાઓ વિરાજમાન છે. આ દેશોએ સમયસર જરૂરી ઉપાયો કર્યા અને મહામારીને વિકરાળ રૂપ ધારણ કરવા પર રોક લગાવી.

ઉદાહરણ તરીકે જર્મનીની વાત કરીએ. કોરોના સંકટને જોઈને જર્મન ચાન્સલર એન્જેલા મર્કેલે દેશવાસીઓથી કહ્યું હતું કે, કોવિડ-૧૯ દેશની ૭૦ ટકા આબાદીને પ્રભાવિત કરી શકે છે. જો કે, વાયરસે જર્મનીમાં મોટા પ્રમાણમાં લોકોને સંક્રમિત કર્યા, પરંતુ મૃતકોની સંખ્યા અહીં પાડોશી દેશો કરતા ઘણી ઓછી છે. આ કારણે એન્જેલા મર્કેલ દ્વારા તત્કાલીક લેવામાં આવેલું પગલું છે. જર્મનીમાં વધતા કેસ મામલે વ્યાપક સ્તર પર ટેસ્ટિંગ શરૂ કર્યું, મોટી સંખ્યામાં ઈન્ટેંસિવ કેર બેડ તૈયાર કર્યા.

આ પ્રકારે રાષ્ટ્રપિત સાઈ ઈંગ-વેનના નેતૃત્વમાં તાઈવાન કોરોના સામે જંગમાં પોતાને ઘણી સારી સ્થિતિમાં પહોંચાડવામાં સફળ રહ્યાં. મહામારીના ખતરાને જોઈ સાઈ ઈંગ-વેનના આદેશ પર તાઈવાન દ્વારા મહામારી કમાન્ડ સેન્ટર સ્થાપિત કર્યા, ફેસ માસ્ક જેવી વ્યક્તિગત સુરક્ષાત્મક ઉપકરણનું ઉત્પાદન ઝડપી કરાયું અને સુરક્ષા માટે ચીન, હોંગકોંગ અને મકાઓથી તમામ ફ્લાટ્સ પર પ્રતિબંધ કરવામાં આવી. વાયરસના પ્રસારને રોકવા માટે ૧૨૪ ઉપાય લાગુ કર્યા. પરંતુ લોકડાઉન તેનો ભાગ ન હતો. કોરનાથી પોતાની રક્ષા કરવાની સાથે તાઈવાન હવે સંયુક્ત રાજ્ય અમેરિકા અને યૂરોપને ૧૦ મિલિયન ફેસ માસ્ક મોકલી રહ્યું છે.

જેસિન્ડા અર્ડર્નના નેતૃત્વમાં ન્યૂઝીલેન્ડ પણ કોરોના સામેની લડતમાં બાકી દેશોથી ઘણું આગળ નકળી ગયું છે. તેનું કારણ છે પ્રારંભિક સ્તપ પર લેવામાં આવેલા યોગ્ય નિર્ણય. ન્યુઝીલેન્ડે ૧૯ માર્ચના વિદેશીઓ માટે લોકડાઉન જાહેર કરતા પોતાની બોર્ડરોને સીલ કરવામાં આવી છે. તે સમયે ત્યાં કોરોનાના માત્ર ૬ કેસ જ સામે આવ્યા હતા. ત્યારબાદ મોટા પ્રમાણમાં ટેસ્ટિંગને અંજાન આપવામાં આવ્યો, જેના કારણે કોરોના સંક્રમિતોની જાણકારી મળી અને વાયરસને ફેલાવા પર નિયંત્રિત કરી શકાય. અત્યારસુધીમાં ત્યાં ૧૩૦૦થી વધારે કેસ નોંધાયા છે. પરંતુ મોતની સંખ્યા માત્ર ૯ છે. જે સરકારની સારી કાર્યપ્રણાલીનો પુરાવો આપે છે.

રાજકોટમાં લૉકડાઉનનું પ્રત્યક્ષ નિદર્શન કરવા બાઈક પર નીકળ્યા મ્યુનિસિપલ કમિશનર

રાજકોટ

હાલ લૉકડાઉન ચાલી રહ્યું હોવા છતાં બે દિવસમાં રાજકોટ શહેર માં કોરોના વાયરસના સાત પોઝિટિવ કેસ સામે આવ્યા છે. કોરોના ફેલાતો અટકાવવા લોકોએ લૉકડાઉનનો પાલન કરવું ફરજિયાત થયું છે. પરંતુ ઘણા લોકો હજી પણ વહેલી સવારે મોર્નિંગ વૉક માં નીકળી રહ્યા છે. ઘણા લોકો કામ વગર પણ ઘર બહાર નીકળી રહ્યા છે. આવા સમયે સવારે રાજકોટની પરિસ્થિતિ જાણવા ખૂદ મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ બાઈક પર સવાર થઈને નીકળ્યા હતા.

શહેરના રેસકોર્સ રિંગ રોડ સહિતના વિસ્તારમાં કમિશનર બાઈક લઈ નીકળ્યા હતા. આ દરમિયાન સફાઈ કામદારો પણ કઈ રીતે કામ કરી રહ્યા છે તેની પણ નોંધ લીધી હતી. ઉપરાંત જે લોકો સવારમાં ઘર બહાર નીકળ્યા હતા તેમને પણ સમજાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે જે રીતે કોરોના પોઝિટિવ કેસ વધી રહ્યા છે ત્યારે મનપા, પોલીસ અને કલેકટર તંત્ર દિવસ રાત કામ કરી રહ્યું છે. આવા સમયે શહેરના મુખ્ય માર્ગો પર વહેલી સવારે ખૂદ મ્યુનિસિપલ કમિશનર પરિસ્થિતિ જાણવા નીકળ્યા હતા જે કામગીરીનું ખૂબ ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. નોંધનીય છે કે પોલીસ કમિશનર પણ અગાઉ થોડા દિવસો પહેલા ખાનગી ગાડીમાં શહેરમાં નીકળ્યા હતા અને ચેકપોસ્ટ અને પોલીસની કામગીરીની સમીક્ષા કરી હતી. લૉકડાઉન દરમિયાન અધિકારીઓ રાજકોટમાં કોરોના ફેલાતો કઈ રીતે અટકે તેની ખૂબ ચિંતા કરી રહ્યા છે તેમજ દરેક મુદ્દાની સમક્ષા કરી રહ્યા છે.

ભાવનગરમાં વધુ ત્રણ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવતા હોસ્પિટલમાંથી અપાઈ રજા

ભાવનગર

ભાવનગરમાં કોરોના પોઝિટિવ ત્રણ દર્દીનો રિપોર્ટ બે વખત નેગેટિવ આવતા આજે હોસ્પિટલમાં રજા આપવામાં આવી હતી. હોસ્પિટલના સ્ટાફે તાળીઓ પાડી ત્રણેય દર્દીઓને વિદાય આપી હતી. તેમજ દર્દીઓએ પણ હોસ્પિટલ સ્ટાફનો આભાર માન્યો હતો. ભાવનગરમાં કુલ ૨૬ પોઝિટિવ દર્દીમાંથી ૧૦ દર્દીઓ સાજા થઇ જાતા રજા આપી દેવામાં આવી છે. જ્યારે ૩ના મોત થયા છે. હાલ ૧૩ દર્દી આઇસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે.

ભાવનગરના રાણીકા લીંમડીવાળી સડક પર રહેતા ૭૦ વર્ષીય રજાકભાઈ કાદરીનો તા.૨૯/૩/૨૦૨૦ના રોજ પોઝિટિવ રીપોર્ટ આવતા આઇસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. સાંઢીયાવાડ રૂવાપરી રોડ પર રહેતા ૫૦ વર્ષીય ફારૂકભાઈ ગનીભાઈ તેલીયાનો તા.૧૦/૪/૨૦૨૦ના રોજ પોઝિટિવ રીપોર્ટ આવતા આઇસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા.

તેમજ ભીલવાડા સર્કલ મહમંદી ફ્લેટમાં રહેતા આસીફભાઈ હારૂનભાઈ પીઠડીયા (૩.વ.૩૮)નો તા.૮/૪/૨૦૨૦ના રોજ પોઝિટિવ રીપોર્ટ આવતા આઇસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતી. તબીબો દ્વારા સઘન સારવાર બાદ ત્રણેયના બેવાર રિપોર્ટ કરવામાં આવતા બંને રિપોર્ટ નેગેટિવ આવતા આજે રજા આપવામાં આવી છે. વધુ ત્રણ દર્દીઓ કોરોના પોઝિટિવ મુક્ત થતા ડિસ્ચાર્જનો આંક ૧૦ પર પહોંચ્યો છે. ત્રણેયને કોઈ ચેપ ન લાગે તે માટે હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

ભાવનગરના હોટસ્પોટ વિસ્તારમાં મહિલાના ટોળાએ બહાર નીકળવા કર્યો હોબાળો

ભાવનગર

ભાવનગરના વડવા સીદીવાડ-માઢીયાફળીમાં ૧૦ હજારની વસતી ધરાવતા વિસ્તારને હોટસ્પોટ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે વડવા વોશીંગ ઘાટ નજીક બેરીકેટ બાંધી પતરા મુકી રસ્તો બંધ કરવામાં આવ્યો છે. તંત્રે ઈમરજન્સીમાં જવા આવવા માટે પતરાથી કામ ચલાવી દરવાજો બનાવ્યો છે અને પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આજે અચાનક મહિલાઓનું વિશાળ ટોળુ દરવાજા નજીક આવી ગયું હતું અને વસ્તુઓ લેવા માટે બહાર જવા દેવાની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મહિલાઓને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.

સાળંગપુર હનુમાનજી મંદિરની ધર્મશાળામાં ૧૦૦ બેડ અને ૫૦ રૂમમાં વોર્ડ તૈયાર કરાયા

ભાવનગર

કોરોના વાઈરસને લઈને હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ જાય તો વધુ સગવડ ઉભી થાય તે માટે સાળંગપુર હનુમાનજી મંદિરની ધર્મશાળાને હોસ્પિટલમાં તબદીલ કરવામાં આવી છે. ધર્મશાળામાં ૧૦૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે. તેમજ ૫૦ રૂમમાં વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. આ હોસ્પિટલમાં ૫૦ મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફ દર્દીઓની સારવારમાં ઉપસ્થિતિ રહેશે. આ હોસ્પિટલમાં મેડિકલને લગતા સાધનો પણ ગોઠવી દેવામાં આવ્યા છે. ધાર્મિક સંસ્થાઓ પણ હવે આ મહામારી સામે લડવા માટે આગળ આવી છે.

રાજકોટના જંગલેશ્વરમાં વધુ ૩ પોઝિટિવ કેસ નોંધાયા, કુલ સંખ્યા ૨૭ પર પહુંચી

રાજકોટ

રાજકોટમાં કોરોના પોઝિટિવના વધુ ત્રણ નવા કેસ નોંધાયા છે. ત્રણેય કેસ જંગલેશ્વરના છે. કોરોના પોઝિટિવ ત્રણ કેસમાં અફસાના નાસીર જંગલેશ્વર (૩.વ. ૨૬), ચુડાસમા ફિરોઝ (૩.વ.૩૫) અને નસીમ દિલાવર (૩.વ. ૪૦)નો સમાવેશ થયા છે. આ ત્રણ કેસ જંગલેશ્વરના કન્ટેઇનમેન્ટ એરિયાના જ છે. આમ આજના ૩ કેસ સાથે રાજકોટ શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૨૬ અને ગ્રામ્યનો ૧ મળી રાજકોટ જિલ્લામાં ૨૭ કેસ નોંધાયા છે. જયારે બોટાદમાં ગઈકાલે પ્રથમ કોરોના પોઝિટિવ દર્દીનું મોડીરાત્રે મોત થયું છે. ૮૦ વર્ષના વૃદ્ધને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. પરંતુ મોડીરાત્રે સારવાર દરમિયાન તેનું મોત નીપજયું હતું. રાજકોટમાં આજે ૭૫ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ૫૪ રાજકોટ શહેરના, ૧૬ ગ્રામ્યના અને ૫ અન્ય જિલ્લાના દર્દીઓનો સામાવેશ થાય છે. બોટાદમાં કોરોનાના કારણે પ્રથમ મોત થયું છે. ગઈકાલે વૃદ્ધના પોઝિટિવ રિપોર્ટ બાદ આજે મો થયું છે. બોટાદમાં મોડીરાત્રે સારવાર દરમિયાન કોરોનાના દર્દીનું મોત થયું છે. ગઈકાલે વોરાવાડના વૃદ્ધને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. વૃદ્ધને સારવાર માટે સાળંગપુર હોસ્પિટલ ખસેડાયા હતા. વૃદ્ધના પરિવારજનોના સેમ્પલ ગઈકાલે લેવાયા હતા. બોટાદ જિલ્લા કલેક્ટરે વૃદ્ધના મોત અંગેની પુષ્ટી કરી છે.

મહુવાના મોટી જાગધારમાં ખેડૂતના ઘાસચારામાં આગ લગતા ૨ લાખનો માલ થયો ખાખ

ભાવનગર

મહુવાના મોટી જાગધાર ગામે પોપટભાઈ જેરામભાઈ મકવાણાના મકાનમાં કડબ(ઘાસચારો)નો જથ્થો ભર્યો હતો. તેમાં અચાનક આગ લાગી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગ્રામજનોએ આગને બૂજાવવાના બહુ પ્રયાસો કર્યા તેમ છતાં ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો. અંદાજીત દોઢથી બે લાખ રૂપિયાનો તમામ ઘાસચારો બળીને ખાખ થઈ ગયો છે. તેમજ આગથી મકાનને પણ ભારે નુકશાન પહોંચ્યું હતું.

કોરોનાએ ગુજરાતમાં પહેલા પાનાથી ચાલુ

કેસ નોંધાયા છે. સુરતમાં ૩૫, વડોદરામાં ૬, રાજકોટમાં ૩, બનાસકાંઠામાં ૪, આણંદમાં ૮ , નર્મદામાં ૪ અને ગાંધીનગર, ખેડા, પંચમહાલમાં એક એક નવા કેસો નોંધાયા છે. અત્યાર સુધી કુલ ૮૭૧ કેસ નોંધાયા છે. જેમાં વેન્ટિલેટર ઉપર ૫ લોકો છે અને ૭૬૭ લોકો સ્થિર હાલતમાં સારવાર હેઠળ છે. અમદાવાદમાં જુહાપુરા, જમાલપુર, દાણીલીમડા, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુરનો સમાવેશ થાય છે. જયંતિ રવિએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. રાજ્યમાં કુલ ૮૭૧ પોઝિટિવ કેસ થયા છે. રાજ્યમાં કુલ ૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે ત્રણ નવા મોત સાથે મૃત્યાંક ૩૬ થયો હોવાનું જણાવ્યું છે.

કોરોનાના વધતી જતી ચિંતા સામે ટેસ્ટિંગનું પ્રમાણ વધ્યું છે. અત્યાર સુધી કુલ ૨૦ હજાર ૨૦૪ ટેસ્ટ થયા છે. ગત ૨૪ કલાકમાં ૨૯૭૧ કેસ ટેસ્ટ કર્યા હતા. જેમાં ૧૭૭ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં કોરોનાના ટેસ્ટનું પ્રમાણ એક મિલિયન પર ૨૬૭ થાય છે, જે ભારતમાં આંકડો ૧૭૭ છે. ૨૪ કલાકમાં ૨૭૯૪ નેગેટિવ કેસ થયા છે.

આજે નોંધાયેલા નવા પોઝિટિવ કેસ અમદાવાદના જુહાપુરા, જમાલપુર, દાણીલીમડા, બેહરામપુર, બોડકદેવ, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુર વિસ્તારના છે. તો ૩૫ કેસમાં સુરતના મન દરવાજા, કતારગામ અને રુસ્તમપુરા વિસ્તારો આવે છે. રાજકોટના નવા કેસ જંગલેશ્વર વિસ્તારના છે.

દરમ્યાનમાં, કોરોનાને કારણે સુરત શહેરના જે પોલીસમથકોના વિસ્તારમાં કરફ્યુનો અમલ થવાનો છે તેમાં સલાબતપુરા પોલીસમથક, મહિધરપુરા પોલીસમથક, લાલગેટ પોલીસમથક, અઠવા પોલીસમથક અને લિંબાયત પોલીસમથકના કમરૂનગર પોલીસમથક વિસ્તારમાં કર્ફ્યુ રહેશે. કર્ફ્યુના આ દિવસો દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે દૂધ, શાકભાજી, દવાઓ, કરિયાણુ વગેરેની ખરીદી માટે બપોરે ૧ થી ૪ ના સમયમાં માત્ર મહિલાઓ માટે કર્ફ્યુમુકિત આપવામાં આવશે.

મહારાષ્ટ્ર કોરોના પહેલા પાનાથી ચાલુ

શહેરમાં દરદીઓની સંખ્યા વધીને ૧૯૩૬ સુધી પહોંચી છે. જ્યારે આજે બે દરદીનું મોત નીપજતાં મુંબઈમાં મૃતક આંક વધીને ૧૧૩ થયો હોવાનું પાલિકાના ડેપ્યુટી હેલ્થ ઓફિસર ડો. દક્ષા શાહેએ જણાવ્યું હતું.

દેશમાં ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

અમદાવાદનાં કોટ વિસ્તારોમાં કોરોનાએ ભરડો લેતા ત્યાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યું છે.

કોરોના તપાસના સેમ્પલ લઈ જઈ રહેલા હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ

ઉત્તરપ્રદેશના બાગપતમાં ગુરુવારે ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ-વે પર એરફોર્સની ચિતા હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવી પડી છે. તે લેહથી કોરોનાની તપાસનું સેમ્પલ લઈને ચંદીગઢ જઈ રહ્યું હતું. મળતી માહિતી પ્રમાણે, હેલિકોપ્ટરમાં ટેકનીકલ ખામી આવી ગઈ હતી. સૂચના મળતાની સાથે જ હિંડનથી એન્જિનીયર્સ પહોંચ્યા હતા. લગભગ અડધા કલાક બાદ હેલિકોપ્ટર પાછું હિંડન માટે રવાના થઈ ગયું હતું.

રાજ્યમાં બાંધકામ પહેલા પાનાથી ચાલુ

કામકાજને છૂટછાટ અપાશે.

જિલ્લા કક્ષાએ વાણિજ્યિક અને ઔદ્યોગ સંબંધિત છૂટછાટોના અમલ માટે જિલ્લા કલેકટરોના અધ્યક્ષસ્થાને ૭ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમાં જી.આઈ.ડી.સી.ના સ્થાનિક વડા, શ્રમ અને રોજગાર વિભાગના અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ફેક્ટરી ઈન્સ્પેકટર, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તેમજ સભ્ય સચિવ તરીકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ ભારત સરકારની ગાઇડલાઇન મુજબ વાણિજ્યિક અને ઔદ્યોગિક એકમો કામગીરી ચાલુ કરવાની મંજૂરીઓ આપશે.

વાણિજ્યિક ઉદ્યોગો અને એકમો ૨૦ એપ્રિલથી પૂરતી તકેદારી સાથે શરૂ કરી શકાશે. આ તકેદારીઓમાં કોરોનાના સંક્રમણને ધ્યાનમાં રાખીને ઉદ્યોગ વાણિજ્યિક એકમોએ થર્મલ ગન,ફરજિયાત માસ્કનો ઉપયોગ, સેનિટાઇઝેશન, સોશિયલ ડીસ્ટન્સિંગ, સ્ટેગર્ડ લંચ ટાઇમ, સ્ટેગર્ડ એન્ટ્રી અને એક્ઝીટ ટાઇમ અને ક્રાઉડ ન થાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે. એટલું જ નહિં, કેમ્પસમાં શ્રમિકોને રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે. જો તે શક્ય ન હોય તો કર્મચારીઓ માટે સલામત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સોશિયલ ડિસ્ટન્સિગ સાથે સુનિશ્ચિત કરવાની રહેશે. આમાંની કોઈ પણ વ્યવસ્થાઓનું ઉલ્લંઘન કે ભંગ થશે તો મંજૂરી પરત લઇ ઉદ્યોગ વાણિજ્યિક એકમો બંધ કરાવી દેવાશે. આવી મંજૂરી આપવા માટે જે તકેદારી રાખવાની છે તેમાં હોટસ્પોટ જાહેર કરેલા વિસ્તારમાંથી કોઈ પણ કર્મચારી, અધિકારી, શ્રમિક કામ પર ન આવે તેની કાળજી સમિતિએ લેવાની રહેશે.

અમેરિકામાં પહેલા પાનાથી ચાલુ

અમેરિકામાં રીઓપન માટે ૧લી મે નક્કી કરી હતી પરંતુ ટ્રમ્પે જણાવ્યું કે કેટલાક સ્ટેટ્સ તે અગાઉ જ ખોલવામાં આવશે. કોરોના સામેની લડાઈ ચાલુ રહેશે જો કે આંકડા સુચવે છે કે કોરોનાના નવા કેસોના આંકડો ટોચને પાર કરી ગયો છે. આશા છે કે આપણે સારી પ્રગતિ કરવામાં સફળતા મેળવીશું, તેમ ટ્રમ્પે જણાવ્યું હતું.

અમેરિકામાં કોરોનાનું કેન્દ્ર ન્યૂયોર્કને મોટું નુકસાન

ન્યૂયોર્કના મેયર બિલ ડે બ્લાસિયોએ કહ્યું છે કે કોવિડ-૧૯ મહામારીથી શહેરને અત્યાર સુધીમાં પાંચ અબજ ડોલરથી ૧૦ અબજ ડોલરની વચ્ચે નુકસાની ઉઠાવી પડે છે. ન્યૂયોર્કના પ્રાંત અમેરિકામાં કોરોમા વાયરસ મહામારીનું મુખ્ય કેન્દ્ર છે અને અહીં સંક્રમણના અંદાજે ૨ લાખ કેસ સામે આવી ચૂકયા છે. ન્યૂયોર્ક શહેરમાં કોરોના વાયરસ સંક્રમણથી મૃતક લોકોની સંખ્યા ૧૦૦૦૦ના આંકડાને પાર કરી ગઇ છે.

રાહુલ ગાંધી પહેલા પાનાથી ચાલુ

સરકારને સુચન કરતાં કહ્યું કે આપણે અર્થવ્યવસ્થાના સ્તર પર તૈયાર રહેવું જોઇએ. ગરીબોની સામે અનાજનું સંકટ આવાનાર છે. જેને લઈને તેઓને અનાજ પહોંચાડવાનું કાર્ય કરવું જોઇએ. બેરોજગારી વધી રહી છે, તેનું સમાધાન શોધવું જોઇએ.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે કોરોનાને સામેની જંગ જો જીતવી હોય તો ટેસ્ટિંગની સંખ્યા વધારવી પડશે. રાહુલ ગાંધીએ કેન્દ્રની મોદી સરકારને અપીલ કરતાં કહ્યું કે સરકારે ટેસ્ટિંગને લઈને રણનીતિ બનાવી જોઇએ, જેના કારણે કોઇપણ જગ્યાએ કોરોના પીડિત વ્યક્તિ ના રહે.

રાજ્યોના મામલે રાહુલ ગાંધીએ કહ્યું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યોને તાકાત આપે. રાજ્યોને પૈસા આપે. દેશને એકજૂટ થઈને આ વાયરસ સામે જંગ લડવાની જરૂર છે. માત્ર લોકડાઉનથી વાત નહી બને.

કોરોનાથી પ્રભાવિત પહેલા પાનાથી ચાલુ

આવે છે, જયાં ૨૮ દિવસથી સંક્રમણનો કોઈપણ કેસ નોંધાયો નથી.

દેશના ૨૦૭ એવા પણ જિલ્લા છે, જયાં સંક્રમણ ફેલાવવાનો ડર છે. આ જિલ્લાઓ પર મંત્રાલય અને ડોકટરોની ટીમનું પૂરું ફોકસ છે. સરકારે કહ્યું કે, જે જિલ્લા હોટસ્પોટમાં નથી આવતા, ત્યાં ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં અમુક છૂટ આપવામાં આવશે. લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું પડશે. જો ક્યાંયથી નિયમ તોડવાના સમાચાર આવશે તો બધી છૂટ પાછી લેવામાં આવશે.

દિલ્હીના દક્ષિણ દિલ્હી, શહાદરા, દક્ષિણ પૂર્વી, ઉત્તર, મધ્ય, પૂર્વી અને નવી દિલ્હી જિલ્લા રેડ ઝોન છે. છેલ્લી ૨૪ કલાકમાં અહીં ૧૭ નવા કેસ સામે આવ્યા છે. દક્ષિણ દિલ્હીમાં એક પિઝ્ઝા ડિલેવરી બોય પોઝિટિવ મળ્યો. ત્યારબાદ તેના સંપર્કમાં આવેલા ૭૨ પરિવારોને કવોરન્ટીન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેની સાથે કામ કરનાર ૧૬ કર્મચારીઓને પણ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

કોરોના વાયરસના સંક્રમણની ઓળખ કરવામાં આવતી તપાસ ઉપર પણ હવે સવાલો

કોરોના સંક્રમણની તપાસનો રિપોર્ટ ૧૦૦ ટકા સટીક હોતો નથી, વિશેષજ્ઞોનો ખુલાસો

ગાંધીનગર

કોરોના વાયરસના સંક્રમણની ઓળખ કરવામાં આવતી તપાસ ઉપર પણ હવે સવાલો ઉભા થવા લાગ્યા છે. નિષ્ણાતો માને છે કે કોઈ પણ પરીક્ષણ ૧૦૦ ટકા સચોટ હોતા નથી. વિવિધ રિપોર્ટ મુજબ, ચેપગ્રસ્ત વ્યક્તિઓમાં સંક્રમણની ઓળખ કરવા માટે તપાસ ૩૦% સુધી ખોટી હોઈ શકે છે. અમેરિકાનાં એક મોટા અખબારના અહેવાલમાં, યેલ યુનિવર્સિટીના પ્રોફેસર ડો.હાર્લન એમ. ક્રુમહોલ્ઝે કહ્યું હતું કે, દુર્ભાગ્યથી આપણી પાસે આ પરીક્ષણો સાથે સંકળાયેલા ફોલ્સ નેગેટિવ રિપોર્ટના દરથી સંબંધિત જાહેર આંકડા ઓછા છે. જો કે, ચીનમાં કરવામાં આવેલા પ્રારંભિક સંશોધનથી જાણવા મળ્યું છે કે કોવિડ-૧૯ની સૌથી પ્રચલિત પરીક્ષણમાં ફોલ્સ નેગેટીવ રિપોર્ટ આવવાની સંભાવના લગભગ ૩૦ ટકા છે. આ પરીક્ષણને રિવર્સ ટ્રાંસક્રિપ્ટ પોલિમરેઝ ચેઇન રિએક્શન (આરટી-પીસીઆર) કહેવામાં આવે છે.

ચીનમાં થયેલાં સંશોધનની હજી સુધી વ્યાપક સમીક્ષા કરવામાં આવી નથી. પરંતુ તેના પરિણામોએ નિષ્ણાતોની ચિંતા વધારી છે. ઘણા નિષ્ણાતો કહે છે કે કોવિડ -૧૯ પરીક્ષણના કિસ્સામાં ફોલ્સ નેગેટીવ રિપોર્ટનો દર યુ.એસ.માં પણ વધારે હોઈ શકે છે. મેસાચ્યુસેટ્સ હેલ્થકેરના પ્રમુખ ડો. એલન ચૌઈએ જણાવ્યું હતું કે, મારા ઘણા દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે, જયારે તેમના લક્ષણો જોતા મને લાગે છે કે તેઓ કોવિડ -૧૯ થી પીડિત છે. 'લાઈવ સાયન્સ' ના અહેવાલ મુજબ, આરટી-પીસીઆર પરીક્ષણમાં દર્દીના લાળ અને કોષોમાં હાજર વાયરલ આનુવંશિક સામગ્રીનાં અંશોનો ઉપયોગ કરવામાં આવે છે.

આ વસ્તુઓના નમૂનાઓ દર્દીના નાકની ઘણી અંદરથી લેવામાં આવે છે. વાયરલ આનુવંશિક સામગ્રી (આર.એન.એ.) સિવાયની દરેક વસ્તુને નાબૂદ કરવા માટે ડોકટરો દર્દીઓ પાસેથી લીધેલા નમૂનાઓ પર કેમિકલનો ઉપયોગ કરે છે. ત્યારબાદ નમૂનામાં એન્ઝાઇમ ઉમેરવામાં આવે છે. તેનાથી એક રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે જે આરએનએ ને ડીએનએમાં ફેરવે છે. તેને બાદમાં મશીનમાં સંસાધિત કરવામાં આવે છે. અને તેની નકલો બનાવી શકાય છે. પૂરતી ડીએનએ નકલો એકત્રિત કર્યા પછી, વૈજ્ઞાનિકો નમૂનામાં ફ્લોરોસન્ટ ટેગ્સ મૂકી શકે છે, જે ચોક્કસ આનુવંશિક પદાર્થોના અંશો સાથે જોડાવાથી ચમકવા લાગે છે. આ ચમક કોવિડ -૧૯ માટે જવાબદાર સાર્સ-સીઓવી -૨ વાયરસની હાજરીનો સંકેત છે.

અમદાવાદમાં પોલીસ કોન્સ્ટેબલ કોરોનાગ્રસ્ત થતા PSI સહિત ૭ કર્મચારિયો કરાયા ક્વોરન્ટાઈન

અમદાવાદ

અમદાવાદમાં એસ.જી. હાઈવે પર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી કોન્સ્ટેબલને સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે, જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા તેમની સાથે ફરજ બજાવતા હેબતપુર પોલીસ ચોકીનાં જીઁ સહિત સાત પોલીસ કર્મચારીઓને હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આ કેસની વિગત એવી છે કે એસ.જી.હાઈવે ટ્રાફિક ડિવિઝન -૧મા ફરજ બજાવતા અને બાપુનગરમાં વિસ્તારમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલનો કોરોનાનો રિપોર્ટ આજે પોઝિટિવ આવ્યો હતો. જેને લઈને તેમને સોલા ખાતેની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવે છે. એટલું જ નહીં એસ.જી. હાઈવે પર આવેલી હેબતપુર પોલીસ ચોકીમાં તેમની સાથે ફરજ બજાવતા એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિત સાત પોલીસ કર્મચારીઓને પણ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતા આજે કોરોનામાં સપડાયેલા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ અને ચાર દિવસ પહેલાકાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા તેમજ કોરોનાનો પોઝીટીવ રિપોર્ટ ધરાવતા કોન્સ્ટેબલ ખાસ મિત્રો હતા અને બાપુનગર વિસ્તારમાં રૂમ પાર્ટનર હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ અંગે એસ.જી.હાઈવે ટ્રાફિક પોલીસ સ્ટેશનના એસીપી બી.બી ભગોરાના જણાવ્યા મુજબ બંને કોન્સ્ટેબલ હાલ તો સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની સારવાર ચાલુ છે તબિયત પણ સારી છે.

નોંધાયેલા કેસોમાં કોરોનાના લક્ષણો ન જનતા તંત્ર ચિંતામાં

AMCના ડોર ટૂ ડોર સર્વેમાં લીધેલા ૮૦ સેમ્પલમાં ૭૯ કેસ પોઝિટિવ

અમદાવાદ

બુધવારે નોંધાયેલા ૮૦ કેસમાંથી ૭૯ કેસ મ્યુનિ.એ ઘરે ઘરે જઈને લીધેલા સેમ્પલમાંથી મળ્યા છે. મોટાભાગના તમામને કોરોનાના કોઈ ગંભીર લક્ષણો નથી પરંતુ તેમના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. સતત બીજા દિવસે રાજ્ય સરકારે જાહેર કરેલી યાદીમાં દાણીલીમડાના સફી મંજિલના ૬ નામ સહિત ૧૦ નામ રીપિટ જાહેર કરાયા છે. જો કે, જે પોઝિટિવ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે તેમના સમયાંતરે રિપોર્ટ લેવાય છે. જેથી તે પણ ફરી વખત જાહેર કરી દેવાય છે.

ગુલબાઈ ટેકરાના સ્લમ વિસ્તારમાં ચેપ પ્રસરતા મ્યુનિ. હેલ્થ વિભાગમાં દોડધામ મચી છે. અહીં પહેલા એક કેસ પોઝિટિવ મળ્યો હતો. ત્યારબાદ મ્યુનિ.એ સરવે હાથ ધર્યો હતો. જેમાં બુધવારે વધુ ૬ પોઝિટિવ કેસ મળ્યા છે. જેને પગલે આ વિસ્તારને ક્લસ્ટર ક્વોરન્ટાઈન કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે જમાલપુરની દૂધવાળી ચાલીમાં એક સાથે ૧૧ કેસ પોઝિટિવ મળી આવ્યા છે. એક દર્દીએ ખાનગી લેબોરેટરીમાં પોતાનો ટેસ્ટ કરાવતા પોઝિટિવ આવ્યો હતો અને ત્યારબાદ તે જાતે હોસ્પિટલમાં દાખલ થયો હોવાનું જાણવા મળ્યું છે.

લૉકડાઉન થયું ત્યારથી ગ્યાસુદ્દીન શેખ, શૈલેશ પરમાર તેમના વિસ્તારમાં લોકોને સમજાવવા માટે ફરી રહ્યા હતા. સીએમ બંગલે યોજાયેલી બેઠકમાં પણ તેઓ ઈમરાન ખેડાવાલા જોડે કારમાં ગયા હતા. બંનેને સેમ્પલ લેવાયા હતા જેનો રિપોર્ટ ગુરુવારે આવશે.

અમદાવાદમાં બુધવારે કોરોનાના વધુ નવા ૮૮ પોઝિટિવ કેસ નોંધાયા હોવાનું સરકારે જાહેર કર્યું હતું. જો કે, આ યાદીમાં ગોટાળો હતો અને ૧૦ જૂના નામો રીપિટ કરાયા હતાં. વટવા, આસ્ટોડિયા અને બહેરામપુરાની ત્રણ મહિલાઓના પણ બુધવારે મૃત્યુ થયા હતા. આ સાથે કુલ મૃત્યુઆંક ૬૬ પર પહોંચ્યો છે. મોટાભાગના તમામ 'હોટ સ્પોટ' ગણાતા મધ્ય ઝોન અને દક્ષિણ ઝોનના નોંધાયા છે. જો કે, પશ્ચિમ ઝોનમાં ગુલબાઈ ટેકરાની ચાલી વિસ્તામાં વધુ ૬ કેસ મળી આવતાં સમગ્ર વિસ્તારને ક્લસ્ટર ક્વોરન્ટાઈન કરવાની કામગીરી મોડી રાત્રે શરૂ કરાઈ હતી. બુધવારે નોંધાયેલા ૮૦ કેસમાંથી ૩૦ કેસ જુદી જુદી ચાલીમાંથી મળી આવ્યા છે. જ્યારે ચાંગોદર, સરખેજ અને બારેજા સુધી ચેપ પ્રસરતા આ વિસ્તારના ત્રણ કેસ નોંધાયા છે. કાલુપુરના એક જ પરિવારના ૮ સભ્યો કોરોનાની ઝપેટમાં આવ્યા છે. જેમાં ૭-૭ વર્ષની બે બાળકીનો પણ સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી રૂપાણીએ ફોન કરી પૂછ્યા ઈમરાન ખેડાવાલાના ખબરઅંતર

ગાંધીનગર

ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રૂપાણી સરળ, સાલસ અને સજ્જન છે એવું અનેક વખત આપણને જોવા મળ્યું છે. પરંતુ આજે એમણે ભલ માણસાઈનું નવું જ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અમદાવાદના ખાડિયા વિસ્તારના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને તેમણે સામેથી ફોન કરીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા અને તેમની સ્વસ્થતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે ઈમરાન ખેડાવાલાએ કોરોના રિપોર્ટ માટે સેમ્પલ આપ્યું હોવા છતાં તેઓ મુખ્યમંત્રીને મળવા ગયા હતા અને પોતાની નાદુરસ્ત તબિયતની વિગતો છુપાવી હતી. આવા સંજોગોમાં કોઈપણ વ્યક્તિને ભયાનક ગુસ્સો આવવો સ્વાભાવિક છે પરંતુ સીએમ રૂપાણીએ ફરી એક વખત પુરવાર કર્યું કે તેઓ નખશીખ સજ્જન છે.

સીએમ રુપાણીએ અમદાવાદ શહેરના અન્ય ધારાસભ્યો ગ્યાસુદિન શેખ અને શૈલેષભાઇ પરમાર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. આ ધારાસભ્યોના ખબર પણ સીએમ રૂપાણીએ પૂછ્યા હતા. આ બંને પણ ખેડાવાલાની સાથે જ મુખ્યમંત્રીને મળ્યા હતા. ગ્યાસુદિન શેખ અને શૈલેષ પરમાર બંને આઇસોલેશનમાં છે ત્યારે તેઓ પોતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખે તેવી લાગણી તેમણે વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીએ તેમને વધુ સારવાર વગેરેની કોઇ જરૂરિયાત હોય તો મદદરૂપ થવાની તત્પરતા દર્શાવી હતી. નોંધનીય છે કે ખેડાવાલાને મળ્યા હોવાથી જ મુખ્યમંત્રી આવનારા આઠ દિવસ સુધી પોતાના નિવાસસ્થાનેથી જ રાજય સરકારની તમામ કામગીરીનું સંચાલન અને તંત્રનું માર્ગદર્શન ટેકનોલોજીના ઉપયોગથી વીડિયો કોન્ફરન્સ, વિડીયો કોલીંગ અને ટેલિફોન સંવાદ દ્વારા કરી રહ્યા છે. મુખ્યમંત્રી નિવાસસ્થાને આવતા એક સપ્તાહ સુધી કોઇપણ મુલાકાતીને પ્રવેશ આપવામાં નહી આવે, તેવો નિર્ણય પણ તેમણે કર્યો છે.

કર્મચારીઓના પગાર અને પેન્શન ચૂકવવા ગુજરાત સરકારે ઉધાર લીધા ૨૧૦૦ કરોડ

ગાંધીનગર

ઘણા વર્ષો પછી પહેલીવાર એવું બન્યું છે કે રાજ્ય સરકારે નાણાકીય સંસ્થાઓ પાસેથી રૂપિયા ઉધાર લીધા હોય. કોવિડ–૧૯ના સંકટના કારણે સરકાર પાસે ભંડોળ ખૂટી પડું છે પરિણામે નાણાકીય સંસ્થાઓની મદદ લેવી પડી છે. ગુજરાત સરકારે એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં વાર્ષિક ૭.૫%ના વ્યાજે ૨,૧૦૦ કરોડ પિયા ઉછીના લીધા છે. હવે લોકડાઉન ૩ મે સુધી લંબાવવામાં આવ્યું છે ત્યારે રાજ્ય સરકાર બેંકો પાસેથી પણ રકમ ઉધાર લઈ શકે છે. જેથી કર્મચારીઓને પગાર અને પેન્શનધારકોને પેન્શન ચૂકવી શકાય. ઉપરાંત કોરોના વાયરસની મહામારીના કારણે જાહેર કરેલા રાહત કાર્યો પાછળ ખર્ચ કરી શકાય.

સરકારને ૨૦ એપ્રિલથી આંશિક રાહત મળશે કારણકે અમુક ઈન્ડસ્ટ્રીઓ ફરીથી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે. સરકારના મહત્વના સૂત્ર તરફથી મળેલી જાણકારી પ્રમાણે, માર્ચ મહિનામાં વિવિધ ક્રોતો તરફથી રેવન્યૂ મેળવવામાં નિષ્ફળ રહ્યા. પરિણામે સરકારને ૭.૫% જેટલા ઐંચા વ્યાજદરે ૨,૧૦૦ કરોડ પિયા લેવા પડા કારણકે લોકડાઉનના લીધે બીજા રાયો પણ ભંડોળ મેળવવાની હોડમાં હતા. નસીબજોગે રાજ્ય સરકારને ૧૬૦૦ કરોડની આસપાસ જીએસટી વળતર મળ્યું હોવાથી વિવિધ રાહત માપદંડો માટે વધુ રૂપિયાની જરૂર નહીં પડે. જો કે, મહિનાના અંતે પગાર અને પેન્શન ચૂકવવા માટે સરકારને રૂપિયા ઉધાર લેવા પડશે. દર મહિને રાજ્ય સરકારને આશરે ૫ લાખ કર્મચારીઓને પગાર ચૂકવવા માટે ૩,૧૫૦ કરોડ પિયાની જર પડે છે. ઉપરાંત દર મહિને પેન્શન ચૂકવવા માટે સરકારને વધારાના ૧,૫૦૦ કરોડ પિયાની જર પડે છે. સૂત્રએ જણાવ્યું, ચાલુ મહિનાના અંત સુધીમાં રાજ્ય સરકારને ૪,૬૫૦ કરોડથી ૫,૦૦૦ કરોડ પિયા પગાર, પેન્શન ચૂકવવા અને અન્ય રોજિંદા ખર્ચ માટે ઉધાર લેવા પડશે. દરમિયાન રાજ્ય સરકાર આર્થિક ઉપાર્જનના બીજા વિકલ્પો પણ શોધી રહી છે. ગુજરાત સરકારે રાજ્યની માલિકીના મોટા પબ્લિક સેકટર યુનિટસને રિઝર્વ ફંડમાંથી ૩૦% રકમ સ્પેશિયલ કેસમાં આપવાની વિનંતી કરી છે. એક સરકારી સૂત્રના કહેવા પ્રમાણે, ખાસ જરિયાત ઊભી થાય તો રાજ્ય સરકાર કોઈ પણ પબ્લિક સેકટર યુનિટસને ફંડ આપવા હુકમ કરી શકે છે. વિવિધ પબ્લિક સેકટર યુનિટસ તરફથી રાજ્ય સરકારને આશરે ૫૦૦ કરોડ રૂપિયા મળી શકેછે.

સવારે ૭થી ૧૧ સુધી જ જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવા બહાર નીકળવા આદેશ

બોપલ ઘુમા નગરપાલિકા દ્વારા ૨૨ વિસ્તારમાં ૪૬ લારીઓ ઉભી રખાશે

અમદાવાદ

લોકડાઉન દરમ્યાન લોકો આવશ્યક ચીજ વસ્તુઓ લેવાના બહાને બહાર નીકળે છે. જેના કારણે લોકડાઉનનો કડક અમલ થતો નથી. જિલ્લા તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડી સવારે ૭થી ૧૧ સુધી જ જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવા માટે બહાર નીકળી શકશે તેવા આદેશ બહાર પાડ્યા છે. લોકડાઉનમાં લોકો શાકભાજી લેવા રોડ પર ભીડ ન કરે તે માટે બોપલ ઘુમા નગરપાલિકા દ્વારા ૨૨ વિસ્તારમાં ૪૬ લારીઓ ઉભી રાખવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૨ જગ્યાઓ નક્કી કરવામાં આવી છે. નગરપાલિકાના પ્રમુખ જીગીષાબેન શાહે જણાવ્યું હતું કે લોકો ને સરળતાથી શાકભાજી મળે તે માટે અમે ૪૬ લારીઓની જગ્યા નક્કી કરી છે. લોકોએ જાતે સમજીને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું જોઈએ. ઘુમા અને સાઉથ બોપલ માટે પણ આજે કેટલીક જગ્યાઓ નક્કી કરી ત્યાં લારીઓ ઉભી રાખવામા આવશે.

અમદાવાદના સરખેજમાં એક્ટિવા પર દારૂનો જથ્થો લઈ જતો યુવકની ધરપકડ

અમદાવાદ

સરખેજમાં બસ સ્ટેન્ડ નજીક વોડાફોન ટાવર નજીકથી દારૂનો જથ્થો લઇ રહેલા યુવકને સ્થાનિક લોકોએ અટકાવતા યુવક એક્ટિવા મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસને જાણ કરાતા સરખેજ પોલીસે વ્યક્તિઓને દારૂનો જથ્થો જપ્ત કરી આ યુવકને ઝડપી લીધો હતો. લોક ડાઉન દરમ્યાન જાહેરનામાનો ભંગ કરી દેશી દારૂની હેરાફેરી કરી રહેલા યુવકની પોલીસે પૂછપરછ હાથ ધરી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા દિવસથી આ યુવક દરરોજ દારૂની હેરાફેરી કરતો હતો.

માણસાના લોદરામાં એક કોરોના પોઝિટિવ આવતા ગાંધીનગરનો આંકડો ૧૭ થયો

ગાંધીનગર

માણસા તાલુકાના લોદરા ગામમાં એક પોઝિટિવ કેસ સામે આવતા જીલ્લામાં સંક્રમિતોની સંખ્યા ૧૭ પર પહોંચી છે. બીપી, હૃદયની બીમારી સાથે જીવતા ૯૦ વર્ષની વૃદ્ધાની ટ્રાવેલ હિસ્ટ્રી પણ ચકાસવામાં આવી રહી છે. જીલ્લા સ્વાસ્થ વિભાગ દ્વારા સંપર્કમાં આવેલા ૧૩ જેટલા લોકોને ક્વોરિનટાઈન કરવામાં આવ્યા છે. ચિંતાનો વિષય હજુ પણ એ છે કે ગ્રામ્ય વિસ્તારમાં આવેલા રાચરડા કલોલ અને લોદરા ગામના દર્દીઓ ને કેવી રીતે ચેપ લાગ્યો તે હજુ સુધી જાણી શકાયું નથી.રાચરડા, કોલવડા અને હવે માણસા તાલુકાના લોદરામાં રહેતા ૯૦ વર્ષની વૃદ્ધાને કોરોના પોઝિટિવ આવ્યો છે. ત્યારે હવે માત્ર દહેગામ તાલુકો ગાંધીનગર જિલ્લામાં બાકાત રહ્યો છે.

વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીનો મુખ્યમંત્રી રૂપાણીને પત્ર

રાજ્યમાં તમામ કારીગર વર્ગ માટે રાહત પેકેજ જાહેર કરવા કરાઈ માંગ

ગાંધીનગર

માનનીય, સમગ્ર વિશ્વ, દેશ અને રાજ્યતમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલો છે, જે વિશ્વના ૨૦૫ ઉપરાંતના દેશોમાં અતિ તીવ્રતાથી ફેલાઈ રહેલ છે. આ વાયરસને ભારતમાં ફેલાતો અટકાવવા માટે તા. ૨૪ માર્ચ, ૨૦૨૦થી ૧૪ એપ્રિલ, ૨૦૨૦ સુધી ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવેલ, પરંતુ કોરોના વાયરસની સ્થિ તિ બેકાબુ થતાં ફરી બીજા તબક્કાનું લોકડાઉન તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૦થી ૩ મે, ૨૦૨૦ સુધી જાહેર કરવામાં આવેલ છે. ભારતીય રાષ્ટ્રીરય કોંગ્રેસ પક્ષે આ મુશ્કેલ ઘડીમાં રાજ્ય સરકારને સતત સાથ અને સહકાર આપી રાજ્ય ની જનતાને આ મહામારીમાંથી ઉગારી લેવાના ઉદ્દેશ્યન સાથે જવાબદાર વિરોધપક્ષની ભૂમિકા અદા કરી રહી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા સમયાંતરે થતા સૂચનો રાજકીય પક્ષાપક્ષીને બદલે રાજ્યાની પ્રજાના હિતમાં જ હોય છે. હાલમાં કોરોના વાયરસના કારણે સમગ્ર રાજ્ય માં તમામ પ્રકારના ધંધા-રોજગાર બંધ છે, જે ફરી ક્યાનરે ચાલુ થશે તે નક્કી નથી.

ગરીબ અને મધ્યધમ વર્ગના લોકોને જીવન જીવવું મુશ્કેતલ થઈ ગયેલ છે. હાલની પરિસ્થિલતિ જોતાં આગામી લાંબા સમય સુધી ધંધા-રોજગાર ચાલુ થાય તેવી કોઈ શક્યજતા જણાતી નથી. રાજ્ય માં અસંગઠીત ક્ષેત્રના કુશળ કારીગરો તેમજ શ્રમિકોને જીવનનિર્વાહ કરવાનું મુશ્કે લ થઈ ગયું છે અને રાજ્યયનો કારીગર વર્ગ પોતાનો રોજગાર બંધ થવાથી ખૂબ જ તકલીફ વેઠી રહેલ છે. રાજ્યેમાં કારીગર વર્ગ જેવા કે, સુથાર, કડીયા, વાળંદ, મોચી, ઈલેકટ્રીશીયન, પ્લરમ્બથર, લોખંડનું કામ કરનાર ગેરેજ વર્ક્સ્વ, કલર કામ, ઓટો રીક્ષાચાલક, લારી-ગલ્લાચાલક, પાથરણાવાળા, પથ્થકર પોલીસ કરનાર, લાકડા પોલીશ કરનાર, ટાઈલ્સલનું કામ કરનાર, એલ્યુમિનિય સેકશનનું કામ કરનાર વિગેરે કારીગરોનો ખૂબ મોટો વર્ગ છે. આ કારીવર્ગ તથા તેમના પરિવારજનો લોકડાઉનની સ્થિાતિમાં આવક બંધ થઈ જવાથી ખૂબ જ હાલાકી ભોગવી રહેલ છે.

કોરોના વાયરસના ફેલાવાનો વ્યાથપ જોતા અને જાહેર થયેલ લોકડાઉન પૂર્વે અમોએ તા. ૨૧-૩-૨૦૨૦ના પત્રકમાંક : એલોપી/વીઆઈપી/૬૦/૨૦૨૦થી આપને લેખિતમાં હાલની સ્થિતિ વિશે અને આ મહામારીથી ભવિષ્યરમાં રાજ્યમમાં ઉભી થનાર સ્થિતિ અંગે લેવાના થતા પગલાં અંગે વિગતવાર પત્ર લખેલ. જેમાં કોરોના વાયરસના કારણે કારીગર વર્ગના નાના-મોટા ધંધા-રોજગાર ઠપ્પવ થવાથી તેઓ બેરોજગાર બનશે, જેથી તેઓ માટે ખાસ પેકેજ/સહાય જાહેર કરવા વિનંતી કરી હતી. આ કારીગર/શ્રમિક વર્ગ દૈનિક અંદાજે રૂા. ૩૦૦થી રૂા. ૬૦૦ સુધીની રકમ માંડ કમાઈ શકે છે. આવા કપરા સમયમાં તેઓ ધંધા-રોજગાર બંધ થતાં બેકાર બની ગયેલ છે.

કોરોનાનો કેર: ગાંધીનગર, કલોલ તાલુકાના ૪ ગામ હોટસ્પોટ

માણસા અને દહેગામમાં વયાસરનો પગપેસારો રોકવા ખાસ તકેદારી રખાશે

ગાંધીનગર

જિલ્લાના હોટ સ્પોટ એવા રાંચરડાની ૭૧૯૨ અને કલોલની ૧૩૬૫૭ વસ્તી તેમજ ખોરજ, વેડા, મંડાલી, ચડાસણ અને પેથાપુરની કુલ ૫૯૯૭ વસ્તીનું ડોર ટુ ડોર સરવેની કામગીરી હાથ ધરાઈ છે. ગાંધીનગર અને કલોલ તાલુકાની જેમ દહેગામ અને માણસા તાલુકાઓમાં કોરોનાનો પગપેસારો થાય નહી તે માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.જિલ્લામાંથી અત્યાર સુધી કોરોનાના કુલ ૧૭ કેસ નોંધાયા છે. જેમાંથી ચાર કેસ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી જયારે ૧૨ કેસ શહેરી વિસ્તારમાંથી પકડાયા છે.

જિલ્લામાંથી અત્યાર સુધી કોરોનાના કુલ ૧૭ કેસ નોંધાયા છે. જેમાંથી ચાર કેસ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી જયારે ૧૨ કેસ શહેરી વિસ્તારમાંથી પકડાયા છે. જિલ્લાના ચાર તાલુકાઓમાંથી હજુ સુધી ગાંધીનગર અને કલોલ તાલુકામાંથી કોરોનાના કેસ મળી આવ્યા છે. ત્યારે ગાંધીનગર તાલુકાના ખોરજમાંથી બે કેસ તેમજ પેથાપુર અને કોલવડામાંથી એક એક કેસ મળી આવ્યો છે. જયારે કલોલ તાલુકામાંથી રાંચરડાનો છ વર્ષનો બાળકનો એક કેસ મળ્યો છે. કોરોનાના કેસ મળી આવતા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ખોરજ, પેથાપુર, રાંચરડા અને કોલવડાને હોટસ્પોટ જાહેર કરીને આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરી છે. જેમાં ડોર ટુ ડોર સર્વે કરીને શરદી, ખાંસી, તાવ, શ્વાસ લેવામાં તકલીફ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, ટીબી, એઈડ્સ સહિતની બિમારીવાળા દર્દીઓ શોધીને તેમની સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવવાની કામગીરી કરાઇ રહી છે. ઉપરાંત ગામમાં દવાનો છંટકાવ કરીને સેનેટાઈજેશનની કામગીરી હાથ ધરી છે.

ત્યારે જિલ્લાના અન્ય બે તાલુકાઓ માણસા અને દહેગામમાં કોરોનાનું સંક્રમણ થાય નહી તે માટે જિલ્લા વિકાસ અધિકારી આર. આર. રાવલે જણાવ્યું છે કે ગામના પ્રવેશદ્વારો ઉપર રજિસ્ટ્રર નિભાવવા તેમજ ગામમાં પ્રવેશનો એક રસ્તો રાખવા, ગામમાં કડકાઈથી લોકડાઉનની અમલવારી કરવી, ગામમાં પ્રવેશતી તમામ વ્યક્તિઓની ફરજિયાત સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્યની તપાસ કરાવવી, પ્રવેશદ્વાર ઉપર સેનેટાઈઝર અને માસ્કની સગવડ રાખવી, લોકડાઉનની અમલવારી માટે પોલીસતંત્રની મદદ લેવી, સામાજિક અંતર જળવાય તેની તકેદારી રાખવી, બહારથી આવેલી વ્યક્તિમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જોવા મળે તો સ્થાનિક આરોગ્ય તંત્રમાં જાણ કરવાની સુચના ગામના સરપંચો અને તલાટીઓને આપી છે. અન્ય તાલુકાઓમાં કોરોનાનો પગપેસારો થાય નહી તે માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

ધારાસભ્ય ખેડાવાલાના ભાઈ-ભાભી સહિત ૫ લોકોનો રિપોર્ટ આવ્યો કોરોના પોઝિટીવ

અમદાવાદ

અમદાવાદમાં કોટ વિસ્તાર અને દાણીલિમડામાં કરફ્યું છતાં કોરોના અટકવાનું નામ લેતો નથી. ગઈકાલે પણ અમદાવાદમાંથી ૮૮ કેસો બહાર આવ્યા હતા. આજે પણ નવા ૪૨ કેસો બહાર આવતાં હવે આંક ૫૦૦એ પહોંચવા આવ્યો છે. સાંજ સુધી અમદાવાદ આ આંકને વટાવી જશે. અમદાવાદ એ ગુજરાતમાં કોરોનાનું હોટસ્પોટ બની ગયું છે. આજે સુરત અને વડોદરામાં પણ કેસો વધ્યા છે. ૨ દિવસ પહેલાં કોટ વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાને કોરોના પોઝિટીવ આવતાં કોંગ્રેસના બીજા ૨ ધારાસભ્ય ગ્યાસુદિન શેખ અને શૈલેષભાઈએ પણ કોરોના રિપોર્ટ કરાવવો પડ્યો છે. સીએમ રૂપાણી પણ ૧૪ દિવસ માટે હોમ ક્વોરંટિન થયા છે. ત્યાં આજે ઈમરાન ખેડાવાલાનું ક્લસ્ટર વધ્યું છે. ઈમરાન ખેડાવાલાના સંપર્કમાં આવેલા ભાઈ અને ભાભી સહિત ૫ લોકોનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો છે. હવે ઈમરાન ખેડાવાલાને કારણે પરિવાર ભોગ બન્યો છે. ઈમરાન ખેડાવાલા માટે તેમના ભાઈ-ભાભી સહિતનો પરિવાર નજીકનો છે. હવે તેઓ પણ આમાં સપડાયા છે. આજે અમદાવાદ કમિશ્રરે ચેતવણી આપતાં જણાવ્યું છે કે હવે અમદાવાદમાં નવા કેસો વધશે. કોરોના ઘરમાં ના લાવવો હોય તો ઘરે જ રહો.

અમદાવાદ મ્યુનિ.આસિ.કમિશ્નર પર કોરોનાની ચપેટમાં

રાજ્યના વધુ હોટસ્પોટ અમદાવાદમાં કોરોના નવા ૪૨ પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ

અમદાવાદ

રાજ્યના સૌથી વધુ હોટસ્પોટ ગણાતા અમદાવાદ શહેરમાં ગઈકાલ રાતથી આજે સવાર સુધીમાં નવા ૪૨ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે, ત્યારે વધતા કેસને લઈને તંત્ર હરકતમાં આવી ગયું છે. શહેરમાં લોકડાઉનનું ચુસ્તપણ પાલન કરવા પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજે અમદાવાદમાં વધુ ૪૨ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. અમદાવાદ શહેરના જુહાપુરા, જમાલપુર, બહેરામપુરા, દાણીલીમડા, બોડકદેવ, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુરમાં કેસ નોંધાયા છે.

જેમાં અમદાવાદમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૪૯૨ પહોંચી ગઈ છે. રાજ્યમાં કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યાની વાત કરીએ તો ગઈકાલ રાતથી આજ સવાર સુધીમાં કુલ નવા ૧૦૫ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૪૨, સુરતમાં ૩૫, વડોદરામાં ૬ કેસ નોંધાયા છે. જ્યારે આણંદમાં ૮, બનાસકાંઠા અને નર્મદામાં ૪-૪ કેસ, રાજકોટમાં ૩ કેસ નોંધાયા છે. જ્યારે ગાંધીનગર, ખેડા અને પંચમહાલમાં નવા ૧-૧ કેસ સામે આવ્યાં છે. જ્યારે રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા વધીને ૮૭૧ થઈ ગઈ છે. જ્યારે આજરોજ કચ્છ, બોટાદ અને અમદાવાદમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે.

એએમસી કમિશનરે જણાવ્યું કે એલજી હોસ્પિટલના ૨ ડોક્ટર સહિત ૫ કર્મીઓને કોરોના થયો છે. ઉપરાંત તેમણે કહ્યું કે આજે પોલીસ કર્મી અને એએમસીના આસિસ્ટન્ટ કમિશનરનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. જ્યારે દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આ સિવાય દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારનો રિપોર્ટ આવવાનો બાકી છે. ઈમરાન ખેડાવાલાના પરિજનોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે. વિજય નેહરાએ કહ્યું કે જુહાપુરા, જમાલપુર, બહેરામપુરા, દાણીલીમડા જેવા હોટસ્પોટ વિસ્તારોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. આ સિવાય બોડકદેવ, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુરમાં પણ સતત કેસ વધી રહ્યા છે.

ઉત્તરવહી મૂલ્યાંકન અર્થે જતા શિક્ષકોને અટકાવવા બનશે ગુનો

અમદાવાદ

રાજ્ય સરકારના નિર્દેશ બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ગુરુવારથી ધો.૧૦ અને ધો.૧૨ની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરુ કરવામાં આવનાર છે. જોકે, હાલમાં લોકડાઉનની સ્થિતીમાં રાજ્યના અનેક ગામોએ બહારના લોકો માટે પ્રવેસબંધી કરી છે ત્યારે ગામમાં ઉત્તરવહી તપાસવા માટે જતાં શિક્ષકોને જો અટકાવવામાં આવશે તો તેમની સામે પોલીસ ફરિયાદ કરવા માટે સૂચના અપાઈ છે. ઉપરાંત કોઈ શિક્ષક લોકડાઉનના પગલે પોતાની નોકરીના જિલ્લાના બદલે અન્ય કોઈ જિલ્લામાં રોકાયો હોય તો તે જિલ્લાના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ખાતે તેને કામગીરી કરવાની છૂટ અપાશે.

શિક્ષણ બોર્ડ દ્વારા ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરીને લઈને કેટલીટ સ્પષ્ટતા કરી છે.

જેના પગલે શિક્ષકોને આ કામગીરી કરવામાં મુશ્કેલી નહીં પડે તેમ બોર્ડનું માનવું છે. મૂલ્યાંકન કેન્દ્રો પર એકત્ર થતાં શિક્ષકોએ બપોરના ભોજન કે નાસ્તા માટે એક સાથે બેસવાનું રહેશે નહીં તેવી સૂચના અપાઈ છે. એક મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર ૨૦૦ જેટલા શિક્ષકો ફરજ બજાવવા માટે ઉપસ્થિત રહેશે. આ સંજોગોમાં સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તે માટે જરુર પડે નજીકની બીજી બિલ્ડીંગનો પણ ઉપયોગ કરી શકાશે.

હાલમાં સમગ્ર રાજ્યમાં લોકડાઉનની સ્થિતી છે, જેના પગલે ઘણા શિક્ષકો પોતાના નોકરીના જિલ્લાના બદલે અન્ય જિલ્લામાં અટકી ગયા છે અથવા તો રોકાઈ ગયા છે તેમના માટે પણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરાઈ છે. આવા શિક્ષકો જે જિલ્લામાં છે તે જિલ્લામાં તેમના વિષયનું મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર હોય તો ત્યાં કામગીરી કરવાની તેમને છૂટ આપવામાં આવશે. જો કોઈ શિક્ષક મૂલ્યાંકન કેન્દ્ર પર આવી શકે તેમ ન હોય તો તેને ફરજ પાડવાની રહેશે નહીં, પરંતુ નજીકના જિલ્લાના કેન્દ્ર પર જઈ શકશે.

ગાંધીનગરમાં કોલવડાની આયુર્વેદિક કોલેજમાં દીપડો ઘુસતા દોડધામ

ગાંધીનગર

ગાંધીનગર નજીક કોલવડા ગામની આયુર્વેદ હોસ્પિટલ ખાતે દીપડો ઘુસી આવતા દોડધામ મચી જવા પામી હતી. દીપડો સવારે આવ્યો ત્યારે કર્મચારી અરૂણાબેન શર્માએ તેને જોતા જ ઝડપથી દરવાજો બંધ કરી દીધો હતો. આચાર્ય સ્વીટીબેન,અધિક્ષક ડો.રાકેશ ભટ્ટને કર્મચારીઓની કુનેહતાથી તેને એક રૂમમાં લોકડાઉન કરવામાં આવીને જંગલ ખાતાને જણાવવામાં આવ્યું હતું. એ.પી.સિંગ, મુખ્યમંત્રી કાર્યાલય, DFO ડામોરની મદદથી ફોરેસ્ટની ટીમે આવીને સ્થળને સંભાળી લઈ મોટ જાનહાની થતા અટકાવી હતી.

આયુર્વેદિક હોસ્પિટલમાં દીપડો ઘુસી જતા અફરાતફરી મચી ગઈ છે. જેને લઈને વનવિભાગની ટીમ પણ હોસ્પિટલમાં પહોંચી ગઈ છે. દીપડો કોલેજના ટોયલેટમાં ઘુસી ગયો હતો જેને પગલે કર્મચારીએ સમયસુચકતા સાથે દરવાજો બહારથી બંધ કરી દેતા દીપડો લોકડાઉન થઈ ગયો હતો. હાલમાં તેને પાંજરે પુરવા ઓપરેશન હાથ ધરાયું છે.

અમદાવાદમાં જડબેસલાક બંદોબસ્ત, આઠ ચેકપોસ્ટ પર ૨૦,૮૭૧ લોકોનું સ્ક્રિનિંગ

અમદાવાદ

કોરોના રોગની મહામારી આજે વિશ્વ આખા માટે એક પડકાર બની છે ત્યારે રાજ્યનુ સમગ્ર તંત્ર દિવસ રાત ખડે પગે ફરજ બજાવે છે. અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રએ પણ અમદાવાદ જિલ્લામાં આ રોગનું સંક્રમણ ન વધે તે માટે સર્વગ્રાહી પગલાં લીધા છે. અમદાવાદ શહેરની ફરતે ગામડાઓમાં પ્રવેશ થાય છે એવી ૮ ચેક પોસ્ટ પર અત્યાર સુધી ૨૦,૮૭૧ લોકોનું સ્ક્રિનિંગ કરાયુ છે. અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી અરુણ મહેશ બાબુ એ જણાવ્યું છે કે અમદાવાદ શહેરમાંથી ગામડાઓમાં થતી અવરજવરને નિયંત્રિત કરવા ગામડાઓમાં પ્રવેશ તો નિયંત્રિત કરાયો જ છે

અન્ય જરૂરિયાતની વસ્તુઓની હેરફેર કરતા લોકોને પણ ગામડાઓમાં પ્રવેશ સમયે સ્ક્રિનિંગ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. અમદાવાદ શહેર આસપાસ શીલજ સર્કલ, સનાથલ ચોકડી, હાથીજણ, બાકરોલ, કમોડ, અસલાલી બ્રિજ, વકીલ બ્રિજ બોપલ, તથા કણભા એમ આઠ સ્થળોએ ચેક પોસ્ટ ઊભી કરાઈ અવરજવર કરતા લોકોને સ્ક્રીનિંગ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૦,૮૭૧ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે અને સામાન્ય તાવના લક્ષણો જણાતા ૧૨ લોકોને નજીકની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ગામડાઓમાં રોગનું આ રોગનું સંક્રમણ ન વધે તે માટે ફયુમિગેશન અને સેનિટાઈઝેશન, રોગ પ્રતિકારક શક્તિ વધારતા આયુર્વેદિક ઉકાળા વિતરણ જેવા રક્ષાત્મક પગલા લેવાયા છે.

રાજ્યકક્ષાના મંત્રી યોગેશ પટેલના ભાભીનો કોરોનાનો રિપોર્ટ આવ્યો પોઝિટિવ

વડોદરા

વડોદરાના નાગરવાડા વિસ્તારમાં સતત કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી છે. શહેરનું નાગરવાડા વિસ્તાર કોરોના વાયરસનું એ.પી.સેન્ટર બન્યું છે. ત્યારે હવે નાગરવાડા વિસ્તારમાં પોઝિટિવિ દર્દીઓની સંખ્યા ૧૦૦ને પાર થઈ છે.

અમદાવાદી પોળની લોઉઆશેરી પોળમાં રહેતા એક મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રાપ્ત મળતી વિગત અનુસાર રાજ્યકક્ષાના મંત્રી યોગેશ પટેલના ભાભીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ત્યારે હવે વડોદરામાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૩૨એ પહોંચી છે. આમ વડોદરા શહેરની વાત કરીએ તો આજે વધુ ૮ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. જેને લઈને શહેરનો પોઝિટિવનો આંકડો ૧૩૨ પર પહોંચી ગયો છે. ત્યારે વડોદરા શહેરમાં લોકડાઉનનો કડક અમલ માટે બીએસએફના જવાનો તૈનાત કરવામાં આવ્યાં છે.

મોરબીના યુવકે લોકડાઉનનો ભંગ કરી પત્નીને તેડી લાવતા નોંધાઈ ફરિયાદ

અમદાવાદ

સરકાર દ્વારા લોકડાઉનની જાહેરાત કરવામાં આવેલી છે અને બીનજરૂરી લોકોની હેરફેર રોકવા તથા પબ્લિક ટ્રાન્સપોર્ટશન નહીં કરવા માટે મોરબી જીલ્લા મેજી. દ્વારા જાહેરનામું બહાર પાડેલ હોય છતાં પણ વાંકાનેરના જોધપર ગામે રહેતો યુવાન પોતાની પત્નીને અમદાવાદથી લઈ આવી કોરોના સંક્રમણ વધે તેવી બેદરકારીભર્યું કૃત્ય કરી જાહેરનામાનો ભંગ કર્યો હોવાની ફરિયાદ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ છે.

સરકારી તંત્રની પરવાનગી વગર ચિરાગ તેની પત્ની વર્ષાબેનને અમદાવાદથી વાંકાનેર લઈ આવી કોરોનાનું સંક્રમણ વધે તેવું બેદરકારીભર્યું કૃત્ય કરતા તેની સામે વાંકાનેર તાલુકા પોલીસે ૧૮૮, ૨૬૯ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ કલમ ૫૧(બી) ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બોટાદમાં પ્રથમ કોરોનાગ્રસ્ત દર્દીનું મોત થતા આરોગ્ય તંત્ર દોડતું થયું

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાના તાંડવ વચ્ચે બોટાદથી આજે એક ખરાબ સમાચાર મળી રહ્યા છે. બોટાદમાં કોરોનાગ્રસ્ત દર્દીનું મોત થયું છે. આ સાથે જ ગુજરાતમાં કોરોના ૩૪ લોકોને ભરખી ગયો છે. તમને જણાવીએ કે ગુજરાતમાં કોરોના વાયરસના ૮૭૧ કેસ નોંધાઈ ચુક્યા છે. જેમાંથી ૩૪ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ૬૪ લોકો સાજા થઈ ચુક્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, બોટાદમાં મોડીરાત્રે સારવાર દરમિયાન કોરોનાના દર્દીનું મોત થયું છે. બુધવારે વોરાવાડના વૃદ્ધને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

વૃદ્ધને સારવાર માટે સાળંગપુર હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ભગવાનને મંજૂર ના હોય તેમ દર્દીનું મોત થયું હતું. આ સાથે જ બોટાદમાં પ્રથમ આવેલા કોરોનાના દર્દીનું મોત છે. વૃદ્ધના પરિવાર જનોના સેમ્પલ ગઈકાલે લેવાયા છે. બોટાદ જિલ્લા કલેક્ટરે વૃદ્ધના મોત અંગેની પુષ્ટિ કરી છે. બોટાદમાં કોરોનાના પ્રથમ દર્દીની મોડી રાત્રીના સારવાર દરમિયાન મોત થતા હડકંપ મચી જવા પામ્યો છે. બુધવારે વોરાવાડના ૮૦ વર્ષના વૃદ્ધને કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ત્યારબાદ તેમને તકલીફો વધતા વૃદ્ધને સારવાર માટે સાળંગપુર હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ જ્યાં તેમનું મોત થયું હતું.

બોટાદમાં પ્રથમ આવેલા કોરોનાના દર્દીનું મોત થતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. આ વિશે જાણવા મળી રહ્યું છે કે, બોટાદના વૃદ્ધનો રિપોર્ટ પોઝિટીવ આવતા તેમના પરિવારજનોના પણ બુધવારે સેમ્પલ લેવાયા હતા. બોટાદ જિલ્લા કલેક્ટર દ્વારા હાલ વૃદ્ધના મોત અંગેની સત્તાવાર પુષ્ટિ કરી દીધી છે.

આણંદમાં વધુ ૬ કેસ સાથે કુલ કોરોના પોઝિટીવની સંખ્યા ૨૩ પર પહોંચી

આણંદ

આણંદમાં વધું ૬ કોરોના પોઝિટીવ કેસ સામે આવ્યા છે. જે પૈકી ૫ દર્દીઓ એકજ પરિવારના સભ્યો છે. ખંભાતના કેતનભાઈ રાણા કોરોના પોઝિટીવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા.જેથી તેઓ પણ સંક્રમિત થયા અને તેમનો પરિવાર પણ સંક્રમિત થયો હતો. અન્ય એક કેસમાં આણંદના ઉમરેઠમાં ૪૫ વર્ષના વ્યક્તિનો કોરોના પોઝિટીવ રીપોર્ટ આવ્યો. અત્યાર સુધી આણંદ જિલ્લામાં કુલ કોરોના પોઝિટીવ કેસોની સંખ્યા વધીને ૨૩ પર પહોંચી છે. જે બાદ તંત્રમાં ભાગદોડ મચી છે. હાલ તે દર્દી નડિયાદ સિવિલ ખાતે સારવાર લઈ રહ્યો છે. ઉલ્લેખનિય છે કે જિલ્લામાં કુલ પોઝિટીવ કેસની સંખ્યા ૨૩ પર પહોચી ગઈ છે. ખંભાતમાં એક જ વિસ્તારમાંથી અત્યાર સુધીમાં ૧૮ કેસ પોઝિટીવ આવી ચૂક્યા છે.

મુંબઈ, દિલ્લીમાં કોરોનાના કેસોમાં ઘટાડો સામે અમદાવાદમાં વધારો નોંધાતા ચિંતા

ગાંધીનગર

કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે. દેશમાં નવા લોકડાઉન દરમિયાન મુંબઈ અને દિલ્હી જેવા શહેરો માટે સારા સમાચાર કહી શકાય તેમ નવા કેસોનો ઘટાડો થયો છે. તો ગુજરાત માટે હેરાનજનક સમાચાર છે. અમદાવાદમાં કરફ્યુ જેવા કડ઼ક પગલાં ભરવા છતાં મુશ્કેલીનો પાર નથી. રાજ્યના કુલ કેસોમાંથી ૫૬ ટકા જેટલા કેસ ફક્ત અમદાવાદના છે. આજે સવારે આરોગ્ય વિભાગના આંક મુજબ અત્યાર સુધી ગુજરાતમાં કુલ નવા કેસો સાથે આંક ૮૭૧ પર પહોંચી ગયો છે. તેમાં એકલા અમદાવાદના કેસ ૫૦૦ પર પહોંચવા આવ્યા છે. અમદાવાદમાં કુલ નવા કેસો સાથે કોરોના સંક્રમિતોનો આંક ૪૯૨ પર પહોંચ્યો છે. સૌથી વધુ અસરગ્રસ્ત દિલ્હી અને મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા કેસોમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હીમાં બુધવારે માત્ર ૧૭ નવા કેસો સામે આવ્યા હતા, જે આખા એપ્રિલ મહિનામાં કોઈ એક દિવસનો સૌથી ઓછો આંકડો છે. આજ પ્રકારે મુંબઈમાં બુધવારે નવા કેસોમાં પહેલાની સરખામણીમાં ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત ૨ લોકોના જ મોત નોંધાયા છે, જે છેલ્લા ૧૧ દિવસોમાં સૌથી ઓછા હતા.

છેલ્લા ત્રણ દિવસમાં કોરોના સંક્રમિતોના કેસ ૧,૦૦૦ ઉપર રહેતા હતા પરંતુ બુધવારે સૌથી ઓછા એટલે કે ૮૬૬ નવા દર્દીઓ આવતા ભારત માટે રાહતની વાત કહી શકાય. કોરોનાના સતત વધતા ગ્રાફને બ્રેક લાગતાં દેશ માટે સારા સમચારા કહી શકાય. બુધવારે મહારાષ્ટ્રમાં ૩૪ ટકાના ઘટાડા સાથે કુલ નવા કેસ ૨૩૨ નોંધાતા છેલ્લા ૬ દિવસનો સૌથી નીચો આંક છે. દેશમાં ગુજરાત અને મહારાષ્ટ્ર માટે સારા સંકેત નથી. મધ્ય પ્રદેશમાં કોરોના વાયરસના નવા ૧૯૭ કેસ નોંધાયા હતા. તો ગુજરાતમાં પણ નવા ૧૦૫ કેસ નોંધાયા તેની ગતિ સતત વધી રહી છે. ગુજરાતમાં ૬ એપ્રિલમે માત્ર ૧૪૬ કેસ હતા. ત્યારે લગભગ ૧૮થી ૨૦ જેટલા કેસો ઉમેરાતા હતા. આજે છેલ્લા ૫ દિવસથી કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.

દિવસ	કુલ કેસ	નવા કેસ
૮ એપ્રિલ	૧૮૬	૧૧
૯ એપ્રિલ	૨૬૨	૭૬
૧૦ એપ્રિલ	૩૭૮	૧૧૬
૧૧ એપ્રિલ	૪૬૮	૯૦
૧૨ એપ્રિલ	૫૧૬	૪૮
૧૩ એપ્રિલ	૫૭૨	૫૬
૧૪ એપ્રિલ	૬૫૦	૭૮
૧૫ એપ્રિલ	૭૬૬	૧૧૬

કાલે રાતથી આજે સવાર સુધી નવા કુલ ૧૦૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. અમદાવાદમાં ૪૨ નવા કેસ નોંધાયા છે. સુરતમાં ૩૫, વડોદરામાં ૬, રાજકોટમાં ૩, બનાસકાંઠામાં ૪, આણંદમાં ૮ , નર્મદામાં ૪ અને ગાંધીનગર, ખેડા, પંચમહાલમાં એક એક નવા કેસો નોંધાયા છે. અત્યાર સુધી કુલ ૮૭૧ કેસ નોંધાયા છે. જેમાં વેન્ટિલેટર ઉપર ૫ લોકો છે અને ૭૬૭ લોકો સ્થિર હાલતમાં સારવાર હેઠળ છે. અમદાવાદમાં જુહાપુરા, જમાલપુર, દાણીલીમડા, મણિનગર, મેઘાણીનગર, સરસપુર અને ગોમતીપુરનો સમાવેશ થાય છે.

ડીસાનાં જોરાપુરા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં એક યુવાનનું મોત

બનાસકાંઠા

ડીસાનાં જોરાપુરા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં એક યુવાનનું મોત નીપજ્યું છે. જોકે, અકસ્માતમાં મૃત્યું પામેલા યુવાનની હાલ કોઈ ઓળખાળ થઈ નથી. હાલ તેના મૃતદેહને ડીસા સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટ્મ માટે લઈ જવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ડીસાનાં જોરાપુરા પાસે બુધવારે મોડી રાતે અજાણ્યા વાહન ચાલકે રસ્તે ચાલતા યુવકને અડફેટે લીધો હતો. આ યુવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

ગામનાં સ્થાનિકો આ યુવાનને ઓળખતા ન હતાં જેથી તે કોણ છે ક્યાંથી આવ્યો છે અને ક્યાં જવાનો હતો તેની કોઈ જાણ થઈ નથી. હાલ તેના મૃતદેહને ડીસા સિવિલ હૉસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો છે. હાલ કોરોના વાયરસનાં હાહાકાર વચ્ચે આ યુવાનનાં મૃતદેહની મેડિકલ તપાસ થવી જરૂરી છે. સ્થાનિક પોલીસ આજુબાજુનાં સીસીટીવી કેમેરાની મદદથી આ યુવાનની તપાસ કરી શકે છે. નોંધનીય છે કે, ચિબોડા ખુમાપુર ગામની સીમમાં ટ્રેકટર ચાલકે રિક્ષા નંબર જી.જે . ૩૧ એક્સ ૨૫૦૯ સાથે ટકરાતા રીક્ષા ચાલક રાહુલભાઈ બામણિયા (ઉ.વ.૨૪)ને ટક્કર વાગતા રીક્ષા ચાલકને ગંભીર ઈજાઓ પહોચતાં મોત નિપજ્યુ હતુ. તેમજ અંદર બેઠેલ મુસાફરોને શરીરે વધારે ઓછી ઈજાઓ પહોચાડી હતી. ટ્રેક્ટર ચાલક પોતાનુ ટ્રેક્ટર લઈ નાસી ગયો હતો. તમામ ઈજાગ્રસ્તોને ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.આ અંગે મૃતકના પિતા બાદરભાઈ શામળભાઈ બામણીયાએ ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના રેડ ઝોન નાગરવાડામાં ૪ સહિત વધુ ૮ પોઝિટિવ કેસ સાથે કુલ સંખ્યા ૧૩૨ થઈ

વડોદરા

વડોદરા શહેરમાં કોરોના વાઈરસના વધુ ૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. વડોદરામાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસ પોઝિટિવની સંખ્યા ૧૩૨ ઉપર પહોંચી ગઈ છે. આજે નોંધાયેલા ૮ કેસ પૈકી રેડ ઝોન નાગરવાડામાં ૪, સલાડવાડામાં ૧, નવાપુરામાં ૧, વાડીમાં ૧ અને ડભોઈમાં એક પોઝિટિવ કેસ નોંધાયો છે.

વડોદરામાં જે રીતે કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધી રહી છે, તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નાગરવાડા સહિત મચ્છીપીઠ, કારેલીબાગ પોલીસ સ્ટેશનથી ગાંધી નગરગૃહથી અમદાવાદી પોળથી ખત્રી પોળથી સયાજી હોસ્પિટલના રાઉન્ડ વિસ્તારમાં મોટી માત્રામાં લોકોના સેમ્પલ લઈને કોરોના ટેસ્ટ કરવાની સૂચના આપવામાં આવી છે. આજથી આ વિસ્તારોમાં માસ સેમ્પલિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. કારેલીબાગના આનંદનગરના સત્યમ એપાર્ટમેન્ટમાં ૫ પોઝિટિવ કેસ આવ્યા બાદ ચારે તરફથી પતરા મારી દીધા છે. બીજી તરફ આ હાલતમાં શાકભાજીવાળાઓએ તો ચાર દિવસથી આ તરફથી મોં જ ફેરવી લીધુ છે અને દૂધના સાંસા પડી ગયા છે. સફાઇ કરવા કોઈ ફરકતુ નથી.

વડોદરામાં આજે નોંધાયેલા કોરોના વાઈરસ પોઝિટિવ દર્દીઓના નામ

(૧) નફિસબાનુ નૂરખાન પઠાણ (ઉ.૫૮), સૈયદપુરા નાગરવાડા

(૨) ભૂપેન્દ્ર પુનમભાઇ રાજપૂત (ઉ. ૩૦), માળી મોહલ્લો, વાડી

(૩) નિલોફર યુસુફખાન પઠાણ (ઉ.૪૫), મુસ્લિમ બોર્ડિંગ પાછળ, નાગરવાડા

(૪) રાજેન્દ્ર મોહનિસ (ઉ.૩૫), ડભોઇ

(૫) હિતેશ બંસીલાલ પટણી (ઉ.૫૨), આમલી ફળીયા, નાગરવાડા

(૬) સમાબેગમ ઇરફાનઅલી સૈયદ (ઉ.૪૮), સૈયદપુરા, નાગરવાડા

(૭) સવેર્ણાબેન માર્વેકલ (ઉ.૪૭), વાણિકલ પાયા, સલાટવાડા

(૮) હરીશભાઇ સદાશિવ જાધવ (ઉ.૫૨), શિંદે ચાલ, કેવડાબાગ, નવાપુરા

લોક ડાઉન વચ્ચે ગોડાદરામાં ચાર પર હુમલોઃ એકનું મોત

મોડી રાત્રે સ્મીમેરમાં ઈજાગ્રસ્ત મિલિંદ ભામરેનું મોત થયું

સુરત

લિંબાયતના ગોડાદરા વિસ્તારમાં ગઈ કાલે રાત્રે સાડા દસ વાગ્યાની આસપાસ ખુની ખેલ ખેલાયો છે. ગોડાદરા માનસરોવર સોસાયટી પાસે આવાસમાં સતીષ નામના ટપોરી તેના ભાઈ અને સાથીઓ સાથે ચપ્પુ, લાકડાના ફટકાથી ચારેક જણા પર હુમલો કરતા એકનું મોત નિપજ્યું હતું અને ત્રણેક જણાને ઈજા થઈ છે.

સ્મીમેર હોલ્ખિટલમાંથી મળતી માહિતી અનુસાર ગોડાદરા આવાસમાં સોનુ સિરસાઠ, સાગર સિરસાઠ અને તેમના સંબંધીઓ રહે છે. રીઢો ગુનેગાર સતીષ પણ એ જ વિસ્તારમાં રહે છે. સોનુના મિત્રનો છોકરો દુકાન પર કંઈ ખરીદવા ગયો હતો. ત્યારે સતીષના ભાઈએ તેની સાથે ઝઘડો કરીને માર માર્યો હતો. જેથી સોનુ સિરસાઠ સતીષના ભાઈને બોલવા ગયો હતો. ત્યારે સતીષ તેના ભાઈએ સોનુ સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડો વધી જતા સતીષ અને તેના માણસોએ ચપ્પુ, ફટકાથી સોનુ અને સાગર તથા તેમના તરફથી બોલતા લતાબેન અને મિલિંદ પર હુમલો કરીને નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત તમામને મધરાત્રે સ્મીમેર હોલ્ખિટલ લઈ જવાયા હતા. જ્યાં મિલિંદ ભામરેનું મોત નિપજ્યું હતું. લોક ડાઉનની સ્થિતિ વચ્ચે મોડી રાત્રે પોલીસ સ્મીમેર હોસ્પિટલ પહોંચી હતી અને હત્યા અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

નવસારી ગ્રામ્ય વિસ્તારોમાં ૧૪ લાખ લોકોનો હેલ્થ સરવે

હેલ્પ લાઈન નંબર દ્વારા ટેલીમેડિસીનની સુવિધા

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજ દિન સુધી નવસારી જિલ્લામાં ૩૦૮ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૨૯૫ નમુના નેગેટીવ આવ્યા છે.૧૩ રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ૧૪,૦૦,૯૦૭ ઘરોનો સર્વે કરાયો છે.જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૫૮ કેસ કરીને રૂપિયા ૬૫,૯૦૦ વસુલ કરવામાં આવ્યા છે.

રાજયમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે જેને ધ્યાને લઈને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઈ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઈન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહયાં છે. રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઈ છે.આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ લોકોને ૨૪ બ૦૭ કલાક માટે એમ. બી. બી. એસ. એમ. ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીંગ સહિત ટેલી એડવાઈઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઈ છે. સવારે૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૦૨૦૮ ઉપર સંપર્ક સાધી શકાશે

કોરોના વાયરસની કપરી સ્થિતિમાં હેલ્થ વર્કરોનું અનન્ય યોગદાન

મુખ્યમંત્રી રાહતફંડમાં રૂ. એક લાખની સહાય

સુરત

વૈશ્વિક મહામારી કોરોનો વાયરસ (COVID-૧૯)નાં સંક્ર્મણને અટકાવવા માટે આપના દેશનાં આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સૌ પ્રથમ ૧ દિવસ માટે જનતા કર્ફ્યુ બાદ ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરેલ હતું. જેનું આપણા દેશના પ્રજાજનોએ સમર્થન આપી જનતા કર્ફ્યુ અને આ લોકડાઉનનું પાલન કરેલ હતું. આપણા દેશમાં કોરોનો વાયરસને નાબૂદ કરવા અને તેને ફેલાતો અટકાવવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફરીથી ૩ મે - ૨૦ સુધી લોકડાઉન લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આજે વડાપ્રધાનશ્રી ૨૪ ૮ ૭ કલાક આ મહામારીને નાબૂદ કરવા કામગીરી કરી રહયા છે. સાથોસાથ કેન્દ્ર સરકારશ્રી અને તમામ રાજયોની રાજય સરકારશ્રી પણ ૨૪ કલાક આ મહામારીને નાબૂદ કરવા કામગીરી કરી રહેલ છે. આપણા દેશનું સમગ્ર વહીવટી તંત્ર, ડોક્ટરશ્રીઓ, સમગ્ર નસ'ગ સ્ટાફ અને સમગ્ર પોલીસ તંત્ર પણ ખડેપગે આ મહામારીને કાબુમાં લેવા માટે કામગીરી કરી રહેલ છે. સાથોસાથ આપણા દેશમાંથી ઘણી સંસ્થાઓ, કર્મચારીશ્રીઓ, દાતાશ્રીઓ તેમજ આપના દેશના પ્રજાજનો આ કામગીરી માટે થનાર ખર્ચને પહોંચી વળવા વડાપ્રધાનશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં યથાયોગ્ય સહાય આપી રહ્યા છે. આજરોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતનિધિમાં રૂ. ૧૦૦૦૦૦/-નો ચેક ભરૂચના કલેકટરશ્રી ડી. એમ. ડી. મોડિયાજીને આપેલ છે.

લસકાણા ડાયમંડ નગરમાં શ્રમિકોને અનાજ અને તેલનું મોટા પાયે વિતરણ

સાઉથ ગુજરાત ટેક્સટાઈલ ટ્રેડર્સ એસોસિએશન દ્વારા પણ સહાય
સુરત પેટ્રોલ પંપ એસોસિએશન દ્વારા ૪૫૦ રાહત કીટનું અનુદાન

સુરત

સુરતના જાગૃત્ત જનપ્રતિનિધિઓ કોરોના સંકટ સમયે પ્રજાની સેવા કરવામાં પાછીપાની કરી નથી. સાંસદશ્રી સી.આર. પાટિલ સેવાકીય કામગીરી કરતી સંસ્થાઓને જરૂરી સહયોગ માર્ગદર્શન આપવાની સાથોસાથ સેવાસંસ્થાઓ અને જરૂરિયાતમંદ પરિવારો વચ્ચે સેતુરૂપ બન્યા છે. સાંસદશ્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં લસકાણા, ડાયમંડનગર ખાતે ઓરિસ્સાના કારીગરોને ભોજન અંગેની કોઈ સમસ્યા ન સર્જાય તે માટે ૫૦૦૦ કિલો ચોખા, ૨૦૦૦ કિલો તુવેરદાળ અને ૫૦૦ કિલો તેલ કામરેજના પ્રાંત અધિકારીશ્રીને આપવામાં આપ્યું હતું. આ અનાજ અને તેલનું અનુદાન શ્રી શ્રી રવિશંકરજી, આર્ટ ઓફ લિવિંગ અર્નેં છઊંફ દ્વારા પ્રાપ્ત થયું હતું. તેમજ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, સુરત ડિવિઝન ઓફિસ અને સુરત પેટ્રોલપંપ એસોસિએશન દ્વારા પણ જરૂરિયાતમંદ ઉડિયા સમાજનાં કારીગરો તેમજ અન્ય ગરીબ વર્ગના લોકોમાં વહેંચવા માટે ૪૫૦ રાહત કીટ સાંસદશ્રીને આપવામાં આવી હતી. શ્રી દિપેનભાઈ દેસાઈ, શ્રી બાલાભાઈ, શ્રી સુમિતભાઈ ભોંસલે, શ્રી નિતીનભાઈ મોદી અને સેલ્સ ઓફિસર્સ દ્વારા આ યોગદાન પ્રાપ્ત થયું હતું.

ઉપરાંત, સાઉથ ગુજરાત ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશન દ્વારા પાંડેસરા ખાતે અનાજની કીટનું વિતરણ કરાયું હતું. સાઉથ ગુજરાત ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનનાં અધ્યક્ષ શ્રી સાંવરપ્રસાદ બુધિયા, સચિવ શ્રી સુનિલકુમાર જૈન, શ્રી મોહનભાઈ અરોરા, શ્રી દિનેશભાઈ કટારિયા, શ્રી સચીનભાઈ અગ્રવાલ, શ્રી પુરૂષોત્તમભાઈ ઝુનઝુનવાલા, શ્રી મનિષભાઈ મંગોતિયા, શ્રી નીતિનભાઈ ગર્ગ, શ્રી આશિષભાઈ મલ્હોત્રા, શ્રી વિનોદભાઈ અગ્રવાલ, શ્રી નીતિનભાઈ અગ્રવાલ તેમજ સભ્યોએ સેવાના આ ભગીરથ કાર્યમાં યોગદાન આપ્યું હતું.

સુરતમાં કાદરશાની નાળમાં મુસ્લિમ સમાજ દ્વારા પોલીસનું ફૂલોથી સ્વાગત



સુરત

કાદરશાની નાળ વિસ્તારમાં લોકડાઉનનું પાલન કરાવવા પેટ્રોલિંગ પર નીકળેલી અઠવા પોલીસનું સ્થાનિક મુસ્લિમ લોકોએ ફૂલ વરસાવી સ્વાગત કર્યું હતું. કાદરશા અને સંગ્રામપુરા તલાવડી વિસ્તારના સ્થાનિક મુસ્લિમ લોકોની પ્રશંસનીય કામગીરી સામે આવી છે. સ્થાનિક લોકોની કામગીરી જોઈ પોલીસ પણ ભાવુક બની હતી. ટોળાને સમજાવી સોશિયલ ડિસ્ટન્સ રાખવા અનુરોધ કર્યો હતો. પોલીસે ટોળાને ફરી એક સંદેશો આપ્યો હતો કે, ઘરમાં રહેશો તો સુરક્ષિત રહેશો. કોરોના વાઈરસ કોઈ ધર્મને જોતો નથી. ત્રણ દિવસ પહેલાનો આ વીડિયો સામે આવ્યો છે.

માનદરવાજા ટેનામેન્ટ વિસ્તાર કોરોન્ટાઈન જાહેર કરાયો

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસના શરૂઆતના દર્દીઓની સંખ્યા ખુબજ ધીમી ગતિએ વધતી હતી. પરંતુ છેલ્લા ત્રણ ચાર દિવસથી શહેરમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. આજે નોંધાયેલા ૨૨ પોઝિટિવ દર્દીઓમાં માનદવરાજા ટેનામેન્ટ વિસ્તારના એક સાથે ૧૪ જેટલા પોઝિટિવ દર્દીઓ મળી આવતા મનપાનું આરોગ્ય તંત્ર હચમચી ઉઠયું છે. આ વિસ્તારમાં નોંધાયેલા પોઝિટિવ દર્દીઓ લોક ટ્રાન્સમિશનના હોવાનું હાલ અનુમાન કરાયું છે.

સુરત મનપા તંત્ર દ્વારા આ માનદરવાજા ટેનામેન્ટ વિસ્તારને સેફટી કોડન કરી દેવામાં આવ્યું છે. અને સમગ્ર વિસ્તારમાં આરોગ્ય ટીમો ઉતારી દઈ કોરોના વાયરસના લક્ષણો ધરાવતા દર્દીઓની મેડિકલ તપાસ પદ્ધતિના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. આ વિસ્તારના તમામ લોકને હોમ કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છ. પોઝિટિવ દર્દીઓ ધરાવતા વિસ્તારોમાં કુલ ૪૨૭૧ દર્દીઓની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. આ સંખ્યામાં એડમિત દર્દીઓનો પણ સમાવેશ થાય છે. આ પૈકી ૩૬૩૩ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. જ્યારે ૫૫૫ દર્દીઓનાં રિપોર્ટ પેન્ડિંગ છે.

પોલીસ સાથે માથાકુટ કરનાર રાશન દુકાનદારની ધરપકડ

ગાડી કબ્જે કરાતા જે લોકોએ પોલીસ સાથે ગેરવર્તન કર્યું

સુરત

કટોદરા સોશિયો સર્કલ પાસે લોકડાઉનનો અમલ કરાવવા ખટોદરા પોલીસે ચોક્કસ કારણે વગર ગાડી લઈને નિકળનારાની સામે કાયદેસરની કાર્યવાહી કરતા હતા. ત્યારે અલથાણના રેશનિંગની દુકાન ધરાવનાર અને કર્મચારીએ ખટોદરા પોલીસ સાથે માથાકુટ કરી ફરજમાં અડચણરૂપ બન્યા હતા. આ બનાવ અંગે પોલીસ સબ ઈન્સ્પેક્ટર આરસી નાગોલે આરોપી રતનલાલ નાગજીભાઈ દાયમા (રેશનીંગની દુકાનનો કર્મચારી), મુકેશ સુખલાલ જૈન (સોહમ રેસિડેન્સી અલથાણ), વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૧૮૬, ૧૧૪ મુજબની ફરિયાદ કરાવી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૧૪ એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્ભ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૨૮૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૩૧૦ની અટક કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ ૩ ઈસમો સામે એફઆઈઆર કરવામાં આવી છે. અને ૫ વ્યકિતની અટક કરવામાં આવી છે. ૪૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા અને રૂપિયા ૮,૫૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તા. ૧૪ એપ્રિલ સુધીમાં કુલ ૩૪૫૯ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૩૮૩૯ વ્યકિતઓની અટક કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

૨૫૦૦ રૂપિયાના હિસાબ બાબતે સાવકા પુત્રએ પિતાની હત્યા કરી નાખી

લોકડાઉનમાં સુરતમાં ૨૪ કલાકમાં હત્યાની બે ઘટનાથી ખળભળાટ

સુરત

શહેરમાં કોરોનાને પગલે થયેલા લોકડાઉન વચ્ચે સુરતમાં સાવકા પુત્રએ પિતાની હત્યા કર્યાનો બનાવ સામે આવ્યો છે. વેપાર કરવા માટે રૂપિયા ૨૫૦૦નો હિસાબ માંગવા બાબતે થયેલા ઝઘડામાં સાવકા પુત્રએ પિતા પર લોખંડના તવાથી હુમલો કર્યો હતો, જે બાદમાં પિતાને માથામાં ઈજા થતાં મોત નીપજયું હતું. પોલીસે સાવકા પુત્ર વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કોરોના વાયરસને પગલે પેહલા ૨૧ દિવસ અને હવે ૧૯ દિવસનું બીજા તબક્કાનું લોકડાઉન ચાલે છે ત્યારે સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં હત્યાનો બીજો ગુનો પોલીસ ચોપડા નોંધાયો છે. સુરતના ગરીબ વિસ્તારમાં જેની ગણતરી થાય છે ઉપરાંત પરપ્રાંતીયનો મોટો વિસ્તાર એવા સચીન જીઆઈડીસીના શિવનગર નજીક કમુ મહાદેવ સોસાયટીમાં રહેતી બિંદુદેવી રામસુફન નિશાદે પ્રથમ પતિના મોત બાદ રામસુફન સાથે બીજા લગ્ન કર્યા હતા. બિંદુને પ્રથમ પતિ થકી સંતાનમાં પુત્ર રોશન અને પુત્રી આરતી છે અને બીજા પતિ થકી પુત્ર રોબીન અને વિજેન્દર છે.

રામસુફન લગ્ન વખતે સિલાઈ કામ કરતો હતો અને ત્યાર બાદ તેણે લારી પર મસાલા વેચવાનું શરૂ કર્યુ હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી રામસુફન મસાલા વેચવા જતો ન હતો. જેથી બિંદુ પરિવારનું ગુજરાન ચલાવવા મસાલાની લારી ચલાવતી હતી અને પૈસાનો હિસાબ પોતાની પાસે રાખતી હતી. આથી રામસુફન બિંદુ સાથે પૈસાની બાબતે વારંવાર ઝઘડો કરતો હોવાથી પુત્ર રોશન તેના સાવકા પિતાને ઝઘડો નહીં કરવા સમજાવતો હતો. જોકે, રામસુફન સાવાક પુત્ર રોશનને નાજાયઝ ઓલાદ કહેતો હતો અને માતાના ચારિત્ર્ય અંગે શંકા વ્યક્ત કરતો હતો.

દરમિયાન બે દિવસ અગાઉ રોશને તેના સાવકા પિતાને મસાલા ખરીદવા રૂ. ૨૫૦૦ આપ્યા હતા. જેનો હિસાબની માંગણી કરતા પિતા-પુત્ર વચ્ચે ઝઘડો થતા રામસુફને પુનઃ રોશનને નાજાયઝ કહી, "તમારી પાછળ મેં કેટલા પૈસા ખર્ચી નાંખ્યા તેનો કોઈ હિસાબ નથી, આજે તું મારી પાસે હિસાબ માંગે છે" કહીને રોશન પર લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. જેથી આવેશમાં આવેલા પુત્રએ લોખંડના તવા વડે સાવકા પિતા રામસુફનને પેટ અને છાતીમાં ઈજા પહોંચાડી હતી. બિંદુએ તવો લઈ લેતા રોશને રામસુફનના હાથમાંથી લાકડાનો ફટકો લઈ માર મારતા તેનું મોત થયું હતું. આ અંગે સચિન GIDC પોલીસને જાણકારી મળતા પોલીસ તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી હતી અને આરોપી પુત્રની ધરપડ કરી હતી.

ડાંગ જિલ્લામાં આવશ્યક સેવા સિવાયની તમામ સેવા મોકુફ

ત્રીજી મે સુધી લોકડાઉનના ચુસ્ત અમલ

સુરત

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID- 19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરાના વાયરસ ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને આ વાઈરસના સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળે ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કેટલાક નિયંત્રણો મુકવામાં આવ્યા છે.

ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૧૪/૦૪/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃજીજી/૨૩/૨૦૨૦/વી-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૧૫/૦૪/૨૦૨૦ મધ્યરાત્રી થી તા.૦૩/૦૫/૨૦૨૦ ના ૨૪-૦૦ કલાક સુધી બંધ રાખવા જણાવવામાં આવેલ છે.. જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા શ્રી એન.કે.ડામોર (આઈ. એ. એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લાના હદ વિસ્તારમાં નીચે મુજબનો હુકમ કરેલ છે. આ હુકમ તા.૧૫/૦૪/૨૦૨૦ થી તા.૦૩/૦૫/૨૦૨૦ સુધી (બંનૈ દિવસો સહિત અમલમાં રહેશે.

બીજા તબક્કાના લોકડાઉનના બીજા દિવસે સ્વયંભૂ અમલ

સુરતમાં કેસોની સંખ્યામાં વધારો થતા લોકો ગંભીર બન્યા

સુરત

સુરત સહિત ભારત ભરમાં લોકડાઉનના બીજા તબક્કાનો આજે બીજો દિવસ છે. સુરત શહેરમાં લોકડાઉનનો કડક પુર્વક પોલીસ તંત્ર દ્વારા અમલ કરાવવામાં આવી રહયો છે. લોકો પણ સ્વયંભૂ લોકડાઉનનો અમલ કરી રહ્યા છે. જો કે સવારના સમયે જીવન જરૂરિયાત ચીજ વસ્તુ લેવા માટે પોલીસ દ્વારા અવર જવરની છૂટ જે તે વિસ્તાર પૂરતી સિમિત કરાઈ છે. કેમ કે જે તે વિસ્તારમાં સવારે શાકભાજી સરળતાથી મળી રહેતી હોવાથી લોકો વદુ દુર ન જાય, તેની તકેદારી પોલીસ દ્વારા રાખવામાં આવી રહી છે.

આમેય, સુરત શહેરમાં અસહય ગરમી પડી રહી છે. જેને કારણે લોકો જીવન જરૂરિયાત ચીજ વસ્તુ ખરીદવા માટે સવારેજ નીકળે છે અને બપોરે બાદ નો સમય વિસ્તાર સુમસાન થઈ જાય છે. કાળકાજ ગરમીને કારમે લોકો સ્વયંભૂ બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. બીજી તરફ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ વેચનારા દુકાનદારો મેડિકલ સ્ટોર, ડેરી પણ લોકો પાસે સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવી રહ્યા છે.

ત્રીજી મે સુધી લોક ડાઉન અને સોશ્યલ ડિસ્ટન્સિંગનો અમલ કડક પણે કરવામાં આવે, તો કોરોના વાઈરસની વધતી ચેઈનને આગળ વધતા અટકાવી શકાય તેમ છે.

તલાટીઓની મદદ વડે ગામડાના શ્રમિકો માટે વ્યવસ્થા કરવા માંગ

સુરત

સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં અને સચિનમાં આવેલ ઔદ્યોગિક એકમમાં કામ કરતા કામદાર તથા કર્મચારીને પગાર, લોકડાઉન દરમિયાન ભોનની કે રાશનની વ્યવસ્થા અને આરોગ્ય સુવિધા કરવા બાબતે સુરત જિલ્લા કોંગ્રેસ મુખ્યમંત્રી ને લેખિત ફરિયાદમાં જણાવ્યું છે કે સુરત જિલ્લાના પલસાણા તાલુકાની હદ વિસ્તારમાં તેમજ ચોર્યાસી તાલુકાના સચિનમાં આવેલ ઔદ્યોગિક એકમ ધરાવતા માલિકો કે એકમમાં કામ કરતા પરપ્રાંતમાંથી આવેલા અને અસ્થાયી રૂપે રહેતા લોકો કામદાર કે કર્મચારી કામ કરે છે. સદર કોવિદ-૧૦ કોરોના વાઈરસનો પ્રસાર અને ફેલાવો ધ્યાનમાં લેતા કેન્દ્ર અને રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ નિર્ણયો લઈ પરપ્રાંતિય કામદારોને જે તે સ્થળે રાખી લોકડાઉનનો સંપૂર્ણ અમલ કરવાનો રહે છે. તાલુકાના એખમમાં કામ કરતા કાયમી કે હંગામી કર્મચારીઓના આરોગ્ય, પગાર અને રાશન ભોજનની વ્યવસ્થા કરવાની થાય છે. તેથી આ તમામ કર્મચારી-કામદારો ગ્રામ પંચાયત કે સરકાર પર બોજો ન બને અને તેમનું આરોગ્ય જળવાય તે હેતુથી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓ દ્વારા તાત્કાલિક તમામ એખમાનો સર્વે તેઓને લેખિત સુચનાઓ આપવામાં આવે એ ગ્રામ પંચાયત સ્થળ પર તલાટી કમ મંત્રીશ્રી હાજર રહે એવી વ્યવસ્થઆ કરવામાં માંગણી કરાઈ છે.

સુરતમાં ત્રણ દિવસમાં ચોથી વખત માંગોને લઈ રસ્તા પર ઉતર્યા શ્રમિકો



સુરત

સુરત શહેરમાં આજે વધુ ૩૫ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેને પગલે સુરતમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૮૫(જિલ્લાના ૨ દર્દી સહીત) પર પહોંચી ગઈ છે.વધુ કેસ કોમ્યુનિટી સેમ્પલના રિપોર્ટમાં સામે આવ્યા છે. કોમ્યુનિટી સેમ્પલમાં ઉમરવાડા, રાંદેર, માનદરવાજાના દર્દીઓનો સમાવેશ થાય છે. આજના ૨૨ કેસમાંથી ૧૪ કેસ માનદરવાજા ટેનામેન્ટમાંથી સામે આવ્યા છે.સૌથી વધુ કેસ નોંધાયા છે તેવા પાંચ વિસ્તારમાં કર્ફ્યુ ૨૨મી સુધી જાહેર કરવામાં આવ્યું છે.

લોકડાઉન બીજા તબક્કામાં પ્રવેશતા જ કામ ધંધા વગર બેકાર બની ગયેલા કામદારો ઉધામાં મચાવી રહ્યાં છે. છેલ્લા ત્રણેક દિવસથી શહેરના અલગ અલગ વિસ્તારોમાં કામદારો વતન જવા અને ભોજનની માંગ સાથે ધમપછાડા કરી રહ્યાં છે. કામદારોએ આજે ઉધના વિસ્તારમાં વતન અને ભોજન માટે રસ્તા પર ઉતરીને માંગ કરી હતી. બીજી તરફ પાંડેસરા વિસ્તારમાં મીલ માલિકો દ્વારા પગાર-ખર્ચી ન અપાતી હોવાનું કહીને કામદારોએ રોષ વ્યક્ત કર્યો હતો. પોલીસે બન્ને જગ્યાએ મધ્યસ્થી કરીને મામલો થાળે પાડ્યો છે.

રાંદેર બાદ હવે સેન્ટ્રલ અને લિંબાયત ઝોન વધારે હોટ સ્પોટ તરીકે ઉભરી આવ્યા છે. માનદરવાજા ટેનામેન્ટમાંથી જ ૧૪ કેસ મળ્યા છે, સેન્ટ્રલ ઝોનમાં પણ કેસ વધારે છે. રાંદેરમાં પહેલા કરતાં હવે પોઝિટિવ કેસનો રેશિયો ઓછો થયો છે. સેન્ટ્રલ અને લિંબાયત ઝોન હોટ સ્પોટ એરિયા બની રહ્યું હોવાનું મ્યુ. કમિશનરે જણાવ્યું હતું.

માનવતા મહેંકી: સુરતમાં ૬૦૦ કર્મચારીઓના ખાતામાં લોકડાઉનમાં કામગીરીનું બોનસ જમા

સુરત

એક ક્લિક અને ૬૦૦ જેટલા કર્મચારીઓના ખાતામાં લોકડાઉનની સુંદર કામગીરી બદલ બોનસ જમા કરનાર વિશ્વ એન્ટર પ્રાઈઝની સરાહનીય કામગીરી સામે આવે છે. એટલું જ નહીં પણ આ મહામારીના સમયમાં જરૂરિયાતમંદ તમામ કર્મચારીઓને ઘરેથી લાવવા લઈ જવાની કામગીરી સાથે ભોજન વ્યવસ્થા ઉભી કરી કોરોના વાઈરસ સામે સુરક્ષા કવચ એટલે કે માસ્ક પણ આપ્યા છે. સુરત સિવિલ હોસ્પિટલમાં વિશ્વ એન્ટર પ્રાઈઝના કોન્ટ્રાકટ હેઠળ નર્સીગ સ્ટાફ, ઓપરેટર, વોર્ડ બોય, સ્વીપર, સરવન્ટ સહિત લગભગ ૬૦૦ કર્મચારીઓ



કામ કરી રહ્યા છે. પગારના ૭માં જ દિવસે કંપનીએ તમામ કર્મચારીઓના બેંક ખાતામાં કોરોના બોનસ એકમ જમા કરાવી દીધી હતી.

ભરતભાઈ (વિશ્વ ઈન્ટર પ્રાઈઝ સુરતના સુપર વાઈઝર)એ જણાવ્યું હતું કે, હાલ જ્યાં સુધી સાંભળવામાં આવે છે કે લોકડાઉનમાં કર્મચારીઓની હાલત કફોડી બની ગઈ છે. ત્યારે કંપનીએ હેલ્થ સાથે જોડાયેલા તમામ કર્મચારીઓને બોનસ આપી એક પરિવારની વ્યાખ્યા સાબિત કરી છે. વધુમાં ઉમેર્યું હતું કે, આગામી દિવસોમાં દિવાળી બોનસ આપવાની તૈયારી પણ કરી રહ્યું છે. હંમેશા કર્મચારીઓથી કંપની બનતી હોય છે એવું મારું માનવું છે.

વાલોડના "સંવેદના" ટ્રસ્ટની "સંવેદનશીલતા"

"કોરોના"ને પગલે વ્યાપ્ત "લોકડાઉન"ની પરિસ્થિતિથી અસરગ્રસ્ત બનેલા લોકોની વ્હારે આવ્યું ટ્રસ્ટ

વ્યારા

દેશમાં 'કોરોના'ને પગલે 'લોકડાઉન' છે. ત્યારે કેટલાક શ્રમિકો, શ્રમજીવીઓ અને તેમનો પરિવાર અસમંજસની સ્થિતિમાં મુકાયો છે. સ્થાનિક વહીવટી તંત્ર આવા અસરગ્રસ્તોને સમયસર જરૂરી મદદ મળી રહે તે માટે પ્રયત્નશીલ છે, ત્યારે સેવાભાવી સંસ્થાઓ પણ તંત્રની સાથે ખભે ખભા મિલાવીને, વિપદ ની આ વેળાએ સેવાના યજ્ઞકાર્યમાં આહુતિ આપી રહી છે.

આજે વાત કરવી છે, તાપી જિલ્લાના વાલોડ ખાતે ખૂબ જ 'સંવેદનશીલતા' સાથે 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ની ઉક્તિને સાર્થક કરતા 'સંવેદના' ટ્રસ્ટની.

"કોરોના"ના કહેર વચ્ચે અડીખમ યોદ્ધાની જેમ રાતદિવસ ખડેપગે સેવા બજાવતા વહીવટી તંત્રની સાથે 'કોરોના વોરીયર્સ' એવા 'સંવેદના' ના સ્વયંસેવકોએ ગત તા.૨૩મી માર્ચથી જ તેની સેવાપ્રવૃત્તિઓ શરૂ કરી દીધી હતી. ટ્રસ્ટ દ્વારા જરૂરી માત્રામાં ફેસ માસ્ક, અને સેનિટાઈઝરની બોટલોનું જરૂરિયાતમંદોને વિતરણ કરવા સાથે, વાલોડ ગામમાં પ્રશાસનિક ટીમની સાથે ડોર ટુ ડોર જઈને લોકોને સ્વાસ્થ્યવર્ધક ઉકાળો પીવાળાવવા ઉપરાંત સૂકા ઉકાળાના પેકેટસનું વિતરણ કરાયું છે.

આ ઉપરાંત તા.૨૩ માર્ચથી લઈને આજદિન સુધી સવાર સાંજના પોષ્ટિક ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રોજિંદી અલગ અલગ વાનગીઓ સાથે વિશેષ કરીને બાળકો માટે દૂધ, દૂધપાક, અને દૂધની બનાવટો પીરસીને બાળકોને પૌષ્ટિક આહાર મળી રહે તેની કાળજી લેવામાં આવી રહી છે.

વેડછીના શેલ્ટર હોમ સહિત શેરડીના ખેતરોમાં કામ કરતા શ્રમિકોની વસાહતો, પગપાળા ઘર તરફ પ્રયાણ કરી જતા શ્રમજીવી પરિવારો, વાલોડની રેફરલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમના સંબંધિઓ વિગેરે જરૂરિયાતમંદોની જઠરાગ્નિને ઠારતી આ અન્નદાનની સેવા સાથે, સૂકા નાસ્તાના પેકેટસનું પણ મોટે પાયે વિતરણ કરવામાં આવી રહ્યું છે.

"લોકડાઉન" દરમિયાન જ નહી, પરંતુ બે વર્ષ અગાઉ જ્યારે 'સંવેદના'નો પાયો નંખાયો ત્યારથી જ અન્નદાન સાથે જરૂરિયાતમંદો માટે નોટબુકનું વિતરણ, તબીબી કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે 'સંવેદના' ના સ્વયંસેવકો જોડાયેલા છે તેમ જણાવતા ટ્રસ્ટના યુવા પ્રમુખ શ્રી રવિ અજયભાઈ શાહે, ૩૦ જેટલા સેવાભાવી યુવાનોના ગ્રુપ સાથે શરૂ કરેલી, 'સંવેદના'ની સેવાઓની મહેક વાલોડ સહિત આસપાસના ગામોમાં પણ પ્રસરી રહી છે, તેનો આનંદ અને સંતોષ છે તેમ એક ટેલીફોનિક મુલાકાતમાં જણાવ્યું છે. જરૂર પડ્યે જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ તન, મન, અને ધનથી ન્યોછાવર થઈ જવા પણ 'સંવેદના'ના 'વોરીયર્સ' તૈયાર છે, તેમ રવિ શાહે વધુમા જણાવ્યું હતું.

આમ, "કોરોના" ની દહેશત વચ્ચે 'લોકડાઉન'ના તમામ નિયમોનું પાલન કરીને, સોશિયલ ડિસ્ટનસિંગ અને શેલ્ફ ડીસીપ્લીન સાથે 'સંવેદના' ની આ "યુવા બ્રિગેડ" ખૂબ જ સરાહનીય કાર્ય કરી રહી છે.

અંકલેશ્વરની લુપીન કંપની દ્વારા કોરોના અંગે ૨૧ કરોડની સહાય

કોરોના સામે લડત આપવા માટે લુપીન મોટું યોગદાન

સુરત

લુપીન લિમિટેડ કંપની દ્વારા કોરોનાવાયરસની સામે મજબૂત લડત આપવા માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારને કુલ મળીને રૂપિયા ૨૧ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

લુપીન લિમિટેડ કંપની જે જે રાજ્યોમાં ઈન્ડસ્ટ્રી છે ત્યાંના કર્મચારીઓ છે એ લોકોએ રૂપિયા ૫.૫ કરોડનું અનુદાન આપ્યું છે. કર્મચારીઓ જેટલું જ અનુદાન રૂપિયા ૫.૫ કરોડ લુપીન કંપની દ્વારા આપવામાં આવ્યું છે સાથે જ લુપીન લિમિટેડના દેશબંધુ ગુપ્તા દ્વારા રૂપિયા ૧૦ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

આ અનુદાન સંદર્ભે લુપીન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ દેશબંધુ ગુપ્તા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ તમામ રાજ્યો છે જ્યાં લુપીન લિમિટેડ ઈન્ડસ્ટ્રી આવેલી છે ત્યાંના મુખ્યમંત્રીઓને રૂપિયા ૭૫ લાખ દરેક રાજ્ય માટે ફાળવવામાં આવ્યા છે. રૂ. ૨૧ કરોડનું કુલ અનુદાન કેન્દ્ર તેમજ રાજ્ય સરકારને આ મહામારીની સામે લડત આપવા માટે લુપીન લિમિટેડ દ્વારા આપવામાં આવ્યું છે. લુપીન લિમિટેડ કંપનીએ રૂ. ૨૧ કરોડ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારને ફાળવ્યા. લુપીન લિમિટેડ કંપની દ્વારા કોરોનાવાયરસની સામે મજબૂત લડત આપવા માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકારને કુલ મળીને રૂપિયા ૨૧ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

લુપીન લિમિટેડ કંપની જે જે રાજ્યોમાં ઈન્ડસ્ટ્રી છે ત્યાંના કર્મચારીઓ છે એ લોકોએ રૂપિયા ૫.૫ કરોડનું અનુદાન આપ્યું છે. કર્મચારીઓ જેટલું જ અનુદાન રૂપિયા ૫.૫ કરોડ લુપીન કંપની દ્વારા આપવામાં આવ્યું છે સાથે જ લુપીન લિમિટેડના દેશબંધુ ગુપ્તા દ્વારા રૂપિયા ૧૦ કરોડનું અનુદાન આપવામાં આવ્યું છે.

સુરતમાં લોકડાઉનના ભંગ સંદર્ભે વધુ ૨૬૯ આરોપીઓની અટકાયત

સાઈબર ક્રાઈમ એક્ટ હેઠળ વધુ ૬ ગુના નોંધાયા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા વડાપ્રધાનશ્રી દ્વારા લોકડાઉનને વધારીને ૩જીમે સુધી લંબાવવામાં આવ્યું છે ત્યારે સુરત શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્તરીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૬૯ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૨૮૮ લોકોના વાહનો જમ્પ કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૩ તથા સાયબર ક્રાઈમ હેઠળ ૦૬ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૬૩૪૧ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી ફરતા ૧૧૨૯૮ જેટલા વાહનો જમ્પ કરવામાં આવ્યા છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવે છે.

તાપી જિલ્લા વહીવટી તંત્રને બે સેનેટાઈઝનિગ એન્ટ્રીગેટ મળ્યા

સાર્વજનિક ઉપયોગમાં લેવા માટે નગરપાલિકાઓને સોંપાશે – કલેક્ટર શ્રી આર.જે.હાલાણી

વ્યારા

"કોરોના"ની દહેશત વચ્ચે પ્રજાજનોના સ્વાસ્થ્ય સુરક્ષા માટે તાપી જિલ્લા વહીવટી તંત્રને વધુ બે સેનેટાઈઝનિગ એન્ટ્રી ગેટ મળ્યા છે. નિઝરના રેતીના વેપારી શ્રી રસિકભાઈ કિકાણિ અને શ્રી હરેશભાઈ ચોવટીયાના સહયોગથી જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીને અર્પણ કરેલા આ સેનેટાઈઝનિગ ગેટ, જાહેર જનતાના ઉપયોગ અર્થે વ્યારા તથા સોનગઢ નગરપાલિકાને અર્પણ કરાશે, એમ કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતું. સેવાભાવી વ્યક્તિઓના સહયોગથી "લોકડાઉન" જેવી સ્થિતિમાં જીલ્લામાં ઘણીસેવાપ્રવૃત્તિઓ ચાલી રહી છે, જે સરાહનીય છે તેમ પણ શ્રી હાલાણીએ વધુમાં જણાવ્યુ છે. આજે જિલ્લા પ્રશાસનને અર્પણ થયેલા બે સેનેટાઈઝનિગ એન્ટ્રી ગેટના દાતાઓ સાથે જુદી જુદી સેવા પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વ્યારાના શ્રી અલ્પેશ દવેનો પણ સહયોગ સાંપડ્યો છે.

સુરતના કતારગામમાં હીરાના કારખાનામાં લાગેલી આગ પર મેળવાયો કાબૂ

સુરત

કતારગામ વિસ્તારમાં આવેલી જયરામ મોરાની વાડીમાં હીરાના કારખાનામાં અચાનક આગ ફાટી નીકળી હતી. ચોથા માળે બનાવવામાં આવેલા કારખાનામાં આગ લાગતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. કારખાનું બંધ હોવાથી કોઈ જાનહાનિ અને નુકસાન થયું નથી.

દક્ષિણ ગુજરાતમાં કાળઝાળ ગરમી: લોકો પર સર્વે રેબઝેબ

ઉંચા તાપમાનના કારણે લોકોમાં અકળામણ

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં દિવસ દરમ્યાન આકરો તાપ બાદ રાત્રે પણ ભારે બેચેનીનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. દિવસમાં ધમધોખતા તાપ બાદ રાત્રિના ન્યુનતમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારથીજ અસહય ઉકળાટ અને બફારો અનુભવાઈ રહ્યો છે. ગત રોજ અધિકતમ તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયુ હતુ. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયુ . નવસારી હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ અધિકતમ તાપમાનનો પારો ૪૨.૦ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૧.૫ ડિગ્રી નોંધાયુ છે. આજે સવારથી પવનની ગતિ વધી છે. સુસવાટાભેર દરિયાઇ ભેજવાળો પવન ફુંકાવાની સાથે બપોરે આકરો તાપસ અનુભવાઈ રહ્યો છે. આગામી દિવસોમાં ગરમી વધે તેવી શકયતા છે.

એપ્રિલ મહિનાના ત્રીજા સપ્તાહની શરૂઆત સાથેજ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગરમી વધી છે. સમગ્ર રાજ્યમાં અનુળાની ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે સવારથી દરિયાઈ ભેજવાળો પવન ફુંકાઈ રહ્યો છે. સાંજ સુધી ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહે તેવી શકયતા છે.

લોકડાઉનઃ વાપીમાંથી ૩૦ કિલો માંસ સાથે પોલીસે એક નબીરો ઝડપ્યો

વલસાડ

વાપીના કંચન નગર ખાતેથી પોલીસને મળેલી બાતમીના આધારે રેડ પાડી ૩૦ કિલો કથિત ગૌમાંસનો જથ્થો ઝડપી પાડયો હતો. માસનું વેચાણ કરનારી મહિલાએ પોલીસને સહકાર નહીં આપતા સ્થાનિક વેટરનરી ડોક્ટરનો સંપર્ક કરી પરિક્ષણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વાપી ટાઉનના કંચન નગર ખાતે આવેલી એક બેકરીની આગળના મકાનમાં રહેતા સમીમ મજીદ ખાન પઠાણના ઘરમાં છેલ્લા ઘણા સમયથી ગૌમાંસનું વેચાણ કરાઇ રહ્યું છે એવી બાતમી વાપી ટાઉન પોલીસને મળી હતી.

જેના આધારે વાપી ટાઉન પોલીસે બાતમીના સ્થળે તપાસ હાથ ધરતા સમીમ યાકુબ મજીદ ખાન પઠાણના ઘરના આગળના રૂમમાંથી ૩૦ કિલો કથિત ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે પોલીસ દ્વારા તેની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.તેમ છતાં મકાનમાલિક સમીમ પઠાણ દ્વારા પોલીસને આ માંસ કયા પ્રાણીનું છે તે અંગે નહીં જણાવતાં પોલીસે માંસના જથ્થાનો કબ્જો લઇ સ્થાનિક વેટરનરી ડોક્ટરનો સંપર્ક કરી પરિક્ષણ કરવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં વાપી ટાઉન પોલીસ મથક દ્વારા સમીમ મજીદ ખાન પઠાણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતની હૉસ્પિટલનાં સ્ટાફની મોટી બેદરકારી

ક્વૉરન્ટાઈન કરાયેલો સ્ટાફ તપાસ કરાયા વગર ડાંગ જતા પકડતાનોંધાયો ગુનો



સુરત

હાલ આખા રાજયમાં કોરોનાનો કહેર વ્યાપી રહ્યો છે ત્યારે નાની બેદરકારી મોટું જોખમ નોતરી શકે છે. આજે આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. સુરતની રહેમિયા સાર્વજનિક હૉસ્પિટલની એમ્બ્યુલન્સમાં તેમના જ ક્વૉરન્ટાઈન કરેલા સ્ટાફને લઈને ડાંગ જઈ રહ્યા હતા. તેમની પાસે જવાની કોઈ જ પરવાનગી ન હતી. જેથી ડાંગ સુબિર પોલીસે એમ્બ્યુલન્સની અટકાવીને અંદર બેઠેલા ૧૪ લોકોની અટકાયત કરી છે. આ ઉપરાંત અન્ય ૪ લોકોની શોધખોળ ચાલી રહી છે. ડાંગ સુબિર પોલીસે આ અંગે હૉસ્પિટલ સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, સુરતની રહેમિયા સાર્વજનિક હૉસ્પિટલની એક નર્સને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. જેના કારણે આખી હૉસ્પિટલનાં સ્ટાફને ક્વૉરન્ટાઈન કરવામાં આવ્યાં હતાં. આ લોકોને આજે ક્વૉરન્ટાઈનાં ૧૪ દિવસ થઈ ગયા હતાં જેના કારણે તેઓ પોતાના સહકર્મીઓને મુકવા માટે ડાંગ જઈ રહ્યાં હતાં.

પરંતુ તેમણે કોરોનાનો કોઈ જ ટેસ્ટ કરાવ્યો ન હતો. સામાન્ય રીતે ક્વૉરન્ટાઈનનાં ૧૪ દિવસ પછી કોરોનાનો કેસ કઢાવવાનો હોય છે. જો એ નેગેટિવ આવે તો જ તમે સુરક્ષિત છો તેમ માનવામાં આવે છે. પરંતુ આ લોકોએ આવો કોઈ જ કેસ કરાવ્યો ન હતો અને ડાંગમાં જઈ રહ્યાં હતાં.નોંધનીય છે કે, ડાંગ જિલ્લામાં અત્યાર સુધી એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. જેથી પોલીસે આ લોકોની બેદરકારી સામે તકેદારીનાં ભાગ રૂપે તેમની એમ્બ્યુલન્સને અટકાવીને તમામ લોકોની ચકાસણી કરાઈ હતી.

નવસારીમાં કુલ ૨૯૫ લોકોના તપાસ રિપોર્ટ નેગેટિવ આવ્યાં

નવસારી

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાઈરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશસ્તિ પારીકના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહયાંછે. કોરોના (કોવિદ૧૯) અંતર્ગત જિલ્લામાં એકપણ કેસ પોઝીટીવ આવેલ ન હોવાનું તેમજ જિલ્લામાં અત્યારસુધીમાં સીઝનલફલુ/કોરોનાના ૨૯૫ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. ૧૩ રિપોર્ટ બાકી હોવાનું જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ.ભાવસારની યાદીમાં જણાવાયું છે.

ઈડિયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ સુરત, લોકદ્રષ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ અને સક્ષમ ગ્રુપ સુરત દ્વારા ઝૂંપડપટ્ટી વિસ્તારને જંતુમુક્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી



આજ રોજ ઈડિયન રેડ ક્રોસ સોસાયટી ચોર્યાસી તાલુકા બ્રાન્ચ સુરત અને લોકદ્રષ્ટિ ચેરિટેબલ ટ્રસ્ટ અને સક્ષમ ગુપ સુરત દ્વારા સુરત શહેરના અશ્વિનીકુમાર રોડ ખાતે અશોકનગર, ઉત્કલનગર ઝુંપડપટ્ટી વિસ્તારને જંતુમુક્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. આ વિસ્તારમાં અંદાજે ૧૫૦૦ જેટલા ઘરોમાં આશરે ૨૦૦૦૦ જેટલા લોકો રહે છે. આ વિસ્તારમાં મોટેભાગે ઓરિસ્સાવાસી લોકો ખૂબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. તેમજ તેઓ સુરતમાં ટેક્ષટાઈલ ઔધોગિક પાવરલુમ્સ એકમોમાં મજૂરી કરે છે. આ વિસ્તારમાં સંસ્થાના પ્રમુખ ડો. પ્રફુલભાઈ શિરોયા દ્વારા સ્પે પમ્પિંગ કરી સૌ સ્વસેવકોને પ્રેરિત કર્યા હતા. તેમની પ્રેરણા અને આગેવાની માં સંસ્થાના મંત્રી ડો. જગદીશભાઈ ચાવડા, ડાયરેક્ટર શ્રી નિલેષભાઈ વેજપરા, સ્વયંસેવકો હિરેનભાઈ ગજેરા,રાજેશ મેર, રાજ કિશોર બહેરા, ઈશ્વર બહેરા, કિશોર પટેલ, અશોકા બાડતીયા, જતિદ્રના થલંકા, ઉગ્રેસન પ્રધાન દ્વારા સમગ્ર વિસ્તારને જંતુમુક્ત કરવા માટે આશરે ૧૫૦ લિટર જેટલું જંતુનાશક દવા મિશ્રિત પ્રવાહી દ્વરા હેન્ડ પંપનો ઉપોયોગ કરીને જંતુમુક્ત કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સાથે સાથે સોસિયલ ડિસ્ટન્સિગની સંપૂર્ણ કાળજી સાથે વિસ્તારમાં રહેતા લોકોને જાગૃત કરતાં ડો. પ્રલભાઈ શિરોયા એ કોવિડ ૨૦૧૯ રોગની ગંભીરતા અને લોકડા ઉનનું મહત્વ વિષે જાણકારી આપી હતી. તેમજ રોગથી બચવા માટે જરૂરી શું શું પગલાં લેવા જોઈએ તે બાબતે પણ સમજાવવામાં આવ્યું હતું.

ડેડીયાપાડા ના માથાવલી ગામની સીમમાં સગીરાને એકલી જોઈ બળાત્કાર નો પ્રયાસ:સગીરા એ બુમાબુમ કરતા યુવાન નાસી છૂટ્યો

સગીર વયની દીકરી ખેતરમાં ઝાડ નીચે બેસી આરામ કરતી હતી ત્યારે એકલતાનો લાભ લઈ યુવાન તેને ખેતર નજીક આવેલ નદી તરફ ખેંચી અપહરણ કરી લઈ ગયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના માથાવલી ગામની સીમમાં સગીરાને એકલી જોઈ મોજડી ગામના યુવાને બળાત્કાર નો પ્રયાસ કરતા સગીરા એ બુમાબુમ કરતા યુવાન ભાગ્યો ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ડેડીયાપાડા તાલુકાના એક ગામની સગીર વયની દીકરી



ખેતરમાં ઝાડ નીચે બેસી આરામ કરતી હતી તે વખતે મોજડી ગામનો ઉમેશ રાયસીગ વસાવા તેને એકલી જોઈ પાછળથી પકડી જબરજસ્તી તેના ખેતરથી નજીક આવેલ નદી તરફ બદકામ કરવાના ઈરાદે ખેંચી અપહરણ કરી લઈ ગયો તે સમયે સગીરા પ્રતિકાર કરી હાથ છોડાવવા જતા ઉમેશે તેનો હાથ મચેળી નાંખતા બાળકી એ હાથ છોડાવી બુમાબુમ કરતા ઉમેશે આ વાત કોઈને કરીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી ત્યાંથી નાસી જઈ સગીરા સાથે બળાત્કાર કરવાની કોશિશ કરતા આ બાબતે સગીરા એ ડેડીયાપાડા પો.સ્ટે. માં ઉમેશ સામે ફરિયાદ કરતા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી હતી.

સુરત રેડ ઝોન રાંદેરમાં લોકડાઉનનો સરેઆમ ભંગ.? નાસ્તાની લારીઓ થઈ ચાલુ

સુરત

કોરોના વાયરસને લઈને ભારતભરમાં ૩જી મે સુધી લોક ડાઉન છે. સુરતમાં રાંદેર વિસ્તારમાં કેસો સામે આવતા રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. આ બધા વચ્ચે રાંદેરમાં નાસ્તાની લારી ચાલુ હોવાનો અને ત્યાં લોકોની ભીડ હોવાનો એક વીડિયો સોશિયલલ મીડિયામાં વાયરલ થયો છે.

રાંદેરમાં નાસ્તાની લારી ચાલુ છે અને ત્યાં લોકોની ભારે ભીડ છે વીડિયોમાં સોશિયલ ડીસટન્સ ન જળવાતું હોય અને માસ્ક વગર લોકો ફરી રહ્યા છે અને નાસ્તો કરી રહ્યા છે. આ વીડિયો સુરતના રાંદેર સ્થિત ગોરાટ વિસ્તારનો હોવાની ચર્ચા છે. સોશિયલ મીડિયામાં આ વીડિયો વાયરલ થતા ભારે ચર્ચાઓ શરુ થઈ છે. મહત્વની વાત એ છે કે,

સુરતના રાંદેર વિસ્તારને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યું છે. અહીં લોકોને ઘરની બહાર ન નીકળવા સુચના આપી દેવામાં આવી છે તેમ છતાં આ નાસ્તાની લારી કેવી રીતે ચાલુ છે તે એક મોટો સવાલ છે. આ વીડિયો વાયરલ થતા તંત્ર દોડતું થયું છે અને આગામી સમયમાં આ આ મામલે તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા છે.

કોરોના વાયરસ અંગે હેલ્પ લાઈનની સેવા

નવસારી

પ્રવર્તમાન નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની વૈશ્વિક મહામારીનાં કારણે રાજ્યમાં કોરોના વાયરસનાં ચેપગ્રસ્ત દરદીઓ અને તેના કુટુંબીજનોતેમજ તેમના સંપર્કમાં આવેલી વ્યક્તિઓને આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હોઈ તેવા સંજોગોમાં આવા વ્યક્તિઓને શારિરીક તેમજ માનસિક સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓનાં નિવારણ માટે રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન સેવા જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ કઠવાડા-અમદાવાદ ખાતેશરૂ કરવામાંઆવી છે. આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવેલ લાભાર્થી દરદીઓને ૨૪થ૭ સતત ૨૪ કલાક માટેએમ.બી.બી.એસ, એમ.ડી.ફિઝિશિયન, ક્લીનીકલ સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાંત તબીબ દ્વારા ટેલી મેડીસીન, ટેલી કાઉન્સેલિંગ (પરામર્શ) અને ટેલી એડવાઈઝ આપવામાંઆવેછે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

નર્મદા કલેક્ટરની અપીલને રક્તદાતાઓનો ભારે પ્રતિસાદ: તિલકવાડા તાલુકામાં રક્તદાન કેમ્પમાં ૪૦ યુનિટી રક્ત એકત્રિત થયું

તિલકવાડાના જલોદરા ગામમાં રક્તદાન કેમ્પ ગોઠવતા ૪૦ યુનિટી રક્ત યુવાનો દ્વારા એકત્રિત કરવામાં આવ્યું: જિલ્લા મેજિસ્ટ્રેટ એન.કે.નાયરે પ્રથમ રક્તદાન કરી યુવાનોને પ્રોત્સાહીત કર્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીએ કોરોના ની પરિસ્થિતિ ને લઈ રેડ ક્રોસ, રાજપીપળા માટે રક્તદાતાઓ ને રક્તદાન કરવાની જાહેર અપીલ કરતા રક્તદાતાઓ તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

ઈન્ડિયન રેડ કરોડ સોસાયટી,રાજપીપળા શાખા દ્વારા લોકડાઉન ની સ્થિતિ માં લોહીનો જથ્થો ખૂટી જતા તિલકવાડાના તાલુકાના જલોદરા ગામે રક્તદાન કેમ્પ ગોઠવતા ગામના યુવાનો દ્વારા ૪૦ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું છે.આ અપીલની જાણ જિલ્લા મેજિસ્ટ્રેટ એન.કે.નાયરને થતા જલોદરા ગામે પહોંચી તેઓએ પ્રથમ રક્તદાન કરી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.ગામના સરપંચ મહેન્દ્રભાઈ,પ્રદીપસિંહ બોડાણા જયેંદ્રસિંહ માટેડા,યુવક મંડળના પ્રમુખ રાજેન્દ્રસિંહ ડોડીયા અને તેમના ગ્રૂપે રક્તદાન કર્યું હતું.તેમજ રેડક્રોસ વતી ડો. જે.એમ.જાદવ,ટ્રસ્ટી સભ્ય ભરતભાઈ વ્યાસ,હેતલ ચૌહાણ,મિત્તલ પંચોલી એ સેવા આપી હતી.બાર એસો. ના પ્રમુખ કુ.વંદનાબેન ભટ્ટ,સરકારી વકીલ પ્રવીણભાઈ પરમાર,સેક્રેટરી બળવંતભાઈ વસાવા એ હાજર રહી પ્રેરણા પુરી પાડી હતી.આ કેમ્પ માં સોસીયલ ડિસ્ટન્સ પણ જળવાયું હતું અને સમગ્ર હોલ પણ સેનેટાઈઝ કરવામાં આવ્યો હતો.આવનાર સમયમાં તિલકવાડા અને દેવલિયા ખાતે રક્તદાન કેમ્પ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.સાઈ માનવ સેવા ટ્રસ્ટ ના પ્રમુખ જનકભાઈ મોદી એ રક્તદાન કરવા બદલ સૌ યુવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

રાજપીપળા સહીત નર્મદા જીલ્લામા કોરોના પોઝીટીવ ના નવા ૭ કેસ ઉમેરાતા કુલ સંખ્યા ૯ પર પહોંચી, દર્દીઓ ની સંખ્યા મા એકાએક વધારો નોંધાતા ગભરાટ









આજે જોવા મળેલા ૭ નવા કેસમાં ૨ રાજપીપળા શહેરના હોય લોકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે

● નવા ૭ કેસ માં એક આરોગ્ય વિભાના ડ્રાઈવર અને એક આરોગ્ય વિભાગની મહિલા હેલ્થ ઓફિસર પણ હોય અન્ય સાથી કર્મચારીઓ માં ફફડાટ : આરોગ્ય વિભાગ માટે હવે કપરાં ચઢાણ કહી શકાય

● કલેક્ટરની સૂચના પહેલાજ પોતાની સેફટી માટે શેરી, સોસાયટીઓ ના રહીશો દ્વારા પ્રવેશદ્વારો ઉપર સેલ્ફ બેરીકેટીંગ કરાયુ.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

છેલ્લા ૨૨ દિવસ થી કોરોના વાયરસ ને હાથતાળી આપ્યા બાદ ગઈકાલે તા.૧૫ એપ્રિલ ના રોજ લોકડાઉન ના બિજા તબક્કા ના પ્રથમ પગથિયે જ ૨ પોઝીટીવ કેસો સામે આવતાં જ નર્મદા જીલ્લામા ખળભળાટ વ્યાપી ગયો હતો, અને આજે બીજા દિવસે વધુ ૭ કેસો પોઝીટીવ નિકળતાં જ સન્નાટો છવાઈ ગયો હતો.રાજપીપળા સહિત સમગ્ર જિલ્લાના લોકોમાં ગભરાટ જોવા મળી રહ્યો છે.

ગ્રીન ઝોન મા રહેલા નર્મદા જીલ્લા મા જોત જોતામાં ૯ કેસ થઈ જતાં આરોગ્ય વિભાગ અને નર્મદા જીલ્લાની પ્રજા ડઘાઈ ગઈ છે, ચિંતા ઉપજાવે તેવી બાબત એ છે કે મળી આવેલ પોઝીટીવ કેસ પૈકી ના મોટાભાગના કેસો અંતરીયાળ ગામ તેમજ ગામડાઓના છે, અને તેઓની ટ્રાવેલ હિસ્ટ્રી ગુજરાત ના ઔધોગિક શહેરો તરફ ની જણાઈ આવી છે.

લોકડાઉન ના પ્રથમ તબક્કામાં શહેરી વિસ્તારો તરફ થી રઘવાયા બનીને કોઈપણ ભોગે પોતાના વતન પહોંચી જવાની લાહ્યા મા ચાલતા જ પોતાના ગામો તરફ નિકળી આવેલા શ્રમિકો માથી જો કોઈ કોરોના પોઝીટીવ હશે તો વાયરસ ગામડાઓ સુધી પહોંચી જશે અને ત્યાર બાદ પોઝીટીવ કેસો નો વિસ્ફોટ થશે એ આશંકા હવે વધુ પ્રબળ બનતી જાય છે.

હાલ આરોગ્ય તંત્ર ની સાથે પોલીસ વિભાગ દ્વારા વિવિધ ટીમો બનાવીને પોઝીટીવ દર્દીઓના સંપર્કમા આવેલા તમામની હીસ્ટ્રી તપાસી ને તેમને કોરોંટાઈન કરવાની કામગીરી ને ઝડપી બનાવવા મા આવી રહી છે, આશા રાખીએ કે આરોગ્ય વિભાગ જલ્દી પરિસ્થિતિ ને કાબુ કરવામા સફળ થાય.

૧૫ મી એપ્રિલે ૨ કોરોના પોઝિટિવ કેસ બાદ ૧૬ મીએ વહેલી સવારે નર્મદા જીલ્લાના અન્ય ૭ કેસ કોરોના પોઝિટિવ આવતા તંત્રમાં હડકંપ મચ્યો છે.જો કે વહેલી સવારે એ તમામે તમામ ૭ દર્દીઓને રાજપીપળા આયુર્વેદિક કોલેજની COVID:19 હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.નવા ૭ જાહેર થયેલા દર્દીઓમાં મેઘના ગુરુદત્ત દવે (ઉ.વ.૨૯ રહે.વાઘેથા), મહેન્દ્રસિંહ સત્યનારાયણસિંહ રાઉલજી (ઉ.વ.૪૮, રહે.રાજપીપળા રાજપૂત ફળિયા), સતીશ ભાઈ મંગાભાઈ વસાવા (ઉ.વ.૪૯ રહે.કુંવરપુરા), રંજન બેન દેવેન્દ્રભાઈ તડવી (ઉ.વ.૫૮ રહે.કોલીવાડ રાજપીપળા)જેઠીયા મૂજાભાઈ વસાવા (ઉ.વ ૩૫ રહે. ડેડીયાપાડા), શકુંતલાબેન નારસિંગ વસાવા (ઉ.વ ૩૦ રહે.ભૂતબેડા), એહમદ અબ્બાસ મલેક (ઉ.વ ૬૦ રેહ. સેલંબા,સાગબારા)નો સમાવેશ થાય છે.

નવા નોંધાયેલા ૭ કેસોમાં ૪ દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે એ મુજબ નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગના ક્ષય કેન્દ્રમાં ડ્રાયવર તરીકે કાર્યરત કર્મચારી રાજપીપળાના મહેન્દ્રસિંહ રાઉલજીનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યો છે.જ્યારે વાઘેથા ગામના મેઘના ગુરુદત્ત દવે સિસોદરા PHC માં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO) તરીકે કાર્યરતનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે.આ બંને આરોગ્યના કર્મચારીઓ હોય તેમના સહ કર્મચારીઓ માં પણ હાલ ફફડાટ ફેલાયેલો જોવા મળી રહ્યો છે.હજુ આ આંકડો ક્યાં પહોંચશે એ કહેવું હાલ મુશ્કેલ છે પરંતુ હજુ લોકો એ જાગૃત થવું પડશે.

ભરૂચનું ભોળાવ ગામ લોકડાઉન કરી સીલ કરાયું



ભરૂચમાં વધી રહેલા કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ધ્યાને લઈ કલેકટર ભરૂચના જાહેરનામા અનુસંધાને આજરોજ ભોળાવ ગામ સીલ કરાયું હતું ટુક સમયમાજ ગામને સેનેતાઈઝ કરવામાં આવશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળે છે જોકે ગત દિવસોમા કોરોનાનો એક સંદિગ્ધ વ્યક્તિ તપાસ માટે ન્હોલાવ ગામમાંથી લાઈ જવાયો હતો જેના પગલે તકેદારીના પગલાં ગામલોકોએ આવકાર્ય છે.

ગૌવંશ ની કતલ કરતા તથા ગૌવંશની ગાયો તથા વાછરડા નંગ-૧૦નો જીવ બચાવવા વેડચ પોલીસે સાત વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાં એ હાલમાં નીવેલ કીરીના વાયરસ (COVID-I9) નો ફેલાવો અટકાવવા કરેલ જાહેરનામાનો ચુસ્ત અમલ તથા પાલન કરાવવાની સુચના કરેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક એ.જી.ગોહિલ જંબુસર વિભાગ તથા એસ.એસ.રાઠોડ CP જબુસર ના માર્ગદર્શન હેઠળ મળેલ માહિતી આધારે સારોદ તળપદ ખરી ઉપર ગૌવંશની જાહેરમાં ગે.કા. રીતે કોઈપણ આધાર પુરાવા વિના ગૌવંશની ગાયો નંગ-૦૨ ની પોતાના આર્થિક ફાયદા સારૂ અને વેચાણ કરવાના તથા આરોગવાના ઈરાદે કતલ કરી ગુનો કરેલ જે ૩ આરોપીઓ પૈકી ૦૫ આરોપીઓને સ્થળ ઉપર પકડી પાડી તથા ૦૨ આરોપીઓ નાસી ગયેલ હોય તથા બીજા ૧૪ ગૌવંશ કતલ કરવાના ઈરાદે ખોપી રાખેલ જેઓની કતલ થતી અટકાવી પાંજરા પોળ ખાતે મોકલી આપેલ અને ઉપરોક્ત ગુનો કરનાર તમામ આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

આરોપીઓના નામ નીચે મુજબ છે.

(૧) યાસીન યાકુબ મહમદ જાતે ડોગ ઉં,વ.૩૬ રહે. સારોદ, તળપદમાં ખરી ઉપર તા.જંબુસર જી.ભરૂચ(૨) આશીફ અબ્દુલ્લા ઈસ્માઈલ જાતે ઉસ્તાદ ઉં,વ ૧૨ રહે, સારોદ, ભટાખડકી તો, જબુમર જી.ભરૂચ(૩) સલીમ અલી યુસુફ જાતે હિંયા રહે, સારોદ, ભટાખડ કી તા, જંબુસર જી.ભરૂચ,(છ દોહબાજ યુમ મહમદ જાતે પટેલ રહે.માછીવાડ,જબુસર જી.ભય(૫) જહીર અકબર મહમદ યા જાતે દિવાન રહે. સારોદ, ખરી ઉપર તો જબુસર જી.ભરૂચ તથા નાશી જનાર ઈસમો (૬) સિરાજ યુસુફ ફા રહે.મોદ, પાછીવાડ તા. જંબુસર જી. ભરૂચ (૭ સોયેબ અબ્બાસ ફિંયા રહે. સારોદ તળપદ સુલતાનનગર તા. જંબુસર જી. ભરૂચ

સુરતમાં કોરોના બેકાબૂ: ૫ વિસ્તારોમાં કરફ્યૂ લાગુ

સુરત

અમદાવાદ આજે કોરોનાના કેસોની સંખ્યામાં સતત વધારો થતાં ગુજરાત સરકારે સુરતમાં ૫ વિસ્તારમાં કરફ્યું લાદવાનો નિર્ણય લીધો છે. જેમાં લાલગેટ, અઠવા લાઈન્સ, લિંબાયત, સલાબત પુરા અને મહિધરપુરા વિસ્તારમાં કરફ્યું લાદવાનો નિર્ણય લીધો છે. આરોગ્ય વિભાગ હોટસ્પોટ નક્કી કર્યા છે. આ વિસ્તારમાં કડક અમલ કરવાનો સરકારે નિર્ણય લીધો છે. સુરતમાં ૫ વિસ્તારમાં ગુરુવાર મધ્યરાત્રિથી ૨૨મી એપ્રિલ સુધી કરફ્યુંનો અમલ કરવાનો સરકારે નિર્ણય લીધો છે. સુરતમાં છેલ્લાં ૨ દિવસથી સતત કોરોનાના કેસો વધી રહ્યાં છે.

સુરતમાં કોરોના પોઝિટીવ કેસની સંખ્યા વધતા ભયનો માહોલ ફેલાઈ રહ્યો છે. ખાસ પુણા વિસ્તારમાં પોઝિટીવ કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે..જેથી પાલિકા તંત્ર પણ હવે હરકતમાં આવી ગયું છે. તંત્ર દ્વારા કોરોના પોઝિટીવ વિસ્તારોને માસ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જેમાં ખાસ તો લિંબાયત વિસ્તાર અને સૈયદપુરા વિસ્તારમાં કોરોનાના કેસ વધુ નોંધાયા છે.જેથી ત્યા બહાર બોર્ડ મારી દેવામાં આવ્યા છે કે બિનજરૂરી કોઈ પણ ઘરની બહાર ન નીકળે અને આ વિસ્તારોમાં પોલીસ સહિત સીઆઈએસએફના જવાનોને પણ તૈનાત કરી દેવામાં આવ્યા છે.

સુરતના રાંદેર વિસ્તારને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો છે તેમ છતા લોકો અહિયા જરા પણ ગંભીર નથી દેખાઈ રહ્યા. અહીયા લોકોએ રાંદેરની આલુપુરી અને ખવ્સા ખાવા માટે લાઈનો લગાવી હતી અને મોઢા પર કોઈએ પણ માસ્ક નહોતું પહેર્યું કે ન તો સોશિયલ ડિસટન્સ રાખ્યું હતું. અહીયાના લોકો બેદરકાર છે. આ દ્રશ્યો ગોરાટ વિસ્તારમાં આવેલ રોયલ હેરિટેજ બિલ્ડીંગ સામેના છે અને ચોકાવનારી વાત તો એ છે કે અહીયાથી તાડવાડી પોલીસ ચોકી માત્ર ૧૦૦ મીટર દૂર છે. તેમ છતા લોકો અહીયા વગર ડરે ખાવા માટે લાઈન લગાવી રહ્યા છે.

લોકડાઉનને પગલે સુરત પોલીસ જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં કામ સિવાય વાહનો લઈને ઘરની બહાર નીકળતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. ટુચકી વાહન પર માત્ર એક વ્યક્તિએ જ મુસાફરી કરવાની રહેશે. જ્યારે ફોર વ્હીલર માટે આગળની સીટ પર એક અને પાછળની સીટ પર એક જ વ્યક્તિ બેસી મુસાફરી કરી શકશે. જાહેરનામાના ભંગ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ જાહેરનામાં માંથી પોલીસ, એમ્બ્યુલન્સ સહિત મેડિકલ સેવાના વાહનોને મુક્તિ આપવામાં આવી છે પરંતું આ સિવાયના વાહન ચાલકો જો તેનો ભંગ કરશે તો તેઓ સામે વાહન ડિટેઈનની સાથે કડક કાર્યવાહી પણ કરવામાં આવશે.

સુરતમાં ૧૨ કલાકમાં નોંધાયા ૩૫ કેસ, કુલ પના મોત અને ૯ લોકો ડીસ્ચાર્જ

સુરત

અમદાવાદ, વડોદરા બાદ સુરતની હાલત પણ કફોડી થઈ છે. કોન્ટેક્ટ ટ્રાન્સમિશનને પગલે સુરતમાં લોકલ ટ્રાન્સમિશનના જ કેસ સામે આવી રહ્યા છે સાથે સાથે કોરોનાને કારણે થઈ રહેલા મોતનો આંકડો પણ ડરામણો છે. ક્લસ્ટર કરાયેલા વિસ્તારમાંથી પરીવારના પરીવાર પોઝિટિવ નીકળતા તંત્ર દોડતુ થઈ ગયુ છે.

સુરતના માનદરવાજા, કતારગામમાં નવા કેસ નોંધાયા છે. મીઠી ખાડી, ઉમરવાડા અને રૂસ્તમપુરામાં પણ કેસ નોંધાયા છે. સુરતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૮૬ થયા છે. સુરતમાં જે લોકોમાં તાવ કે શરદી અથવા બીજા સામાન્ય લક્ષણો નહતો દેખાતા તેવા લોકોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા છે જેને સાઈલેન્ટ કેરિયર કહે છે. સુરતમાં કોન્ટેક્ટ ટ્રાન્સમિશનનો તબક્કો શરૂ થઈ ગયો છે. એટલે કે કોરોનાના દર્દીના સંપર્કમાં આવવાથી અથવા સંપર્કમાં આવેલા માણસના સંપર્કમાં આવવાથી આ રોગ ફેલાય છે.

અમદાવાદ બાદ હવે સુરતમાં કર્ફ્યૂ લગાવવામાં આવે તેને લઈને પોલીસ દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. શહેરના ૪ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યૂ અંગે વિચારણા ચાલી રહી છે. સુરતમાં કોરોનાના કેસમાં વધારો થતા પોલીસ કમિશનર કર્ફ્યૂ લગાવી શકે છે. ચોક, લાલગેટ, સલાબતપુરા, મહિધરપુરા પોલીસ સ્ટેશનને આવરી લેવાશે. આજે ઉચ્ચ અધિકારીઓ વિસ્તારની સ્થિતિનો તાગ મેળવશે. તાગ મેળવ્યા બાદ આજે સાંજ સુધીમાં પોલીસ કમિશનર દ્વારા નિર્ણય કરાશે.

સુરતમાં તબલીગી જમાતને લઈ પોસ્ટ કરનાર શખ્સની કરાઈ ધરપકડ

સુરત

દેશમાં સોશિયલ મીડિયામાં લોકો પોસ્ટ શેર કરીને ધર્મો વચ્ચે દુશમનાવટ સર્જાય તેવી હરકત કરે છે. આવા લોકો સામે સાઈબર ક્રાઈમ એલર્ટ થઈ ગયું છે. ત્યારે કોરોના વાયરસના ફેલાવા માટે તબલીગી જમાતનાં લોકો જવાબદાર હોવાની જુદીજુદી ચાર પોસ્ટ ૧૦ દિવસનાં સમયગાળામાં ફેસબૂક પર મુકનાર વિનોદ કાકડીયા વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે. કોરોના વાયરસને લઈને સરકાર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યું છે,

ત્યારે જે રીતે કોરોનાનાં કેસ વધી રહ્યાં છે ત્યારે કેટલાક લોકો સોશિયલ મીડિયામાં ગમે તેવી પોસ્ટ મુકીને દેશનું વાતાવરણ બગાડવા માંગે છે ત્યારે આવા લોકો પર સાઈબર ક્રાઈમ પોલીસ સોશિયલ મીડિયા પર સતત નજર રાખી રહ્યું છે. કોરોના વાયરસને લીધે સર્જાયેલી કટોકટીની સ્થિતિમાં સોશિયલ મીડિયા દ્વારા અફવા કે ઉશ્કેરણીજનક વાતો ફેલાવનારાઓ વિરુદ્ધ વોચ રાખી રાખવામાં આવી રહી છે. સુરત સાઈબર ક્રાઈમ પોલીસનાં ધ્યાન પર આવ્યુ હતું કે, ફેસબુક ઉપર મૂળ પાટણા ગામ તાલુકો,

વલ્લભીપુર જિલ્લો, ભાવનગરઅને હાલમાં સુરતમાં રહેતો વિનોદ કાકડીયા નામના વ્યક્તિની પોસ્ટ જોઈ તો તેમાં ગત ૨ એપ્રિલની સવારથી ૧૧ એપ્રિલની સવાર દરમિયાન ગુજરાતીમાં ચાર પોસ્ટ એવી લખવામાં આવી હતી જેનો અર્થ એવો થતો હતો કે ભારતમાં કોરોના વાયરસના ફેલાવા માટે તબલીગી જમાતનાં લોકો જવાબદાર છે. તલબીગી જમાતનાં લોકો શાકભાજી અને ફ્રૂટ વેચી કોરોના ફેલાવી રહ્યાં છે. તેમનાથી બચો અને જો તેઓ નજરે ચઢે તો ૧૦૦ નંબર ઉપર પોલીસને જાણ કરો. ફેસબુક યુઝર વિનોદ ગણેશભાઈ કાકડીયા વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી હતી.